॥ नमः श्रीसागरानन्दसूरये ॥

દેવદ્રવ્ય પર શાસ્ત્રીય પ્રમાણોનું

સર્ચલાઇટ.

—: અથવા :—

શાસ્ત્રાધારે-દેવદ્રવ્યવિચાર.

લેખક—

મુનિ આણંદવિજય.

પ્રકાશક—

પુરૂષોત્તમદાસ જયમલ મહેતા.

કીંમત—તત્વગ્રાહીઓને

"ભેટ."

શંભુ પ્રીન્ટીંગ પ્રેસ—પાલીતાણા.

अर्हम् ।

દેવદ્રવ્ય પર શાસ્ત્રીય પ્રમાણોનું

સર્ચલાઇટ.

(શ્રીમાન્ સાગરાનંદસૂરિજીના આ લેખમાંના વિચારો સુસંબદ્ધ આકારમાં બ્હાર મૂકવાનું મને જે માન મળે છે તે માટે હું મને પોતાને ભાગ્યશાળી માનું છું અને આ લેખનું સઘળું માન હું તેમને-જ સમર્પું છું.)

(લેખક—આણંદવિજય.)

પૂર્વાનુવૃત્તિ.

દેવદ્રવ્ય સંબંધી ચર્ચા સૌ પ્રથમ કેવી રીતે ઉપસ્થિત થઇ તે વિષે બહુ વિસ્તાર કરવાની આવશ્યકતા નથી. એટલું કહેવું બસ થશે કે, પંડિત બહેચરદાસે મુંબઇમાં એક ભાષણ દરમીયાન "દેવદ્રવ્ય" જેવું કંઇ વિધાન જૈન શાસ્ત્રમાં કયાંઇ છે જ નહીં એમ જણાવી દેવદ્રવ્યની ચર્ચાનો એક મુદ્દો સમાજના વિદ્વાન અને શાસ્ત્રજ્ઞપુરૂષો સમ્મુખ ઉપસ્થિત કર્યો. જે મુદ્દાનો ઉહાપોહ કેવળ શાસ્ત્રીય તથા આત્મહિતની દૃષ્ટિએ થવા યોગ્ય હતો તે ઉપર સ્વચ્છંદટીકાઓ થવા લાગી. એ સ્વચ્છંદટીકાઓના પૂરમાં સત્ય તથા તથ્ય તણાઇ જાય એ સ્વાભાવિક હતું. પંડિતજીને તેમના વિચારો સુસંગત આકારમાં પ્રમાણપુરઃસર રજુ કરવાનું અને તેમની માનીનતાના સમર્થનમાં યુક્તિમય પૂરાવાઓ આપવાનું સૂચન

વામાં આવ્યું, પરંતુ તેમણે તે સૂચનાનો છેવટની ઘડી સુધી સમાદર ન કર્યો પંડિતજી મૌન રહ્યા. આ સ્થિતિનો લાભ લઇ, ઘણીવાર જાહેર ચર્ચાઓના સંબંધમાં બનતું આવ્યું છે અને બને છે તેમ બીન જવાબદાર લખનારાઓએ પોતાના રાગ દ્વેષાદિ પ્રકટ કરવાની તક શોધી. એવા અહંતા-ક્ષુદ્રતા-પક્ષપાતવાળા લખાણોની તપાસ આ લેખમાં લઇએ એટલો અમને અવકાશ નથી, આવશ્યકતા પણ નથી લાગતી. જે લખાણો અને વિચારોમાં કંઇક ગાંભિર્ય-જીજ્ઞાસા અને સત્ય શોધનવૃત્તિ સમાએલાં હોય એનીજ તપાસ લેવી અને એ વિષે શાસ્ત્રીય પ્રમાણોનો પ્રકાશ નાખવો એજ પ્રસ્તુત લેખનો મુખ્ય ઉદ્દેશ રહેશે.

દેવદ્રવ્ય સંબંધી મારા વિચારો. પત્રિકા નં. ૧

પંડિતજીના દેવદ્રવ્ય વિષયક વિચારો દેખીતી રીતેજ ભ્રાંતિ ઉત્પન્ન કરનારા હતા, તેમના કથનને શાસ્ત્ર ઇતિહાસ કે યુક્તિઓનો આધાર ન હતો. મુનિ શ્રી લબ્ધિવિજયજી તથા કલ્યાણવિજયજી આદિ કેટલાક વિદ્વાન્ મુનિવરો તથા સુજ્ઞ શ્રાવકોએ શાસ્ત્રીયપ્રમાણો અને બુદ્ધિગમ્ય યુક્તિઓ વડે તે વિપથગામી વિચારોનું સંશોધન કરવાનો પ્રસંગ લીધો. પ્રસંગોપાત શ્રી વિજયધર્મસૂરિજીએ બ્હાર પડી, દેવદ્રવ્ય સંબંધી પોતાના વિચારો દર્શાવનારી એક પત્રિકા પ્રકાશિત કરી પંડિતજીના વિચારોની સમાલોચના લીધી. સમાલોચનાની સાથે પોતાના કેટલાક અંગત વિચારો તથા માનીનતાઓ પણ બ્હાર આવી. પત્રિકાના પ્રારંભમાં તેમણે મૂર્ત્તિની સાથે દેવદ્રવ્યની ઘનિષ્ટતા, પ્રાચીનકાળના નગરસ્થિત જૈન મંદિરો અને દેવદ્રવ્યના દુરૂપયોગથી થતી હાનિ આદિ વિષયોને સ્પર્શ કરતાં પંડિતજીની કલ્પનાઓનું નિરસન કર્યું, અહીં સુધી તેઓ વ્યાજબી હતા. આગળ જતાં હાલના દેરાસ-

રોમાં દેવદ્રવ્યનો કેટલો દુરૂપયોગ થાય છે અને વસ્તુતઃ દેવદ્રવ્યનો ઉપયોગ શી રીતે થવો જોઇએ ઇત્યાદિ વિષયો જ્યાં ચર્ચે છે ત્યાં તેમની સાહસિકતા અને શુભ નિષ્ટા જણાઇ આવે છે. ઘણેખરે સ્થળે દેવદ્રવ્ય અનુત્પાદકપણે વ્યર્થ પડયું રહે છે અને તે ઉપરાંત શ્રાવકો તેનો સદુપયોગ કરવામાં પછાત રહે છે એ ફરીયાદ કંઇ નવી નથી. પરંતુ શ્રી વિજયધર્મસૂરિના અંતર ઉપર એ ફરીયાદે બહુ ઉંડી અને બેભાન બનાવી દે એવી અસર કરી હોય તેમ જણાય છે, શ્રી વિજયધર્મસૂરિના પોતાના શબ્દોમાં કહીએ તો "પરંપરાને ઇશ્વરવાક્યવત્ વળગી રહેનારા દેરાસરોના ટ્રસ્ટીઓ અને ધર્માન્ધો" ના મનમાન્યા વર્તનોએ તેમના અંતઃકરણમાં આક્રોશ ઉત્પન્ન કર્યો હોય તેમ તે પત્રિકાના વાંચનથી આપણને લાગે છે. વસ્તુતઃ જેને દેવ અને ધર્મને માટે કિંચિત્ માત્ર પણ લાગણી હોય તેને તેવાં દશ્યો જોઇ તથા સાંભળી અકળામણ થઇ આવે એ સ્વાભાવિક છે. શ્રી વિજયધર્મસૂરિ પોતાની પત્રિકા નં૦ ૧ માં તે વિષે વિચાર ચલાવવા અને બની શકે તો માર્ગ નિર્દેશ કરવા બેસે છે. પરંતુ તેમનું અકળાએલું ઉશ્કેરાએલું અને ઉતાવળું બનેલું મન આસપાસની વસ્તુસ્થિતિ ઉપર વિચારી શકતું નથી. તેઓ છેવટે છુટકારાનો છેલ્લો નિઃશ્વાસ નાંખતા હોય તેમ કહી દે છે કે— "આ જમાનામાં દેવદ્રવ્યનો ખજાનો વધારવાનીજ જરૂર જણાતી નથી. * * * * * આને માટે સીધો અને સરલ માર્ગ એ છે કે જે દેવદ્રવ્ય એકઠું થયું હોય તેનો વ્યય જીર્ણોદ્ધારના કામોમાં કરવો અને હવે પછી પૂજા–આરતી વિગેરેમાં બોલાતી બોલીની ઉપજ દેવદ્રવ્ય ખાતે ન લઇ જતાં 'સાધારણ ખાતે' લઇ જવાની સંઘે કલ્પના કરવી જોઇએ." પૂર્વકાળના ખજાનાઓ કરતાં આ કાળના ખજાના ઋદ્ધિ–સમૃદ્ધિમાં ચડીયાતા છે કે નહીં અને શાસ્ત્રીય આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર સંઘ યથાર્થમાં સંઘના નામને પાત્ર રહે કે નહીં એ વિષયની ચર્ચા

અત્યારના પ્રસંગે અસ્થાને ગણાશે. અહીંઆ આપણે જે વિચારવાનું છે તે એજ છે કે શ્રી વિજયધર્મસૂરિ દેવદ્રવ્યને સાધારણ ખાતામાં ફેરવી નાખવાની હીમાયત કરી રહ્યા છે તેનાં કયા કયા કારણો છે? ઉપરની પંક્તિઓ ધ્યાનપૂર્વક વાંચનારને તે વિષે વધુ લંબાણથી સમજાવવાની જરૂર નથી.

આચાર્યાદિ મુનિ-મંડળનો નિર્ણય.

અમને લાગે છે કે શ્રીવિજયધર્મસૂરિએ જો માનસિક સમતોલનતા સાચવી રાખી હોત અને પ્રમાણભૂત ગ્રંથોના પૂર્વાપરના સંબંધો વિચાર્યા હોત તો તેઓ પૂજા આરતી ઇત્યાદિની આવકને સાધારણખાતે ખેંચી જવાની પ્રરૂપણા કરતાં પહેલાં અવશ્ય સંકોચાત. એક ઉપદેશક અને ધર્માચાર્ય પાસેથી સૌ કોઇ એવી સમતોલનતા અને ચિંતાશિલતાની આશા રાખેજ. પરંતુ એ વાત જવા દઇશું. કોઇને શિક્ષણ કે સલાહ આપવા બેસવું અને એ રીતે લેખનું કલેવર વધારવું એ વિષયાંતર કરવા બરાબર છે. શ્રી વિજયધર્મસૂરિજીના "બોલીનું દ્રવ્ય સાધારણ ખાતે લઇ જવાની કલ્પના કરવામાં કંઇ શાસ્ત્રીય દોષ પણ જોવામાં આવતો નથી; કારણ કે બોલી બોલવાનો રીવાજ અમુક વર્ષો અગાઉ સુવિહિત આચાર્યો અને સંઘે અમુક કારણને લઇને દેશકાળાનુસાર દાખલ કરેલો જોવાય છે." એ વાકયો તરફ ખંભાતમાં મળેલ આચાર્યાદિક મુનિમંડળનું ધ્યાન ખેંચાયું અને તેમણે સર્વાનુમતે સંક્ષિપ્તમાં જાહેર કર્યું હતું કે—"(૧) પૂજા-આરતી આદિની બોલી શાસ્ત્રવિહિત છે, (૨) તેનું દ્રવ્ય દેવદ્રવ્યની વૃદ્ધિ અર્થેજ છે અને (૩) દેવદ્રવ્યની આવક સાધારણ ખાતામાં શ્રીસંઘ ફેરવી શકે નહીં." શ્રીમદ્ હરિભદ્રસૂરિ કૃત ઉપદેશપદ, ષોડશક, સંબોધ પ્રકરણ, શ્રાદ્ધવિધિ, ધર્મસંગ્રહ, શ્રીમદ્જીનેશ્વરસૂરિકૃત અષ્ટકવૃત્તિ, બૃહત્કલ્પ વ્યવહાર અને નિશીથભાષ્યાદિને એ નિર્ણ-

થ સંપૂર્ણ રીતે સંમત છે એમ પણ તેજ નિર્ણયમાં સૂચવાયું હતું. નિર્ણયનો હેતુ કોઇની ઉપર અંગત આક્ષેપ-વિક્ષેપ કરવાનો ન હતો. શબ્દાંતરમાં કહીએ તો એ ઠરાવ દ્વારા સમાજને કેવળ એટલોજ સંદેશ પહોંચાડવાનો હતો કે-"પૂજા-આરતી માલોદ્ઘાટન, પરિધાપનીકામોચન અને ન્યુંછનકરણ વિગેરેમાં ચઢાવાથી કાર્ય કરવાની રીતિ સેંકડો વર્ષ પહેલાંથી ચાલી આવતી શાસ્ત્રમાં કહેલી છે. દેવદ્રવ્યની વૃદ્ધિ માટેજ પૂજા-આરતીનો ચડાવો અને માળા પહેરવી વિગેરે કાર્યો વિવેકીઓએ કરવાં જોઇએ, એમ શાસ્ત્રકારો કહે છે અને તેથી જ તે દ્રવ્યને જીનાજ્ઞાપાલકોથી તો અન્ય ખાતામાં લઇ જઇ શકાય નહીં." જેઓ શાસ્ત્રગ્રંથો સમજી શકતા હોય કિંવા ગુરૂના નિર્ણય ઉપર શ્રદ્ધા રાખી શકતા હોય તેમને માટે એટલો સંદેશ બસ હતો. શાસ્ત્રના પાઠો જોવાની કે વિચારવાની જીજ્ઞાસા રાખતા હોય તેમને તે તે પાઠો બતાવવાનું તે નિર્ણયમાં ખુલ્લી રીતે જાહેર કરવામાં આવ્યું હતું. આચાર્યાદિ મુનિમંડળે આશા રાખી હતી કે નિર્ણયમાં જણાવેલા ગ્રંથોની સહાય લઇ શ્રી વિજયધર્મસૂરિ અથવા તો તેમના જેવી માનીનતાવાળા અન્ય જોખમદાર પુરૂષો એક વાર પુનઃ પોતાની પ્રરૂપણા વિષે વિચાર ચલાવી જૈન સમાજને વધુ સહીસલામતવાળા માર્ગે દોરી જશે.

પત્રિકા નં. ૨

નિર્ણયમાં રાખવામાં આવેલી આશા વ્યર્થ નિવડી. "દેવદ્રવ્ય સંબંધી મારા વિચારો-પત્રિકા નં. ૨" શ્રી વિજયધર્મસૂરિજીએ પ્રકટ કરી "શું બોલીનું દ્રવ્ય સાધારણ ખાતામાં ન લઇ જઈ શકાય." એ પ્રશ્ન પુનઃ પ્રબળસ્વરૂપમાં રજુ કર્યો. એ પ્રશ્ન ઉપર આવેશમય અંતઃકરણે તેઓના તરફથી વિચાર ચાલી રહ્યો હતો તે વખતે આચાર્યાદિ મુનિમંડળનો નિર્ણય તેમની દ્રષ્ટિ સંમુખ હતો એમ તા. ૬૮ મી માર્ચ ૧૯૨૦ના અંક ઉપરથી જોવાય છે. નિ-

ર્ણયમાં જે ગ્રંથોનો નિર્દેશ કરવામાં આવ્યો હતો તે ગ્રંથોના કેટલાક અંશો પણ તેમણે વિચાર્યા હોય એમ પત્રિકા નં. ૨ ઉપરથી પ્રતીત થાય છે. કમનસીબી એટલી જ છે કે જે શાસ્ત્રીય પ્રમાણો તેઓ પોતાના કથનના ટેકામાં આપવા માગે છે તે કોઇ પણ પ્રકારના એક આગૃહને લીધે તેના વાસ્તવિક સ્વરૂપમાં નથી રહી શકતા. એ પ્રમાણોની પાછળ રહેલો આગ્રહ શ્રી વિજયધર્મસૂરિને જુદી જ દિશામાં લઇ જાય છે. પ્રસંગોપાત્ દિગ્ભ્રમ પણ ઉપજાવે છે. અમે એ આગ્રહને કદાગ્રહ કે દુરાગ્રહનું વિશેષણ લગાડી દેવાની ઉતાવળ નથી કરતા. કારણ કે શાસ્ત્રીય ચર્ચામાં એવી ઉતાવળ બહુ વિઘાતક થઇ પડે. પોતાના વિચારો પ્રત્યે મનુષ્ય માત્રને મોહ અથવા આગ્રહ હોય એ સ્વાભાવિક છે. અમે આ અસંબદ્ધ લાગતી પંક્તિઓ એટલા જ માટે લખીએ છીએ કે અમે અમારી આ પત્રિકાદ્વારા શ્રી વિજયધર્મસૂરિ ઉપર વિજય મેળવવા માગીએ છીએ અને એજ હેતુ સાધવા આ લેખિનીનું સંચાલન કરીએ છીએ એવી કલ્પના-કે જે વસ્તુતઃ અમને પોતાને ત્રાસદાયક લાગે છે-તે દૂર થાય. આ પત્રિકા દ્વારાએ કેટલાક દૃષ્ટિબિંદુઓ ઉપસ્થિત કરવા એવી અમારી ધારણા છે. એ દૃષ્ટિબિંદુઓ દ્વારા "દેવદ્રવ્ય" ની ચર્ચા ઉપર કેવો પ્રકાશ પડે છે તેનો જ અમારે ક્રમશઃ વિચાર કરવાનો છે. કોઇની માનિનતાઓ અથવા તો બંધાઇ ગયેલો વિચારમોહ દૂર કરવો એ સહજસાધ્ય નથી એ વાત અમે જાણીએ છીએ. એમાં કોઇનો બળાત્કાર પણ ચાલી શકતો નથી. અમારૂં કાર્ય અમે ઉપર કહ્યું તેમ વિચારભૂમિકાઓ આપવાનું છે. એ ભૂમિકા ઉપર ઉભા રહી દૃષ્ટિપાત કરવાથી વસ્તુનું નિર્મળ સ્વરૂપ નજર આગળ તરી આવશે. વાચક પૂછશે કે એ વિચાર-ભૂમિકા કઇ ? અમે કહીએ છીએ કે એ ભૂમિકા શાસ્ત્રની ભૂમિકા, પ્રમાણની ભૂમિકા, અને વિવેકદૃષ્ટિની ભૂમિકા છે; કે જેના સંબંધમાં વાદ કે પ્રતિકાર જેવું કંઇ ન હોઇ શકે—

દેવદ્રવ્ય સામે સાધારણ દ્રવ્ય.

શાસ્ત્રીય પ્રમાણોવાળી ચર્ચામાં પ્રવેશ કરવા પહેલાં એક ખુલાસો બહુ આવશ્યક લાગે છે. દેવદ્રવ્યવાળી ચર્ચાએ કંઇક વ્યક્તિસ્વરૂપ લીધું હોય અને જાણે કે દેવદ્રવ્ય સાથે સાધારણદ્રવ્યનું આંતર યુદ્ધ ચાલી રહ્યું હોય એવો ભાસ થાય છે. સાધારણખાતાના દ્રવ્યને એક વ્યક્તિનું રૂપક આપીએ તો તે પોતાની ફરીયાદ આ પ્રકારે રજુ કરે— "હુ આ કાળે છેક દુર્બળ અને અશક્ત થઈ ગયેલ છું. મારા પગ ઉપર ઉભો રહી શકું એટલી શક્તિ પણ મારામાં નથી રહી. એથી ઉલટું મારો સહોદર બન્ધુ-દેવદ્રવ્ય દિનપ્રતિદિન રૂષ્ટપુષ્ટ થતો જાય છે. તેને પોતાના પગ ઉપર ઉભા રહેવાની પણ આવશ્યકતા નથી લાગતી; કારણ કે તે એટલો બધો જનગણમાન્ય અને પ્રતિષ્ઠિત છે કે તેને માટે વાહનો-પાલખીઓ અને બીજા વૈભવો સદા તૈયારજ રહે છે. એના દ્રવ્યવૈભવમાં હું શા માટે ભાગ ન પડાવું?" દેવદ્રવ્ય આના ઉત્તરમાં એટલું જ કહે છે કે—"ભાઇ! કોઇની પાસેથી યાચી લીધેલા કે પડાવી લીધેલા દ્રવ્યથી કોઈ યથાર્થ ઋદ્ધિવાન કે પ્રતિષ્ઠાપાત્ર ન બની શકે. જીવનસંગ્રામમાં નભવું હોય તો તેને માટે પરિશ્રમ-પરિસહાદિ સહન કરવાં જોઇએ. આપણને કોઇની પાસેથી પડાવી લેવાનો ન્યાય્ય-અધિકાર નથી મળી શકતો. વિશ્વપ્રિય-વિશ્વમાન્ય થવાનો પ્રયત્ન કરવો જોઇએ." આ તો એક રૂપક માત્ર છે. કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે એક બાજુ દેવદ્રવ્ય અને બીજી બાજુ સાધારણદ્રવ્ય ખડા છે. દેવદ્રવ્યની આવકનો હીસ્સો સાધારણખાતામાં લઇ જવાની જેઓ હિમાયત કરે છે તેઓને સાધારણખાતાની દુર્બળતા માટે બહુ લાગી આવતું હોવું જોઇએ, એમ લોકોમાં માની લેવાય છે. શ્રી વિજયધર્મસૂરિજી કહે છે કે—"દેવદ્રવ્યના નામે ગમે તેટલો મ્હોટો ખજાનો ભરેલો હશે પરંતુ દુષ્કાળના ભીષણ સમયમાં ભૂખમરાથી પી-

ડાતા માણસોને તેમાંથી એક કોડી પણ સીધી રીતે કામમાં આવી શકવાની નથી." આ ઉદ્ગાર હૃદયદ્રાવક છે! વિવેકબુદ્ધિ અને પ્રમાણોની સામે બળવો ઉઠાવે એવાં છે. આવા સંયોગોમાં શાસ્ત્રની સહાયતાજ એક માત્ર ઉપકારક થઈ શકે છે. આ પત્રિકામાં દેવદ્રવ્યને શાસ્ત્રીય પ્રમાણોપૂર્વક સિદ્ધ કરવાનો અમારો પ્રયત્ન કોઇ કોઇને દેવદ્રવ્ય પ્રતિ પક્ષપાતવાળો લાગશે એવો અમને ભય રહે છે; પરંતુ વધારે વાકયવ્યય કે સમયવ્યય નહીં કરતાં અંતઃકરણ પૂર્વક એટલુંજ કહી દઇશું કે-**જે દ્રવ્યથી માનવરક્ષા થતી હોય અને જે દ્રવ્યવડે દુભાએલા આત્માઓને શાંતિ મળતી હોય તેવા દ્રવ્યની સાધારણખાતાના દ્રવ્યની કે એવા હરકોઇ દ્રવ્યની અમે લેશ પણ ઓછી કીંમત આંકવા માગતા નથી. સાધારણખાતાના દ્રવ્યની કે એવા હરકોઇ દ્રવ્યની અભિવૃદ્ધિ થાય તે અમને દરેક રીતે ઇષ્ટ છે.** માનવરક્ષા, જીવદયા કે જ્ઞાનપ્રચારના પ્રશ્નમાં એક સામાન્ય આર્યવંશોદ્ભવ બાળક પણ વિરૂદ્ધ મત ન આપે તો પછી જૈનમુનિઓ કે જેમના પ્રત્યેક આચરણોમાં દયા, ધર્મપ્રીતિ અને વિવેક ભરેલાં હોય તેઓ ધર્મી અને ધર્મને પોષક થાય એવા સાધારણદ્રવ્યમાં વિઘ્નભૂત થઇ જ કેમ શકે?, આ ચર્ચાને દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી કે સાધારણદ્રવ્યની વૃદ્ધિ કરવી એ પ્રશ્નની સાથે મુદ્દલ સંબંધ નથી. આ જમાનામાં દેવદ્રવ્ય વધારે ઉપયોગી છે કે સાધારણદ્રવ્ય વધારે ઉપયોગી છે એની સાથે પણ આ ચર્ચાને કંઇ નિસ્બત નથી. દુષ્કાળ પીડિત મનુષ્યોને દેવદ્રવ્ય કામમાં આવશે કે સાધારણદ્રવ્ય કામમાં આવશે એ પ્રશ્ન પણ અસ્થાને છે. મુખ્ય પ્રશ્ન એ છે કે-**દેવદ્રવ્યને સાધારણદ્રવ્યની કલ્પનાનો પહેરવેશ પહેરાવી સાધારણખાતામાં લઇ જઇ શકાય કે કેમ? લોકો ભલે દેવદ્રવ્ય તરીકે આપે પણ સંઘ તેને પોતાની ઇચ્છા અને આવશ્યકતાનુ-**

સાર્ સાધારણદ્રવ્યની દીક્ષા આપી શકે કે કેમ ? મૂળ પ્રશ્નનો આ અંતર્ગત ભાવ સમજવામાં જે કોઇ ભૂલ કરશે તેઓ અમને ન્યાય નહીં આપી શકે, એટલુંજ નહીં પણ તેમને માટે આ ચર્ચા લગભગ નિરૂપયોગી થઇ પડશે. દેવદ્રવ્ય સાથે સાધારણદ્રવ્યનું દ્વંદ્વયુદ્ધ આ ચર્ચામાં થવાનું છે કિંવા થઈ રહ્યું છે એ વિચાર મનમાંથી કહાડી નાખવો જોઇએ. સીદાતાક્ષેત્રને પ્રથમ પોષણ આપવું, સાતે ક્ષેત્રને રસ-કસવાળા બનાવવાં એ દેખીતી કર્તવ્યતા છે. એની સામે વિરૂદ્ધ પોકાર ઉઠાવવો એ નરી મૂર્ખતાજ છે, અને એ તો એક બાળક પણ સમજી શકે એમ છે.

સાધારણ દ્રવ્ય-તેની વૃદ્ધિ અને સાધનો.

અમે આગળ જતાં શાસ્ત્રીય પ્રમાણો સાથે સાધારણદ્રવ્યના સ્વરૂપ વિષે કેટલુંક વિવેચન કરવાના છીએ. તે વાંચ્યા પછી દેવદ્રવ્યનું રૂપાંતર કલ્પવા માત્રથી સાધારણદ્રવ્ય થઇ શકે કે કેમ એ પ્રશ્નનો અવકાશ નહીં રહે. દેવદ્રવ્યના પણ વસ્તુતઃ શાસ્ત્રોમાં કેટલા ભેદ પાડવામાં આવ્યા છે, દરેક ભેદની વ્યવસ્થા કઇ કઇ રીતે કરી શકાય અને સાધારણદ્રવ્ય કયારે કઇ રીતે ઉપયોગમાં લઈ શકાય એ વિષેયનો પૂરતો ઉહાપોહ અત્યાર પર્યંત થયો નથી. શાસ્ત્રકારોએ બતાવેલી મર્યાદા અથવા વિધિ સ્પષ્ટ રૂપમાં સમાજ સમ્મુખ રજુ થઇ નથી. આવી અસ્પષ્ટ સ્થિતિમાં “ સાધારણ ખાતે કલ્પેલું દ્રવ્ય સાતે ક્ષેત્રોની અંદર કામમાં આવી શકે છે.” અર્થાત્ દુષ્કાળના ભિષણ સમયમાં ભૂખમરો મટાડવાને દેવદ્રવ્ય નહીં પણ સાધારણદ્રવ્યજ ઉપયોગી થાય તેમ છે; તો પછી “ શા માટે સાધારણ ખાતેજ દ્રવ્ય એકઠું કરવામાં નથી આવતું ?” એવો ઉદ્ભવેલ પ્રશ્ન ભદ્રિક જીવોના હૃદય-મનને હચમચાવી દે અને બીજા ગમે તે દ્રવ્યના ભોગે સાધારણદ્રવ્યની આવશ્યકતા સ્વીકા-

રવાને તત્પર બનાવે એ સ્વાભાવિક છે. સાધારણદ્રવ્ય સાતે ક્ષેત્રોમાં ઉપયોગી થઇ શકે એમ કહી નાંખવું બહુ સહજ છે; પરંતુ તે કેવા સંયોગોમાં અને કોની દ્વારા વાપરી શકાય એ વાત તો પ્રાયઃ અંધકારમાંજ અત્યારસુધી રહી ગઇ છે. "मुख्यवृत्त्या धर्मव्यय साधारण एव क्रियते तस्याशेषधर्मकार्ये उपयोगागमनात्" ધર્મસંગ્રહ તથા શ્રાદ્ધવિધિકારનાં એવાં સંબંધ વગરના વાકયો ઉપર સામા પક્ષ તરફથી મ્હોટો ભાર મૂકવામાં આવે છે. પરંતુ કોઇ પણ શાસ્ત્રોયવાકયનો પ્રમાણરૂપે ઉલ્લેખ કરતી વખતે તેની આસપાસનો સંબંધ પ્રથમજ સમજાવી દેવો જોઇએ. તથાપિ સામા પક્ષ તરફથી તેમ થયું નથી, સાધારણદ્રવ્યનું સ્વરૂપ વિચારતી વખતે આપણે ઉક્ત સંસ્કૃતવાકયનો સંબંધયુક્ત અર્થ તપાસી લઇશું. અમે એકવાર આગળ કહી ગયા છીએ છતાં અમારા આશયનો કે શબ્દોનો દુરૂપયોગ ન થાય એટલા માટે પ્રસંગોપાત પુનઃ આ સ્થળે એટલું કહી દઇએ છીએ કે— **દુષ્કાળપીડિત મનુષ્યોને તો શું પણ એક ક્ષુદ્રતમ જીવજંતુને જે દ્રવ્ય વડે શાતા ઉપજતી હોય તેવા દ્રવ્યની વૃદ્ધિનો નિષેધ કોઇ સુજ્ઞહૃદય તો ન જ કરી શકે.** સાધારણદ્રવ્યની વૃદ્ધિ અમને ઇષ્ટ છે; પરંતુ એટલાજ કારણસર સાધારણદ્રવ્યની વૃદ્ધિ સૂચવનારા શાસ્ત્રવિરૂદ્ધ તમામ સાધનો અમારે મુંગે મ્હોડે સ્વીકારી લેવા એવું કંઇ બંધન નથી. ખાસ કરીને દેવદ્રવ્યને કલ્પના માત્રથી સાધારણદ્રવ્યમાં ફેરવી નાંખવાના સાધન સામે અમારો મજબુત વાંધો છે. અમુક સાધ્ય ઇષ્ટ હોય એટલા માટે તે સાધ્યને સાધનારૂં ગમે તેવું સાધન પણ ઇષ્ટરૂપે સ્વીકારી લેવું એવો આગ્રહ સદાગ્રહ ન જ ગણાય. લડાઇમાં "વિજયપ્રાપ્તિ" એ સર્વ સૈનિકોનું લક્ષ્યબિંદુ–સાધ્ય હોય છે; પરંતુ એ સાધ્યને સાધવા માટે કપટ કે પ્રપંચની છાયાવાળા–પરિણામે હાનિ ઉપજાવનારાં સાધનો ધર્મયુદ્ધ કરનારાંઓ કદિ પણ

ઉપયોગમાં લેતા નથી. લક્ષ્યબિંદુ ન સધાય તેની પરવા નહીં; પરંતુ સાધનમાં નિરંકુશતા કે માયા-પ્રપંચ જેવું કંઇ નજ હોવું જોઇએ. સાધારણદ્રવ્યની કલ્પના કરવામાં માયા-પ્રપંચ કે કપટ રહેલાં છે એમ અમે આ ઉપરથી ઠરાવવા નથી માંગતા, પરંતુ સાધનની નિર્મળતા જળવાય અને સેનાપતિની આજ્ઞા જેવાં શાસ્ત્રીય પ્રમાણોની મર્યાદા સચવાય એજ અમને અભિપ્રેત છે. પ્રધાન સેનાપતિની આજ્ઞાવિમુખતાવાળી વ્યવસ્થા એ જેમ શ્રૃંખલા નહીં પણ ઉચ્છ્રૃંખલતાજ ગણાય તેમ જે વિષયમાં શાસ્ત્રીય આજ્ઞા પ્રણાલિકાને ન અનુસરાય તે અવિધિયુક્ત જ ગણાય. કહેવાનું તાત્પર્ય એ છે કે ભલે તમે સાધારણદ્રવ્યની ઉપયોગિતા જનસમાજને સંપૂર્ણ બળ પૂર્વક પ્રબોધો, તમારૂં ઉપજતું હોય તો વિવિધ કર કે લાગાઓ નાંખી સાધારણદ્રવ્ય ની ઉન્નતિ કરો. તમારા હૃદય-મનમાં માનવરક્ષા કે ભૂતદયાના ભાવો પ્રબળ વેગે પ્રવર્તતા હોય તો જે દ્રવ્ય વડે તેમની પ્રગતિ અને કલ્યાણ થઇ શકે એમ હોય તેવું દ્રવ્ય એકત્રિત કરો. જેવી રીતે પૂર્વાચાર્યોએ દેવદ્રવ્યની આવશ્યકતા અને વ્યવસ્થાના નિયમો પ્રસ્થાપિત અને પ્રચારિત કર્યા છે તેવી રીતે શાસ્ત્રોને લક્ષ્યમાં રાખી દેશ, કાળ, ભાવ વિચારી સાધારણદ્રવ્ય સંચયના સાધનો સ્થાપિત કરી તેનો સદ્વ્યય થાય એવી તમે પણ વ્યવસ્થા કરો. પ્રથમ લેખમાંના વ્યક્તિ રૂપકમાં અમે પ્રકારાંતરે સૂચવ્યું તેમ સાધારણ ખાતાના દ્રવ્યની કે બીજા ગમે તે ખાતાના દ્રવ્યની અભિવૃદ્ધિ અર્થે ન્યાય તેમજ સુસંગત હીલચાલ કરો, પ્રમાણિક ઉપદેશ આપો, પ્રવૃત્તિ કરાવો અને એ રીતે તમારા લક્ષ્યબિંદુને સિદ્ધ કરો. દ્રવ્યવૃદ્ધિનાં આવાં સરળ સાધનો રહેવા દઇ, અન્ય વ્યવસ્થિત-શાસ્ત્રસિદ્ધ પરંપરા ઉપર અર્થલોલુપ દૃષ્ટિ નાંખવી રહેવા દ્યો. કોઇની દયા ઉપર જીવવું એ જેમ પુરૂષાર્થ નથી તેમ કેવળ કલ્પના દ્વારા દેવદ્રવ્યની આવક સાધારણખાતામાં લઇ જવાની પ્રરૂપણા કરવી એ

કંઇ પ્રરૂપકનો પુરૂષાર્થ નથી અને તે પણ કેવા સંયોગોમાં? જે વખતે ચોતરફથી દેવદ્રવ્યની વ્યવસ્થા સંબંધી કઠોર બૂમો આપણા કાન ઉપર આવી રહી છે, દેવદ્રવ્યની વ્યવસ્થાનો કોયડો જે વખતે ગુંચવાતોજ જાય છે અને બીજી બાજુ યોગ્ય જીર્ણોદ્ધાર તથા દેરાસરોના ખર્ચો નહીં આપી શકવાથી શ્રાવકો પોતાના કપાળ ઉપરના ચાંલ્લા ભુંસી નાખી ઇતર સંપ્રદાયમાં ભળતા જાય છે તે વખતે કંટાળીને એમ કહી દેવું કે—**"બોલી વિગેરેનું દ્રવ્ય સાધારણખાતે લઇ જવાની કલ્પના કરવી એજ જમાનાને અનુકૂળ છે."** તેનો અર્થ એટલોજ થાય કે-હવે વ્યવસ્થાપકોના હાથમાં અમર્યાદ સત્તા આપી દેવી, દેવદ્રવ્યના ભક્ષણનો ભય પણ દૂર કરી દેવો. છેવટે મંદીરોને તાલા મારવા, મૂર્ત્તિયોને પધરાવી દેવી, એ પ્રકારે દેવદ્રવ્ય સંબંધી કડવી ફરિયાદો શાંત કરી દેવી! યાદ રાખવું કે-એ રીતે કદાચ દેવદ્રવ્યના ભક્ષણની ફરિયાદો સંભળાતી બંધ થશે. પરંતુ લોકોને પાપનો ભય દૂર થવાથી સાધારણદ્રવ્ય ધારી તે ખાતે આપવા ઢીલ કરશે, બંધ કરશે અને અન્તમાં એકકે ખાતામાં લોકો બોલેલા પૈસા નહીં આપે, કદિ થોડા ઘણા આપશે તો દેવદ્રવ્યનો દુરૂપયોગ સાધારણદ્રવ્યના બ્હાના નીચે વધારે નિડરતાથી થવા લાગશે એ ભૂલી જવાનું નથી. મૂળ વસ્તુને શુદ્ધ કિંવા ઉપયોગી બનાવવા જતાં એ વસ્તુનું અસ્તિત્વજ આ પ્રમાણે ભયમાં આવી પડશે. એ ખુબ ધ્યાનમાં રાખવું.

દેવદ્રવ્યનું લક્ષણ અને તેના પ્રકાર.

અમારા નિર્દેશો અને પ્રમાણો ગેરસમજુતી ઉભી ન કરે એટલા માટે મૂળ વિષયમાં પ્રવેશ કરતાં જરા વધુ વિલંબ કરવો પડ્યો છે. હવે આડા-અવળા અંતર્ગત પ્રશ્નોના ઉત્તરો રહેવા દઇ પ્રસ્તુત ચર્ચા ઉપરજ આવીશું. જ્યાં જ્યાં વધુ વિસ્તાર કે સ્પષ્ટતાની

અપેક્ષા જેવું જણાય ત્યાં ત્યાં તેમ થઇ રહેશે. ચાલુ ચર્ચામાં "**દેવદ્રવ્ય અને તેનો ઉપયોગ**" એ આ સંવાદ-વિવાદનો આત્મા છે. તેનું લક્ષણુ અને પ્રકાર આપણે સૌ પ્રથમ સમજી લેવાં જોઇએ. દેવદ્રવ્યનું લક્ષણુ—

ओहारणबुद्धीए देवाइणं पकप्पिअं च जया ।
जं धणधन्नप्पमुहं तं तद्दव्वं इहं णेयं ॥

(द्रव्यसप्ततिका)

અર્થાત્—ભક્તિપૂર્વક દેવાદિકને માટે જે ધન-ધાન્યાદિ વસ્તુ જે કાળે અવધારેલી હોય તેને પ્રાજ્ઞ પુરૂષો દેવદ્રવ્ય કહે છે.

મૂળમાં જે **पकप्पिअं** પાઠ છે તેનો ટીકામાં આ પ્રકારે સ્પષ્ટાર્થ કરવામાં આવ્યો છે—

"**उचितत्वेन देवाद्यर्थं एवेदं अर्हदादिपरसाक्षिकं व्यापार्यं न तु मदाद्यर्थे इति**" "આ વસ્તુ યોગ્યપણે કરી અર્હંત વિગેરે બીજા કોઇની સાક્ષીએ દેવાદિકને માટેજ વાપરવી સારૂ માટે કે બીજાને માટે નહીં." શ્રીમાન્ વિજયધર્મસૂરિ પોતાની પત્રિકામાં સ્વતંત્ર બુદ્ધિથી જે કલ્પે છે તે ઉક્ત શાસ્ત્રીય લક્ષણુની સાથે વિચારવાથી બન્ને વચ્ચેનો ભેદ સહેજે સમજી શકાશે. શ્રીમાન્ વિજયધર્મસૂરિ દેવદ્રવ્યનું લક્ષણુ આ પ્રકારે બાંધે છે. "મૂર્ત્તિને સમર્પણ બુદ્ધિથી આપેલી વસ્તુઓજ દેવદ્રવ્ય છે." ચૈત્યાદિના ઉદ્ધાર માટે કે નૂતન ચૈત્ય રચના માટે કહાડેલું દ્રવ્ય દેવદ્રવ્ય કહેવાય કે નહીં? એનો સ્પષ્ટ ખુલાસો આ છેલ્લા લક્ષણુથી એકદમ નથી મળી શકતો. પૂજા-આરતિ આદિને અંગે શ્રાવકો જે **ઉછામણી** અથવા **ચઢાવો** કરે છે તેમાં દેવ પ્રત્યેનો ભક્તિભાવ જ સર્વથા ભરેલો હોય છે, એમ કહેવાની કંઇ જરૂર રહેતી નથી. કારણકે ભકત્યાદિ વિશિષ્ઠ નિયમોજ તેનાં ઉત્સાહ અને ચઢતા ભાવોમાં પ્રવર્તતા હોય છે. વળી ટીકામાં '**न तु मदाद्यर्थे**'

અર્થાત્ મારે માટે કે અન્ય કોઇને માટે નહીં એવો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. શ્રીમાન્ હરિભદ્રસૂરિ પણ પોતાના સંબોધપ્રકરણમાં ઉક્ત લક્ષણ જ બતાવે છે.

नियसेवगबुद्धिए पकप्पियं देवदव्वं तं ॥

(સંબોધપ્રકરણ).

અર્થઃ—પોતાની સેવકપણાની બુદ્ધિથી પ્રભુભક્તિ નિમિત્તે (ભક્તોયે) દેવને માટે જે કલ્પ્યું તે દેવદ્રવ્ય જાણવું."

ધર્મધુરંધર હરિભદ્રસૂરિજી સ્પષ્ટ વચનથી કહે છે કે—ભાવિકો પૂજા આરતી વિગેરેના સમયમાં એજ ધારણા રાખે છે કે—આ પ્રભુ અમારા સ્વામિ—નાયક—સેવ્ય છે અમે તેમના સેવક છીયે, એટલે ભક્તિ શ્રદ્ધા અને પ્રેમથી સેવકો નાયક—પ્રભુને જે પોતાના દ્રવ્યાદિ તેમની ભક્તિ અર્થે અર્પણ કરે છે, આ હેતુથી તેની સર્વમાલિકી દેવનીજ ગણી શકાય, પરંતુ તે દ્રવ્યાદિ પર આપનાર યા અન્ય સંઘની વ્યક્તિયો પોતાની માલિકી કે સત્તા ધરાવી શકે નહીં, કિન્તુ ટ્રસ્ટીપણું ભોગવી શકે, ટુંકાણમાં દેવને ભક્તિપૂર્વક ભક્તિ નિમિત્તે જે અપાય તે દ્રવ્ય દેવદ્રવ્યથી અંકિત કરાય છે, કારણ કે—ભક્તો પૂજા—આરતી આદિ કાર્યો કર્યા પછી પોતાના હૃદયમાં અથવા જનતા સમક્ષ કહે છે, માને છે, કે 'મેં' આજે પ્રભુભક્તિમાં આટલા પૈસા વાપર્યા,' આ ઉદ્ગારો પ્રભુભક્તિનું દ્રવ્ય યદિ અન્ય ખાતે ખેંચી જવાય તો કેવલ પ્રભુ આત્મા અને ધર્મને પણ ઠગી લેનારા પ્રપંચતામય ગણાય, પ્રભુના મંદીરમાં આવી પ્રપંચવૃત્તિયોને કદાપિ અવકાશ આપવો તે ઉચિત તો નજ લેખાય.

આવી અવધારણ—પ્રતિજ્ઞા, સમર્પણતા જે દેવદ્રવ્યમાં હોય તેને સાધારણખાતામાં લઇ જઇ શકાય કે નહીં તેનો વિચાર આગળ ઉપર થઇ રહેશે. અહીં એટલું સ્મરણમાં રાખવું કે—સમર્પણતામાં કલ્પનાને અવકાશ નથી હોતો. જ્યાં સમર્પણતા—ભક્તિપૂર્વકની સમર્પણતા

હોય ત્યાં પશ્ચિમ પ્રદેશમાં જન્મેલો (યુટેલીટેરિઆનિઝમ) ઉપયોગીતાનો વાદ-અર્થાત્ સમર્પણુતાવાળું દ્રવ્ય વધારે સારી રીતે ઉપયોગમાં ક્યાં આવી શકશે. ઇત્યાદિ સઘળા તર્કો દબાઈ જાય છે.

દેવદ્રવ્યના વિવિધ પ્રકારો નહીં સમજી શકવાને લીધે "ભાટ વિગેરેને દેવદ્રવ્યમાંથી કેમ પોષવામાં આવે છે?" ઇત્યાદિ નિરર્થક આક્ષેપો ઘણી વાર કર્ણગોચર થાય છે. દેવદ્રવ્યના પ્રકાર જો ભલી રીતે વિચારવામાં આવે તો એવા ઘણાં આક્ષેપો સ્વયમેવ શાંત થઈ શકે. અમે આ સ્થળે વધુ વિવેચન કરવા નથી માગતા, કિન્તુ કેવળ મૂળ શાસ્ત્રીય ગાથાઓ અને તેનો અર્થ આપીને જ આગળ ચાલીશું. વિચારવાન્ અને સુજ્ઞ પુરૂષોને તે બધી ચર્ચામાં બહુ બહુ રીતે ઉપયોગી થઈ પડશે એમ પણ અમે માનીએ છીએ.

દેવદ્રવ્યના પ્રકારો—

+चेइयदव्वं तिविहं पूया निम्मल्ल कप्पियं तत्थ
आयाणमाइपूयादव्वं जीणदेहपरिभोगं ॥ १६३ ॥

+ હાલમાં લોકોનો જે દેવદ્રવ્ય માટે કોલાહલ સંભલાય છે, તેના મૂલમાં તપાસ કરતાં માલુમ થાય છે કે-ટ્રસ્ટિયો તે દ્રવ્ય પર મોહબદ્ધ હો યા તો તેઓની અજ્ઞાનતા હો પણ જ્યાં જરૂરીયાત હોય ત્યાંજ યદિ તે દ્રવ્યનો સદુપયોગ ન કરે અને પરિણામે ગમે તે સંયોગે નાશ થાય તે સ્વીકારી લે એ પણ એક કારણ છે, બીજું એ પણ છે કે જે પ્રકારે તેની વ્યવસ્થા કરવી ઘટે તે પ્રકારે ન કરે અને વારસામાં આવેલ હકના મદમાં કોઈ કહે તેની દરકાર પણ ન રાખે એ શું આ યુગમાં હવે નભી શકે ખરૂં? ત્રિજું કારણ એવું છે કે દેવદ્રવ્યના ઉપર કથિત પ્રકારો નહીં સમજવાના પરિણામને જે કોઈ દ્રવ્ય આવ્યું તેને એકજ ભંડારખાતે જમે કરી નાંખવાની અજ્ઞાનતા પણ દેખાય છે, આ હેતુથી હવે પછી ટ્રસ્ટિયો ઉપર બતાવેલ દેવદ્રવ્યના ત્રણે પ્રકારો લક્ષ્યમાં રાખી તે ત્રણે ખાતાનું

अक्खयफलबलिवत्थाइ संतियं जं पुणो दविणजायं ।
तं निम्मल्लं वुच्चइ जीणगिह कम्मंमि उवओगं ॥ १६४ ॥
दव्वंतरनिम्मवियं निम्मल्लं पि हु विभूसणाइहिं ।
तं पुण जिणंगसंगि हविज्ज णण्णत्थ तं भयणा ॥ १६५ ॥
ऋद्धिजुयसंमएहिं सड्ढेहिं अहव अप्पणा चेव ।
जीणभत्तिइ निमित्तं आयरियं सव्वमुवओगि ॥ १६६ ॥

(સંબોધપ્રકરણ).

અર્થાત્—પૂજા, નિર્માલ્ય અને કલ્પિત એમ ચૈત્યદ્રવ્યના ત્રણ ભેદો છે તેમાં આદાનાદિથી–આમદાનીથી (ગ્રામ વિગેરેની આવકથી) આપેલું જે દ્રવ્ય તેનું નામ પૂજાદ્રવ્ય. આ દ્રવ્ય

દ્રવ્ય ભિન્ન ભિન્ન રાખી જે સમયે જે સમારણ આદિ કાર્યમાં દ્રવ્યની જરૂર પડે તે સમયે તે પ્રકારના દ્રવ્યનો ત્યાં વ્યય કરશે તો આ ઉપસ્થિત ચર્ચાનું બીજ સ્વતઃ વિલયને પામશે, આ ઉપરથી ભાટ–ભોજકને ગોઠી આદિના પગારોમાં આ દ્રવ્યનો ઉપયોગ કરાય કે નહીં? આ પ્રશ્ન અહીંજ વિરામ પામે છે, એટલે કે–આચરિત–પૂજા આરતી આદિની બોલીનું દ્રવ્ય અને નિર્માલ્ય દ્રવ્ય તે લોકોને આપવામાં બાધ નથી એવું **હરિભદ્રસૂરિજી** ઉપરના વાક્યમાં સ્પષ્ટતયા વદે છે, અનુભવથી ઘણે સ્થલે ગોઠી આદિના પગારો કેશર–સુખડ અને ધૌતિક આદિને માટે અન્ય દ્રવ્યાભાવના લીધે લોકોને પ્રતિવર્ષે વિટંબણા ભોગવતા જોયા છે. પરંતુ ઉપરનો જે માર્ગ સૂચવાયો છે, તે ધ્યાનમાં રાખી પ્રવૃત્તિ થશે તો કેટલેક અંશે લોકો પોતાની વિટંબણાનો પોતાની મેલેજ નિવેડો લાવી શકશે, પુનઃ ટ્રસ્ટિયો એકત્રિત દેવદ્રવ્યમાંથી નિભાવ પુરતું રાખીને દરવર્ષે જીર્ણોદ્ધારાદિ માટે જ્યાં જરૂર હોય ત્યાં ખરચી નાંખશે અને આવતી આમદાનીનો પણ ઘણોખરો ભાગ પોતાના સહોદર પાડોશી પ્રભુમંદીરમાં ખરચવા દીર્ઘદૃષ્ટિ દોડાવશે અને હવે પછી અધિક ઢગલો કરવામાંજ મહત્તા નહીં માનતા ઉપરની સૂચના પ્રમાણે પ્રવૃત્તિ કરવામાંજ મહત્તા માનશે તો આ ચર્ચાનો શીઘ્ર અંત આવશે એવો મારો આધીન મત છે, —લેખક.

માત્ર જીનેશ્વરના અંગ સંબંધી કાર્યોમાંજ વાપરી શકાય, અલંકારાદિ બનાવી શકાય. (૧૬૩) અક્ષત, ફળ, બલી અને વસ્રાદિથી આવેલું જે દ્રવ્ય તેને શાસ્રકારો નિર્માલ્યદ્રવ્ય કહે છે. આ દ્રવ્ય જીનમંદિરના કાર્યમાં (સમરાવવા વિગેરેમાં–જીર્ણોદ્ધારાદિમાં) ઉપયોગી થાય. (૧૬૪) સુવર્ણાદિકથી બનાવેલાં અલંકારાદિને પણ નિર્માલ્ય કહી શકાય; પરંતુ અહીં ભેદ માત્ર એટલોજ છે કે આ દ્રવ્ય જીનેશ્વરના અંગકાર્યના ઉપયોગમાં આવે અને ન પણ આવે એટલે કે ચૈત્ય સંબંધી કાર્યમાં પણ વાપરી શકાય. (૧૬૫) ઋદ્ધિયુક્ત શ્રાવકોને સંમાન્ય એવા શ્રાવકોએ અથવા દેવમંદિર બનાવનારે પોતે આચરેલા (સશાસ્રીય) સાધનો દ્વારા, જિનેશ્વરની ભક્તિને માટે જે આવક થાય તે આચરિતદ્રવ્ય કહેવાય. આ દ્રવ્ય ચૈત્ય સંબંધી કાર્યમાં, ગોઠીના પગારમાં, કેસર–સુખડ આદિ સર્વ કાર્યમાં વાપરી શકાય, તેમજ જીનેશ્વરના અલંકારાદિમાં પણ વાપરી શકાય. (૧૬૬)

આરતી આદિની બોલી કલ્પિત અને અસુવિહિતાચરિત છે?

દેવપૂજા–ભક્તિ નિમિત્તે થતી દેવદ્રવ્યની આવકને સાધારણખાતે લઇ જવાની હીમાયત મુખ્યત્વે શા માટે કરવામાં આવે છે એ વિષેનો કિંચિત્ ઇસારો અમે આગલના લેખમાં કરી ચુકયા છીએ. દેવદ્રવ્યની રકમ સાધારણમાં ન ખેંચી શકાય તેમજ ચૈત્ય અને પ્રતિમા સિવાયના અન્ય કોઇ પણ કાર્યમાં ન વાપરી શકાય એવા ઉચિત શાસ્રીય સંસ્કારો ભવ્ય જીવોના અંતરમાં દ્રઢપણે સ્થાપવાનો પૂર્વાચાર્યોએ વિવિધ વચનો દ્વારા ઉપદેશ કર્યો છે અને તે ઘણે ખરે અંશે સાર્થક પણ થયો છે એ વાત સર્વ કોઇના જાણવામાં છે. રખેને દુર્ગતિ થાય, રખેને કર્મબંધન થાય, રખેને વિટંબણા ભોગવવી પડે એવા સત્ય ભયથી લોકોનો ઘણો ખરો

ભાગ "દેવદ્રવ્ય"ના ઉપભોગથી સદા દૂર ને દૂરેજ રહે છે. આવા પૂર્વબદ્ધ સુસંસ્કારોની અવગણના કરવામાં ન આવે ત્યાં સુધી દેવદ્રવ્યની આવક સાધારણખાતામાં લઈ જવાની હીમત કોઇ નજ કરે એ સ્પષ્ટ છે. એટલા માટે શ્રીમાન્ વિજયધર્મ-સૂરિને શિરે કોઇ એક નવીન માર્ગ શોધી કહાડવાની ફરજ આવી પડે છે કે જેથી દેવદ્રવ્ય સંબંધી વિવિધ ભયો-ભીતિઓ દૂર થાય. તેઓ એવો માર્ગ દર્શાવતાં કહે છે કે—

"પૂજા-આરતી વિગેરેમાં બોલાતી બોલીનું દ્રવ્ય સાધારણખાતે લઈ જવાની કલ્પના કરવામાં કંઇ દોષ પણ જોવામાં આવતો નથી; કારણ કે બોલી બોલવાનો રીવાજ અમુક વર્ષ અગાઉ સુવિહિત આચાર્યો અને સંઘે અમુક કારણને લઇને દેશકાળાનુસાર દાખલ કરેલ જોવાય છે." તેઓ એ સંબંધે એક પણ શાસ્ત્રીય પ્રમાણ રજુ કરી શકતા નથી. કયા આચાર્યે, કયારે, કયે સ્થળે "બોલી"નો રીવાજ શરૂ કર્યો તે વિષે પણ કંઇ પુરાવો રજુ કરી શકતા નથી. હા **હીરપ્રશ્નોત્તર** નો તેઓ પાઠ આગલ ધરે છે જે પાઠ તેઓ આગલ લાવે છે તે પાઠનો અર્થ તપાસતાં તેને અને આરતિ આદિને લેશ પણ સંબંધ હોય તેમ જણાતું નથી. જે પાઠમાં દેખીતી રીતેજ આરતી આદિનો ગંધ પણ નથી તે પાઠને આગલ ધક્કેલી ચર્ચા કરવી તે ચર્ચાકારકોની એક પ્રકારની વિટંબણાજ કહી શકાય, શું અદ્યાપિ પર્યંત પોતાના પક્ષસિદ્ધિનો એક પણ પાઠ તેઓ હજારો ગ્રંથો વિદ્યમાન છતાં નિકાલી શકતા નથી? જેથી '**હીરપ્રશ્નોત્તર**' ના પાઠ પર જ તેઓ પોતાના પક્ષનો આશ્રય માની લે છે, ખેર, તે પાઠને પણ તપાસી લઇયે, આ રહ્યો તે પાઠઃ—

तैलादिमानेन प्रतिक्रमणाद्यादेशप्रदानं न सुविहिताच-

रितं परं क्वापि क्वापि तदभावे जिनभवनादि निर्वाहासंभवेन निवारयितुमशक्यमिति ॥

અર્થ—"તેલ (ઘી) આદિના ચડાવાથી પ્રતિક્રમણ આદિના (અહીં આદિ શબ્દથી બાકીના સૂત્રો સંબંધી આદેશ સમજવો) આદેશ આપવાનું સુવિહિત આચરિત નથી, પરંતુ કોઇ કોઇ સ્થલે તે આદેશની આવક વિના જીનમંદીર આદિનો નિર્વાહ ન બને માટે તે બંધ કરવો અશકય છે."

પ્રતિક્રમણાદિમાં તૈલાદિ (ઘી)ની બોલીથી જે આદેશ આપવામાં આવે છે તે અસુવિહિતાચરિત છે, એમ ઉક્ત પાઠના એક અંશમાં કહેવામાં આવ્યું છે. હવે જો તમામ પ્રકારની "બોલીઓ" ને અસુવિહિતાચરિત ગણાવવાનો શ્રીહીરવિજયસૂરિ મહારાજનો ઉદ્દેશ હોત તો કેવળ પ્રતિક્રમણાદિનો આદેશ દેવો તે સુવિહિતાચરિત નથી એમ તેઓ શા માટે કહેત? કોઇ એક વિશેષનો નિષેધ જોવામાં આવે તેજ વખતે એક વિશેષ વિધિનું વિધાન પણ હોવુંજ જોઇએ એવો સામાન્ય અનુભવ છે, અને તે તો શ્રીમાન્ વિજયધર્મસૂરિજીને પણ સ્વીકારવું પડે એમ છે; કારણ કે તેઓ પોતેજ પોતાની પ્રથમ પત્રિકામાં એકથી વધારે વખત આરતી-પૂજાદિની બોલીને સુવિહિતાચરિત કહી ચુકયા છે. શ્રીમાન્ હીરવિજયસૂરિજી ઉક્ત પાઠમાં માત્ર પ્રતિક્રમણ વિગેરેમાં તેલ વિગેરેની બોલીથી જે આદેશ આપવામાં આવે છે તેનેજ અસુવિહિતાચરિત કહે છે. ચઢાવાના અથવા બોલીના સર્વ આદેશોને જો તેઓ અસુવિહિતાચરિત અને કલ્પિત માનતા હોત તો ફક્ત પ્રતિક્રમણાદિનો ઉલ્લેખ કરીને જ તેઓ ન વિરમત. આ સ્થળે એવો પ્રશ્ન ઉઠશે કે તૈલાદિના ચઢાવાથી પ્રતિક્રમણાદિનો આદેશ દેવો તેજ સુવિહિતાચરિત નથી એમ કહેવાનું પ્રયોજન શું?

પ્રતિક્રમણની બોલી અસુવિહિતાચરિત ગણાય તો પછી બીજી તમામ બોલીઓ પણ શા માટે અસુવિહિતાચરિત ન ગણાય? પ્રતિક્રમણાદિમાં જે આદિ શબ્દ છે તે આદિ શબ્દથી પૂજા-આરતીનું પણ ગ્રહણ કેમ કરવું? સ્હેજ વિચાર કરતાં આ પ્રશ્નોનું સમાધાન આ પ્રકારે થઇ શકે છે. પ્રતિક્રમણાદિની બોલીને અસુવિહિતાચરિત ગણાવવામાં જે કારણ રહેલું છે તે કારણ આરતી-પૂજાદિની બોલીમાં નથી એ વાત જરા સ્ફુટપણે સમજવા જેવી છે. અમને લાગે છે કે ભાવસ્તવની અને દ્રવ્યસ્તવની ક્રિયાઓ વચ્ચેનો ભેદ ભૂલાઇ જવાથીજ કંઇક ગેરસમજ થઇ હશે.

પ્રતિક્રમણાદિની 'બોલી' અસુવિહિતાચરિત શા માટે?

પ્રતિક્રમણ વિગેરેની વિધિ ભાવસ્તવ પ્રધાનતાવાળી છે. જ્યારે આરતી-પૂજા વિગેરેની વિધિમાં દ્રવ્યસ્તવનીજ પ્રવૃત્તિ મુખ્યતયા છે. પ્રતિક્રમણાદિની ક્રિયા, સામાયિકની ક્રિયા છે અને સામાયિકમાં આરંભ-પરિગ્રહનો ત્યાગ કરેલો હોવાથી તૈલાદિની બોલીને અંગે આદેશ દેવો તે અશુદ્ધ છે કે નહીં? એ પ્રશ્નનો આંતરિક હેતુ છે. પ્રશ્નમાં જે +शुद्धयति નો પ્રયોગ જોવામાં આવે છે તેજ વ્રતસાપેક્ષતા પુરવાર કરે છે. વ્રત રહિત મનુષ્યને અંગે એવો પ્રયોગ વાપરવાની પ્રાયઃ જરૂર રહેતી નથી. પ્રતિક્રમણની ક્રિયા સામાયિકની ક્રિયા હોઇ ભાવસ્તવની વિશુદ્ધિ સંપૂર્ણ પ્રકારે સચવાવી જોઇએ એ નિર્વિવાદ છે. હવે તેલના ચઢાવાને લીધે જે આદેશ આપવામાં આવે છે, તેમાં મોટે ભાગે શું બને છે તેનો વિચાર કરો. ચાતુર્માસિક અને સંવત્સરિક પ્રતિક્રમણમાં આપણે પ્રાયઃ અનુભવતા આવ્યા છીએ કે જેઓનાં આચારાદિ પૂરાં શુદ્ધ હોતાં નથી, જેમના સૂત્રપાઠ

+ तैलादिमानेनादेशप्रदानं शुद्धयति न वा ?

પણ અશુદ્ધતાવાળા હોય છે અને જેમની વાણી પણ અસ્પષ્ટતાવાળી હોય છે તેઓ તેલ (ઘી) ના ચઢાવાને લીધે આદેશ મેળવવામાં ફત્તેહમંદ થાય છે. આથી બને છે એમ કે ભાવસ્તવની પ્રધાનતાવાળી વિધિમાં પણ ભાવસ્તવની પુરેપુરી શુદ્ધિ સચવાતી નથી. જો કે આદેશ તો તે વખતે પણ ગુરૂમહારાજનેજ આપવાના હોય છે અને કયા કયા સૂત્રનો આદેશ કોને કોને આપવો વધારે ઉચિત છે એનો નિર્ણય પણ ગુરૂમહારાજનેજ કરવાનો હોય છે; પરંતુ આદેશ આપતાં પ્હેલાં ગુરૂમહારાજ પોતેજ ઋદ્ધિવાળા શ્રાવકોના તેલાદિ (ઘી) ના ચઢાવાને લીધે તેમના નિર્ણયને અનિચ્છાએ પણ આધીન થઇ ગયા હોય છે. શ્રાવક સમુદાયે જે સૂત્રનો આદેશ જે ચોક્કસ ગૃહસ્થને આપવાનું ઠરાવેલું હોય છે તેનેજ તે સૂત્રનો આદેશ ન છુટકે ગુરૂમહારાજ આપે છે. આથી ભાવસ્તવની વિશુદ્ધિ હમણાં સંપૂર્ણ રીતે જળવાતી નથી. અર્થાત્ ભાવસ્તવની અવસ્થામાં પણ દ્રવ્યસ્તવની વિધિ બંધનકારક થઇ પડે છે. પ્રતિક્રમણાદિના તૈલાદિમાનના આદેશને અસુવિહિતાચરિત માનવામાં એ સિવાય બીજું કારણ સંભવતું નથી. બીજી બાજુ આરતી વિગેરે દ્રવ્યસ્તવની પ્રવૃત્તિ ગણાય છે. ભાવસ્તવની ભૂમિકાએ દ્રવ્યસ્તવનું પોષણ પ્રસંગાનુકુળ ન ગણાય તેથી દ્રવ્યસ્તવમાં પણ દ્રવ્યસ્તવનું પોષણ ન થવું જોઇએ, એમ કહેવું તે સુજ્ઞ જનોને શોભા આપતું નથી. જીનભવનાદિના નિર્વાહનો સંભવ દર્શાવી શ્રીહીરવિજયસૂરિ પ્રતિક્રમણાદિની બોલીને પણ નિવારવાની અશકયતા જણાવે છે; તો પછી આરતી આદિની જે બોલી વડે ચૈત્યાદિના નિર્વાહનો પુરેપુરો સંભવ હોય–નિર્ભરતા જેવું હોય, તેને અસુવિહિતાચરિત–કલ્પિત કે અનાવશ્યક જણાવવાની કોઇ શાસન રસિકને કલ્પના સરખી પણ કેમ થઇ શકે? તથા શ્રીમાન્ વિજયધર્મસૂરિ તા૦ ૪ એપ્રિલ ૧૯૨૦ ના જૈન પત્રમાં 'ખુલ્લો પત્ર' આ લેખમાં

"બોલીના રિવાજને કાઢનારા સુવિહિતાચાર્યોની મેં મારા લેખમાં પ્રશંસાજ કરી છે" આવા ખુલ્લા શબ્દોથી સ્વમુખે સુવિહિતાચાર્યોએ બોલીનો રીવાજ નીકાલ્યો છે આમ કબુલી પુનઃ હીરપ્રશ્નનો પાઠ જોયા પછી તે પાઠને ખોટી રીતે આગળ ધરી બોલીના તમામ રિવાજો 'અસુવિહિતાચરિત છે' આ પ્રમાણે લખી દેવું એ કદાપિ તેમના માટે માનકારી લેખાય નહીં, કારણ કે જ્યાં વિજયધર્મસૂરિજી પોતેજ પોતાના વચનોમાં વ્યવસ્થિત મર્યાદા સાચવી શકયા નથી, ત્યાં શ્રીમાન્ હીરવિજયસૂરિના વચનોની મર્યાદા સાચવી રાખી યોગ્ય અને ઘટીત અર્થ કેવી રીતે દેખાડી શકે એનો વિચાર અમો વાંચકોનેજ સોંપીશું. ઉપર જણાવેલા ખુલ્લા શબ્દો શ્રીમાન્ વિજયધર્મસૂરિજીએજ સમાજ સમક્ષ જાહેર કર્યા છે; છતાં શ્રીમાન્ વિજયધર્મસૂરિ "બોલી બોલવી એ સુવિહિતનું આચરિત નથી" એવો ભ્રમોત્પાદક નિષેધ બ્હાર પાડવા શા માટે તૈયાર થયા હશે તે સમજી શકાતું નથી. તથા અહીં એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે પ્રશ્નકર્તા જગમાલરૂષિ મુનિ છે, મુનિયો ભાવસ્તવનાજ અધિકારી હોઇ તેની ચિંતા કરવી તેઓને ઘટિત છે, એટલે પ્રશ્નકર્તાએ જે પોતાના પ્રશ્નમાં 'शुद्धयति' પ્રયોગ વાપરી બતાવી આપ્યું કે-મારો પ્રતિક્રમણાદિની બોલી માટેજ પ્રશ્ન છે, કારણ કે-અન્યથા સામાન્ય પ્રશ્ન સમયે વિશેષનું વિધાન બતાવવું એ ઉત્તર આપનારની એક જાતની અજ્ઞાનતાજ પ્રગટ કરે, હીરસૂરિજી જે વિશેષ ખુલાસો પ્રગટ કરે છે તે પ્રશ્નકારનો આંતરિક હેતુ લક્ષ્યમાં રાખીનેજ, યદિ પ્રશ્નકર્તાનો આશય સર્વ સામાન્ય બોલીયો માટેજ હોત તો હીરસૂરિજીને સામાન્ય ઉત્તર વાલવો ઉચિત લેખાત, પુનઃ આરતી-પૂજા આદિની બોલીનો આદેશ શ્રાવકોજ આપે છે અને તે તેઓનીજ અધિકારની વાત છે, સાધુઓનો તો સ્પર્શ પણ તેમાં અઘટિત છે, તો પછી તેનો

અહીં વિચારજ અસ્થાને છે, એટલુંજ નહીં કિન્તુ જે આરતી આદિનો ચઢાવો રત્નશેખરસૂરિજી શ્રાદ્ધવિધિમાં મજબૂતપણે પ્રકાશી શાસ્ત્રીય અને સુવિહિતમાન્ય જણાવે છે, તે ચડાવાને તેમના પ્રપૌત્ર હીરસૂરિજી અસુવિહિત આચરિત જણાવી પોતાનાજ માન્ય ગુરૂવરને અસુવિહિત પુરૂષની કોટીમાં ગણાવવાનું સાહસ સ્વપ્ને પણ કેમ કરી શકે? અર્થાત્ નજ કરી શકે, હા યદિ રત્નશેખરસૂરિ આદિયે એ વિધિનો અનાદર જ કર્યો હોત તો "બોલી અસુવિહિત આચરિત છે" એ કલ્પના વ્યાજબી અને યુક્તિપ્રધાન ગણી શકીયે, પરંતુ આપણે તો આ સ્થલે ઉલટુંજ જોઇયે છીયે, તેમજ પ્રતિક્રમણાદિ આદેશ આપી ગૃહસ્થોયે પ્રથમ નક્કી કરેલ નિયમને અનુસરવાથી પ્રતિક્રમણ રૂપ ભાવસ્તવની ક્રિયામાં દ્રવ્યસ્તરૂપ પ્રતિક્રમણના ચડાવાને સાધુઓને અનુમત થવું પડે છે, જે અનુમોદન તે વખતે સમય વગરનુંજ દેખાય છે, અર્થાત્ કે— ગૃહસ્થો પ્રતિક્રમણાદિનો ચડાવો સામાયક લેવા પહેલાંજ કરે છે તો પણ સાધુઓને તો પોતાની નિત્ય સામાયિક ક્રિયામાં રહીનેજ તેને અનુકૂલ થવાની ફરજ પડે છે, આ હેતુથીજ હીરસૂરિજી આ ચડાવાને અસુવિહિત આચરિત જણાવે છે, ઉપરની બાબતો શાન્તચિત્તે વિચારવાથી 'બોલી' ને નિર્મૂલ કરવાનો મનોરથ તેજ સમયે નિર્મૂલ પ્રાય થઇ જશે, અમને લાગે છે કે તેમણે ઉપરની બધી દલીલો અને—ભાવસ્તવ અને દ્રવ્યસ્તવની ભિન્ન ભિન્ન સ્થિતિઓનો વિચાર કર્યો હોત અને એ દૃષ્ટિબિંદુ દ્વારા શ્રી હીરવિજયસૂરિના કથનને વિચાર્યું હોત તો બોલી માત્રને કાલ્પનિક કિંવા અસુવિહિતાચરિત ગણાવતાં પહેલાં એક વાર ફરીથી વિચાર કરત, એટલુંજ નહીં પણ કેવળ ભ્રાંતકલ્પનાના કાચા પાયા ઉપર પોતાની પત્રિકાની સૃષ્ટિ ન રચત.

શ્રીમાન્ હીરવિજયસૂરિ પ્રતિક્રમણાદિની બોલીને શા માટે

અસુવિહિતાચરિત ગણાવે છે તેનું કારણ આપણે ઉપર તપાસી ગયા જો તેઓ આરતી–પૂજાદિ બોલીને પણ અસુવિહિતાચરિત માનતા હોત તો શ્રી રત્નશેખરસૂરિ કે જેઓ "શ્રાદ્ધવિધિ" ના પ્રણેતા તરીકે સુપ્રસિદ્ધ છે અને જે શ્રાદ્ધવિધિ બોલી અને જીનદ્રવ્ય વૃદ્ધિને માટે જ્વલંત પુરાવા સમાન છે તેના કર્તાને પણ અસુવિહિત લેખત કે નહીં? તે આપણે પ્રકરણવશાત્ તપાસવું જોઇએ. શ્રી હીરવિજયસૂરિ, શ્રી રત્નશેખરસૂરિ પછી છઠ્ઠી પાટે આવેલા છે. શ્રી હીરવિજયસૂરિજીના ગ્રંથોનો અભ્યાસ કરનારાઓ સારી પેઠે જોઇ શકે તેમ છે કે શ્રી હીરવિજયસૂરિ શ્રી રત્નશેખરસૂરિ પ્રત્યે કેટલું બહુમાનં ધરાવતા હતા? શ્રી રત્નશેખરસૂરિના ગ્રંથના વાકયો શ્રી હીરવિજયસૂરિ અનેક પ્રસંગે પ્રમાણભૂત પુરાવાઓ તરીકે રજુ કરે છે, એટલુંજ નહીં પણ એક સ્થળે તેઓ શ્રી રત્નશેખરસૂરિને "સુવિહિતાગ્રેસર" નું માનભર્યું બીરૂદ આપી પોતાનો ભક્તિભાવ વ્યક્ત કરે છે. શ્રીમાન્ રત્નશેખર સૂરિશ્વરજી સરખા સુવિહિત આચાર્ય જ્યારે આરતી આદિમાં ઉછામણી કરવાનો અને તે દ્વારા દેવ દ્રવ્ય વધારવાનો ઉપદેશ આપે ત્યારે તેજ વાતને શ્રી હીરવિજયસૂરિ અસુવિહિતાચરિત કહે એ કોઇ બુદ્ધિમાન તો નજ સ્વીકારે. વળી પેથડશાહ જયારે ગિરનાર તિર્થમાં સંઘ લઇને આવ્યા ત્યારે શ્રી ધર્મઘોષસૂરિજીની વિદ્યમાનતામાં ઇંદ્રમાળાની ઉછામણી થઇ હતી એવા ઉલ્લેખો મળી આવે છે. જો બોલીને અસુવિહિતાચરિત માનવામાં આવે તો શ્રી ધર્મઘોષસૂરિને પણ અસુવિહિત આચાર્ય માનવા પડે. શ્રીમાન્ વિજયધર્મસૂરિ શ્રી ધર્મઘોષસૂરિને અસુવિહિત કહેવા જેટલી હદે જઇ શકશે? આ ઉપરથી "બોલી" માત્રને અસુવિહિતાચરિત છે એમ કહેવું તે કલિકાલસર્વજ્ઞ શ્રીમાન હેમચંદ્રસૂરિ, શ્રીધર્મઘોષસૂરિ, શ્રીરત્નશેખરસૂરિ અને શ્રીમાન્ હીરવિજયસૂરિ, વિગેરેનું

એક સરખું અપમાન કરવા બરાબર હોય એમ શું નથી લાગતું ?

આરતી-પૂજાદિની બોલી કે જેનું સર્વમાન્ય સમર્થન શ્રી રત્નશેખરસૂરિના શ્રાદ્ધવિધિ ગ્રંથમાં આપણે જોઇ શકીએ છીએ તેને શ્રી હીરવિજયસૂરિ અસુવિહિતાચરિત કહે એ છેક અસંભવિત છે, એમ આપણે ઉપર જોઇ ગયા, હવે આપણે આ 'બોલી' શાસ્ત્રાધારે અસુવિહિત આચરિત છે ખરી તેનો જરા વધુ વિચાર પ્રસંગાનુસાર કરી લઇયે—

"સુવિહિત આચરિતનું લક્ષણ."

પૂજા-આરતી આદિની બોલીને જેઓ અસુવિહિત આચરિત કહી પરાવર્તન કરવા આજ્ઞા કરે છે, તેઓ આચરિત અનાચરિતનો ભેદ સમજ્યા હોત તો આવી મોટી મુંઝવણમાં પણ ન આવી પડત, જે બોલીને રત્નશેખરસૂરિ જેવા માન આપે છે તે 'બોલી' ને અસુવિહિત આચરિત કહેવાનું પણ તેઓ ખરેખર સાહસજ ખેડે છે, આચરિતનું લક્ષણ અભયદેવસૂરિજી આ પ્રમાણે આપે છે—

असढेण समाइन्नं जं कत्थइ केणई असावज्जं ।
न निवारियमन्नेहिं बहुमणुमयमेयमायारियं ॥ १ ॥

(ભગવતિટીકા).

અર્થઃ—"કોઇ અમુક કારણના લીધે અશઠ ગીતાર્થ પુરૂષોયે આચર્યું હોય અને તેમાં કોઇ પ્રકારનું સાવદ્ય ન હોય, તથા તે કાલે અન્ય ગીતાર્થમુનિયોયે નિષેધ્યું ન હોય અને ઘણાઓ તેને સંમત થયા હોય તો તે આચરિત ગણાય."

'બોલી' એ ઘણા પ્રાચિનકાલથી ચાલી આવી છે એવું

આગમો અને પંચાગી ખાસ કરીને સાધુઓને માટેજ તેમના આચાર વિષયક પુસ્તકો છે, આ ગ્રંથોમાં ગૃહસ્થોના તમામ વિધાનોનું પ્રતિપાદન કયાંથી હોય, અર્થાત્ નજ હોય, હા માત્ર અમુક પ્રસંગે સાધુના આચારને લગતો શ્રાવકનો સંબંધ આવ્યો હોય ત્યાં તેના વિધાનનો લેશ ઇસારો કરાયો હોય છે, પરંતુ બહુશ્રુતોયે શ્રાવકોના ઉપકાર અર્થે આગમોના મૂલ શબ્દોનું ઉપજીવન કરી યોગ્ય યોગ્ય વિધાનો બતાવ્યા છે, એટલે કે જેટલે અંશે પંચાગી વચનો માન્ય છે તેટલે અંશે બહુશ્રુતોના વચનો અને આચરણાઓ પણ માન્ય છે.

"गीतार्थाचरणं तु मूलगणधरभणितमिव सर्वं विधेयमेव सर्वैरपि मुमुक्षुभिरिति"

(પ્રવચનસારોદ્ધાર).

અર્થ—"જે વાત ગીતાર્થજનોયે આચરી હોય તેને મૂલગણધરોના વચનની માફક સર્વ સાધુઓયે પણ વિધેયતરીકે માનવીજ જોઇયે."

યદિ કથંચિત્ આરતી–પૂજા આદિની 'બોલી' પંચાગીમાં સાક્ષાત્ ન પણ કહી હોય તો પણ હેમચંદ્રમહારાજ, ધર્મઘોષસૂરિ અને રત્નશેખરસૂરિ આદિ અનેક આચર્યોયે બહુમાનપૂર્વક માન્ય રાખી છે, એટલે મૂલગણધરમાન્ય તુલ્ય કહી શકાય, પરંતુ તેનો એકાએક અનાદર કરવો અશાસ્ત્રીય બતાવવી એ આસ્તિકોના હૃદયને ગ્રાહ્ય તો નજ થાય, પુનઃ જે વિધાન પૂર્વાચાર્યોએ બદલવાનું જણાવ્યુંજ નથી તે વિધાનને આપણે સ્વેચ્છાથી ફેરવવા તૈયાર થવું એ કંઈ પ્રતિષ્ઠિત ડહાપણ નજ ગણાય, બસ ઉપરની યુક્તિ અને પ્રમાણોથી એ સિદ્ધ થઇ ચુક્યું કે 'આરતી–પૂજા આદિની બોલી' સુવિહિત આચરિત છે.

આગમો અને પંચાગી ખાસ કરીને સાધુઓને માટેજ તેમના આચાર વિષયક પુસ્તકો છે, આ ગ્રંથોમાં ગૃહસ્થોના તમામ વિધાનોનું પ્રતિપાદન કયાંથી હોય, અર્થાત્ નજ હોય, હા માત્ર અમુક પ્રસંગે સાધુના આચારને લગતો શ્રાવકનો સંબંધ આવ્યો હોય ત્યાં તેના વિધાનનો લેશ ઇસારો કરાયો હોય છે, પરંતુ બહુશ્રુતોયે શ્રાવકોના ઉપકાર અર્થે આગમોના મૂલ શબ્દોનું ઉપજીવન કરી યોગ્ય યોગ્ય વિધાનો બતાવ્યા છે, એટલે કે જેટલે અંશે પંચાગી વચનો માન્ય છે તેટલે અંશે બહુશ્રુતોના વચનો અને આચરણાઓ પણ માન્ય છે.

"गीतार्थाचरणं तु मूलगणधरभणितमिव सर्वं विधेयमेव सर्वैरपि मुमुक्षुभिरिति"

(પ્રવચનસારોદ્ધાર).

અર્થ—"જે વાત ગીતાર્થજનોયે આચરી હોય તેને મૂલગણધરોના વચનની માફક સર્વ સાધુઓયે પણ વિધેયતરીકે માનવીજ જોઇયે."

યદિ કથંચિત્ આરતી-પૂજા આદિની 'બોલી' પંચાગીમાં સાક્ષાત્ ન પણ કહી હોય તો પણ હેમચંદ્રમહારાજ, ધર્મઘોષસૂરિ અને રત્નશેખરસૂરિ આદિ અનેક આચર્યોયે બહુમાનપૂર્વક માન્ય રાખી છે, એટલે મૂલગણધરમાન્ય તુલ્ય કહી શકાય, પરંતુ તેનો એકાએક અનાદર કરવો અશાસ્ત્રીય બતાવવી એ આસ્તિકોના હૃદયને ગ્રાહ્ય તો નજ થાય, પુનઃ જે વિધાન પૂર્વાચાર્યોએ બદલવાનું જણાવ્યુંજ નથી તે વિધાનને આપણે સ્વેચ્છાથી ફેરવવા તૈયાર થવું એ કંઈ પ્રતિષ્ઠિત ડહાપણ નજ ગણાય, બસ ઉપરની યુક્તિ અને પ્રમાણોથી એ સિદ્ધ થઇ ચુક્યું કે 'આરતી-પૂજા આદિની બોલી' સુવિહિત આચરિત છે.

હવે શ્રી રત્નશેખરસૂરિ કઇ કઇ રીતે દેવદ્રવ્યની વૃદ્ધિ કરવા-નું સૂચવે છે તે શાંતિ અને મધ્યસ્થતા-

'जिणधणवुड्ढि' થી તપાસીશું. મધ્યસ્થતાનો ઉલ્લેખ અમે આ સ્થળે ખાસ ઈરાદાપૂર્વક જ કર્યો છે. શ્રી વિજયધર્મસૂરિ 'બોલી' ને કલ્પિત અને અસુવિહિતાચરિત માનતા હોવાથી, તેમજ આરતી-પૂજા આદિનું ઘી દેવદ્રવ્યમાં જ લઇ જઇ શકાય એવો શાસ્ત્રીય પુરાવો મળે તો પોતે માફી માગે એમ એકવાર તેમણે જણાવેલું હોવાથી, શ્રાદ્ધવિધિકારના કથિતાશયને તેઓ પોતાની રૂચિ અનુસાર ગોઠવી કહાડતા હોય એમ તેમની પત્રિકા નં. ૨ ના ૮ મા પૃષ્ટ ઉપરથી જણાય છે. મધ્યસ્થતા રાખવાનું આમંત્રણ અમે એટલા માટે કરીએ છીએ કે અમે તે કથનને કે કથનના અર્થને કોઇ પણ રીતે વિકૃત ન કરતાં મૂળ ગ્રંથકારના આશયનોજ પ્રકાશ તે પર નાખવા ઇચ્છીયે છીયે. **जिणधणवुड्ढि**—જીન દ્રવ્યવૃદ્ધિના સંબંધમાં શ્રાદ્ધવિધિના કર્તા આ પ્રમાણે સ્પષ્ટીકરણ કરે છે—

"जिनधनस्य–देवद्रव्यस्य वृद्धिर्मालोद्घट्टनेन्द्रमालादिपरिधानपरिधापनिकाधोतिकादिमोचनद्रव्योत्सर्पणपूर्वकारात्रिकविधानादिना"—

શ્રીવિજયધર્મસૂરિ એ પાઠનો અર્થ નીચે પ્રમાણે આપે છે:—"**શ્રાવકે દર વર્ષે** (આ કાળા-મ્હોટા અક્ષર વિજયધર્મસૂરિના પોતાના છે.) દેવદ્રવ્યની વૃદ્ધિ માટે આ કામો કરવાં—માળ પહેરવી, ઇંદ્રમાળાદિ પહેરવી, પહેરામણી મૂકવી અને ધોતિયાં વિગેરે મૂકવાં તથા **દ્રવ્ય નાખવા પૂર્વક આરતી ઉતારવી.**"

એજ અર્થ ઉપર વિવેચન કરતાં શ્રી વિજયધર્મસૂરિ કહે છે કે "ઉપર્યુક્ત પાઠની અંદર ચઢાવાનું કે બોલીનું નામ માત્ર

પણ નથી તેમજ તે કૃત્યો પણ એવાં છે કે જેમાં બોલીની જરૂર પણ નથી જોવાતી * * * * બોલીની સાથે ઉપર્યુક્ત પાઠને કંઇ સંબંધજ નથી." આ વાકયોમાં પ્રથમ દૃષ્ટિયેજ શ્રીવિજયધર્મસૂરિનો આવેશ, આગ્રહ અને વિચારમોહ પ્રતીત થઈ આવે છે એવો વિચારમોહ તેમને મૂળ પુરૂષનો આશય સમજવામાં અથવા તો સત્ય અર્થના સ્વીકારમાં વિઘ્નરૂપ ન થાય એટલુંજ આપણે હાલ તુરતમાં તો ઇચ્છીશું.

કુમારપાળના સંઘમાં ચઢાવો.

શ્રીમાન્ વિજયધર્મસૂરિ ઉપરના અર્થમાં "**માળા પહેરવી, ઇંદ્રમાળા પહેરવી**" એમ કહી માળા વિગેરેનો ચઢાવો ઉડાવી દેવા માગે છે; છતાં જો ચઢાવો ન થાય તો પછી દેવદ્રવ્યની વૃદ્ધિ શી રીતે થાય? એવો એક પ્રશ્ન સાહસીકતા તેમના મનમાં ઉદ્ભવે છે. તેઓ પોતાની કલ્પનાશક્તિથી તેનું સમાધાન શોધી કહાડે છે. તેઓ અર્થને મરડ્યા શિવાય પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરી શકે તેમ ન હતું તેથી અર્થનો અનર્થ કરતાં કહેવું પડે છે કે:—"ઉપર્યુક્ત કાર્યોનું (માળા-ઈંદ્રમાળા વિગેરેનું) દ્રવ્ય વસ્તુઓ પહેલાં દેવદ્રવ્યમાં લઈ જતા" અર્થાત્ એ માળા આ કાળે પણ દેરામાં મેલવી અને એ રીતે દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી શ્રીવિજયધર્મસૂરિ પોતાના આ અર્થમાં કેટલા વ્યાજબી છે અને માળા દેરાસરમાં મૂકવાથીજ દેવદ્રવ્યની વૃદ્ધિનો આશય સાર્થક થઈ શકે એમ કહેવામાં તેઓ શાસ્ત્રીય વિધિ તથા વિવેકબુદ્ધિનું કેવી રીતે ઉલ્લંઘન કરે છે. તે શ્રીમાન્ રત્નશેખરસૂરિજી મહારાજના પોતાના વિવેચન ઉપરથી જણાઇ આવે તેમ છે દેવદ્રવ્યવૃદ્ધિ નામના પાંચમા દ્વારના વિવેચનમાં શ્રીરત્નશેખરસૂરિ કહે છે કે—

तथा देवद्रव्यवृद्ध्यर्थं प्रतिवर्षं मालोद्घट्टनं कार्यं, तत्र

चन्द्रयान्या वा माला प्रतिवर्षं यथाशक्ति ग्राह्या, श्रीकुमारपाल-संघे मालोद्घट्टनसमये मन्त्रिवाग्भटादिषु लक्षचतुष्कादिवादिषु 'महूआ' वासिसौराष्ट्रिकप्राग्वाटहंसराजधारूपुत्रो जगडो मलिनांगवस्त्रो सपादकोटीं चक्रे विस्मयाद्राज्ञा पृष्टः प्राह मत्-पित्रा नौयात्रार्जितधनैः सपादकोटिमुल्यमाणिक्यपंचकं चक्रे, प्रान्ते चोक्तं-श्रीशत्रुंजयरैवतदेवपत्तनेषु देवस्यैकैकं दद्याः, द्वे त्वया स्थाप्ये इति ॥

"વળી દેવદ્રવ્યની વૃદ્ધિને અર્થે દરેક વર્ષે માલોદ્ઘટ્ટન કરવું. તેમાં ઇંદ્રમાળા અથવા બીજી માળા દર વર્ષે શક્તિ પ્રમાણે ગૃહણુ કરવી. શ્રી કુમારપાળના સંઘમાં માલોદ્ઘટ્ટન થયું ત્યારે વાગ્ભટ્ટમંત્રિ વિગેરે સમર્થ લોકો ચાર લાખ, આઠ લાખ ઇત્યાદિ સંખ્યા બોલવા લાગ્યા. તે સમયે સોરઠ દેશનો મહુઆનો રહીશ પ્રાગ્વાટ હંસરાજ ધારૂનો પુત્ર જગડુશા મલીન શરીરે મલીન વસ્ત્ર પહેરી ઓઢીને ત્યાં ઉભો હતો, તેણે એકદમ સવાક્રોડની રકમ કહી. આશ્ચર્યથી કુમારપાળ રાજાએ પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે મ્હારા પિતાએ નૈકામાં બેસી દેશ-દેશાંતર વ્યાપાર કરી ઉપાર્જન કરેલા દ્રવ્યથી સવાક્રોડ સોનૈયાની કીમતના પાંચ માણિક્યરત્ન ખરીદ્યાં હતાં, અને અંત વખતે મને કહ્યું હતું કે "શ્રી શત્રુંજય, ગિરનાર અને કુમારપટ્ટન એમાં નિવાસ કરનારા ભગવાનને એકેક રત્ન ત્હારે આપવું અને બે રત્ન તારે પોતાને સારૂ રાખવાં" વિગેરે. (આ ભાષાંતર આજથી લગભગ ૧૫ વર્ષ ઉપર પ્રકટ થયેલ શ્રાદ્ધવિધિ-ભાષાંતરમાંથી અક્ષરશઃ લેવામાં આવ્યું છે. તેથી તેમાં આગ્રહયુક્ત અર્થનો સંભવ નથી.)

એજ માળાના ચઢાવા સંબંધે ઉપદેશસપ્તતી અને ચતુર્વિંશતિપ્રબંધકાર પણ સ્પષ્ટ શબ્દોમાં આ પ્રમાણે વિવેચન કરે છેઃ—

मालोद्घाटनप्रस्तावे तादृशि संघे राज्ञि संघे च निषण्णे वाग्भटः प्रथमं लक्षचतुष्कमवदत् प्रच्छन्नधार्मिकः कश्चित्कथापयति लक्षा अष्टौ एवमन्यान्येष्वीश्वरेषु वर्द्धयत्सु कश्चित्सपादकोटी चकार.

(ચતુર્વિંશતિપ્રબંધ).

અર્થ—"તેવા પ્રકારના (મહાઋદ્ધિયુક્ત) સંઘમાં માળાના ચઢાવા પ્રસંગે રાજા અને સંઘ સ્વસ્થપણે બેઠા પછી પ્રથમ વાગ્ભટ્ટ ૪ લાખ બોલ્યા તેવામાં કોઇ ગુપ્ત ધર્મીષ્ટજને આઠ લાખ કહ્યા, એવી રીતે અન્ય અન્ય ગૃહસ્થો પણ બોલીને દ્રવ્યનો વધારો કરવા લાગ્યા ત્યારે કોઇએ સવાક્રોડ રૂપિયા કર્યા (અન્તમાં તેણે માળા પહેરી.)"

અહીં રાજા કુમારપાલ, મંત્રી વાગ્ભટ અને અન્ય અન્ય ગૃહસ્થોએ માળાની 'ઉછામણી' કરી એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. આ 'ઉછામણી'ના સમયે હેમચંદ્રમહારાજ, શ્રીદેવસૂરિ શ્રી શ્રીધર્મઘોષસૂરિ આદિ મહાપ્રભાવક આચાર્યો હાજર હતા. જો આ બોલીને અસુવિહિત માનેલ હોત તો તે તે આચાર્યો અવશ્ય નિષેધ કરત, પરંતુ આ સ્થળે તો આથી ઉલટોજ પ્રસંગ જોવાય છે.

श्रीसंघे मिलिते तत्र मालोद्घट्टनहेतवे ।
चतुर्लक्षैरयाचिष्ट वाग्भटः प्रथमं स्रजम् ॥
प्रच्छन्नपुरुषः कोऽपि लक्षैस्तामष्टभिः पुनः ।
ततः षोडशभिर्लक्षैर्वाग्भटस्तामयाचत ॥

एवं प्रवर्द्धमानेऽथ मूल्ये प्रच्छन्नपुरुषः ।
सपादकोट्यां तां मालां मार्गयन् प्रकटोऽभवत् ॥

(કુમારપાલચરિત્ર).

અર્થાત્—"ત્યાં શત્રુંજય તિર્થમાં માળા પહેરવા માટે શ્રીસંઘ મળ્યો ત્યારે પહેલાં વાગ્ભટમંત્રીએ ચાર લાખથી માળા માગી, પછી પ્રચ્છન્નસ્વરૂપવાળા કોઇએ આઠલાખથી માગી, ત્યારબાદ ફરી વાગ્ભટે સોળ લાખથી માગી. આ પ્રમાણે વધતા વધતા પ્રચ્છન્ન સ્વરૂપવાળો પુરૂષ સવાક્રોડથી માળા લેવા બ્હાર પડયો."

આ વિવેચનમાં કાર્યનું દ્રવ્ય-શ્રીવિજયધર્મસૂરિના કહેવા પ્રમાણે વસ્તુ-દેવદ્રવ્યમાં લઇ જવાનો ઇસારો સરખો પણ શું ક્યાંઇ જોવામાં આવે છે? બલ્કે માળાનો ચઢાવો કરવાનું અને એ રીતે દેવદ્રવ્યની અભિવૃદ્ધિ કરવાનું સ્પષ્ટ સૂચનજ આપણે તો જોઇ શકીએ છીએ. કુમારપાળ રાજાના સંઘમાં જે માલોદ્ઘટ્ટન થયાનો અને મહુઆના રહીશ જગડુશાએ ચાર-આઠ લાખથી આગળ વધી સવાક્રોડનો ચઢાવો કર્યાનો જે ઐતિહાસિક પુરાવો શ્રીરત્નશેખરસૂરિજીએ પોતાના વિવેચનમાં ટાંકી બતાવ્યો છે તે શ્રીવિજયધર્મસૂરિના "બોલીનું નામ માત્ર પણ નથી" એ કથનના સમર્થનમાં કેવી રીતે બંધબેસતો અને ઉપયોગી થાય તે અમારી ધારણામાં આવી શકતું નથી. શ્રીવિજયધર્મસૂરિ તેનું સામંજસ્ય કેવી રીતે સાધે છે તે જાણવાજોગ થઇ પડશે. હવે જો ચઢાવો કિંવા બોલી કલ્પિત અને અસુવિહિતાચરિત હોત તો શ્રીહેમચંદ્રસૂરિ, શ્રીદેવસૂરિજી, ધર્મઘોષસૂરિજીની હાજરીમાં કુમારપાળરાજાના સંઘમાં એવો ચઢાવાનો પ્રસંગ બનવા પામત ખરો? આ દૃષ્ટાંતજ બતાવી આપે છે કે ચઢાવો એ દેવદ્રવ્યવૃદ્ધિનું એક મુખ્ય અંગ છે અને તે ચઢાવો

આજ-કાલનો કલ્પિત કે અસુવિહિત નહીં; પણ શાસ્ત્રીય તેમ-જ સુવિહિત છે. કથાવાદને ભલે વિધિવાદથી ઉતરતી પંક્તિએ મૂકવામાં આવે, પરંતુ જ્યારે વિધિવાદના ઉપદેષ્ટા પોતે પોતાના આશયને સહજ સુબોધ બનાવવા માટે કથાનો ઉલ્લેખ કરે ત્યારે તેમણે કરેલા શબ્દાર્થો સ્વીકારવા એ જીજ્ઞાસુઓની દેખીતી ફરજ છે. એવે પ્રસંગે બીજું બ્હાનું શોધી દુરાગ્રહને વળગી રહેવું એ હાથમાં મસાલ લઇ કૂવામાં ઉતરવા જેવું શું ન ગણાય ?

સરલ અને સહજ અર્થને વિકૃત બનાવવા જતાં બીજી અનેક કલ્પનાઓ ન છુટકે ઉપજાવવી પડે છે. એટલું છતાંએ વિદ્વાનો અને વિચારકોની દૃષ્ટિયે તો તે કૃત્રિમતા છુપી રહી શકતી નથી. ધર્મસંગ્રહ પાનું ૧૬૭ માં સ્પષ્ટ રૂપે એવા શબ્દો છે કે—

तथा मालापरिधापनादौ देवसत्कं कृतं द्रव्यं सद्य एव देयं ।।

" માલાપરિધાન વિગેરેમાં કબુલેલું દ્રવ્ય તુરતમાંજ ભરી દેવું." આ સ્થળે જો માળા-વસ્તુજ અર્પવાની હોત તો પછી નિયત કરેલું દેવદ્રવ્ય તત્કાળમાંજ આપી દેવાનો આગ્રહ શા માટે કરવામાં આવે ? કિંવા ચોખ્ખી મર્યાદા બાંધવાની આવશ્યકતા શા માટે પ્રબોધવામાં આવે ?

શ્રીમાન્ વિજયધર્મસૂરિ ચઢાવાની ઉપર ચઢાઇ લઇ જતાં ઘણી ઘણી ગુંચવણોમાં આવી પડે છે. પહેલી ગુંચવણ તો તેમને એજ નડે છે કે તેઓ મંત્રી વાગ્ભટ, રાજા કુમારપાળ અને શ્રેષ્ઠીવર્ય જગડુશાની " બોલી " નો સ્પષ્ટાર્થ દીલ ખોલીને કરી શકતા નથી. બીજું કાર્યોનું દ્રવ્ય અથવા વસ્તુઓ કિંવા માળા જેવી વસ્તુ મૂકવાથી દેવદ્રવ્યમાં શી રીતે વૃદ્ધિ થાય તે નિખાલસપણે કહી શકતા નથી અને ત્રીજું પોતે પહેરેલી

આળા કે જે યથાર્થમાં નિર્માલ્ય ગણાય તે ભગવાનને ધરવાથી આશાતના થાય કે દેવદ્રવ્યની વૃદ્ધિ થાય તેનો ખુલાસો શોધી શકતા નથી.

આ પ્રમાણે એક અર્થને આગ્રહપૂર્વક બદલી નાંખવા જતાં અનેક આપત્તિયો જાણે-અજાણ્યે પોતાને માથે વ્હોરી લેવાઈ છે. શ્રાદ્ધવિધિની જેમ સુકૃતસાગર, કુમારપાળપ્રબંધ તથા ઉપદેશસપ્તતિકા, ચતુર્વિંશતિપ્રબંધ આદિ ઘણા ગ્રંથોમાં પણ માળાના તેમજ ચઢાવાના પ્રસંગો પ્રાપ્ત થઈ શકે છે. શ્રી વિજયધર્મસૂરિને અથવા તો તેમના સરખી માનીનતા-વાળાઓને પાઠો ઉપયોગી થશે એવી ધારણાથી અમો તેમાંથી કેટલાએક પાઠોનો નીચે ઉલ્લેખ કરીએ છીએઃ—

उभयोरिन्द्रमालां यः परिधास्यति संघपः ।
तस्य तीर्थमिदं भावि तदेति स्थविरा जगुः ॥
तदा च सहसोत्थाय पेथडः पुण्यपेशलः ।
ऐन्द्रिं परिदधे मालां तीर्थमात्मीय चकार च ॥

(ઉપદેશસપ્તતિકા).

અર્થાત્—"તે વખતે વૃદ્ધ પુરૂષો એમ બોલ્યા કે આ બન્ને સંઘમાં જે સંઘપતી ઇન્દ્રમાળા પહેરશે તેનું આ તીર્થ થશે. તે વખતે પુણ્યપેશલ એવા પેથડે તુરત ઉઠીને ઇન્દ્રમાલા પહેરી અને તે તીર્થને પોતાનું બનાવ્યું."

બે સંઘના સંઘપતિયો વચ્ચે જ્યારે ઇન્દ્રમાળા પહેરવા-ની તિક્ષ્ણ સ્પર્દ્ધા ગીરનાર ઉપર ચાલી રહી હતી, તે વખતે પેથડે સૌથી વધારે ઉછામણી કરી અને તીર્થને પોતાનું બના-વ્યું એ વાત અહીં ધ્યાનમાં રહેવી જોઇએ. સુકૃતસાગરના ૩૯ મા પાનામાં એ પ્રસંગનું વિસ્તાર પૂર્વક રસમય વર્ણન કર-

વામાં આવ્યું છે. તેમાંથી અમે 'ઉછામણી' નો અર્થ સૂચવનારા નીચેના થોડા શ્લોકો ઉતારી લીધા છે.

तौ टंकान् हाटकान् हेमसत्कसेरघटीरापि ।
क्रमेण चक्रतुस्तीर्थग्रहव्यग्रहृदौ तदा ॥
रैघटीः सचिवस्तत्र पंचेन्द्रस्रक्कृते कृताः ।
षडन्योऽपि ततः सप्ताष्टाद्यस्तौ चक्रतुः क्रमात् ॥
चक्रे च षोडषाद्यस्ताः सद्यस्तत्र क्षणेऽपरः ।
मार्गयित्वा दिनान्यष्टौ स्वर्णं मेलयितुं ययौ ॥

"તે વખતે તીર્થ લેવામાં ઉત્સુક હૃદયવાળા તે બન્ને જણ ક્રમે ક્રમે સોનાની ટાંકો, શેર અને ઘડીઓ બોલવા લાગ્યા. તેમાં મંત્રી (શ્વેતાંબર સંઘના સંઘપતિ) એ ઇન્દ્રમાળા લેવા માટે સોનાની પાંચ ઘડીની ઉછામણી કરી, એટલે સામાવાળા છ ઘડી બોલ્યા. ત્યારે મંત્રી સાત આઠ એવી રીતે ક્રમે ક્રમે ઉછામણી કરવા લાગ્યા. તે વખતે ત્યાં સંઘમાંનો બીજો કોઇ એક સોળ ઘડી બોલ્યો અને તે માણસ આઠ દિવસની અંદર સોનું લાવી દેવાનું કબૂલી સુવર્ણ એકઠું કરવા ગયો." (છેવટે છપ્પન ઘડી સુવર્ણ બોલીને પેથડે ઇંદ્રમાળા અંગીકાર કરી અને તે તીર્થને પોતાનું બનાવ્યું.)

રાજા કુમારપાળ, મંત્રી વાગ્ભટ અને શેઠીપુત્ર જગડુશાનો ઉછામણીવાળો પ્રસંગ શ્રાદ્ધવિધિકારના પોતાના શબ્દોમાં અમો આગળ એકવાર રજુ કરી ચુકયા છીએ. વાંચકો જોઇ શકયા હશે કે મંત્રી અને રાજા વચ્ચે કલેશને અવકાશ ન હોય અને તેથી કલેશનિવૃત્તિ માટેજ બોલી કલ્પવામાં આવી છે એ અનુમાન ખાલી તર્કવિલાસ સિવાય બીજું કંઇજ ન હોઇ શકે. કુમારપાળપ્રબંધ એ પ્રસંગ ઉપર વિશેષ પ્રકાશ નાખે છેઃ—

मालोद्घट्टनसमये मिलितेषु श्रीनृपादिसंघपतिषु मंत्री वाग्भटः इन्द्रमाला मूल्ये लक्षचतुष्कमुवाच, तत्र च राजाष्टौ लक्षान् मंत्री षोडशलक्षीं राजा द्वात्रिंशत् लक्षान् एवं स्पर्द्धया मालामूल्ये क्रियमाणे कश्चित् प्रच्छन्नदाता सपादकोटीं चकार ॥

અર્થાત્—"માળા પહેરવાના સમયમાં શ્રી કુમારપાળ-રાજા વિગેરે સંઘપતિ તથા સર્વ લોક મળ્યા પછી વાગ્ભટે ઈન્દ્રમાળા પહેરવા નિમિત્તે પ્રથમ ચાર લાખની ઉછામણી કરી. ત્યારે રાજાએ આઠ લાખની, પુનઃ મંત્રીએ સોળ લાખની કરી, રાજાએ બત્રીશ લાખની ઉછામણી કરી. આ પ્રમાણે પરસ્પર સ્પર્દ્ધા વડે માળાની બોલીમાં આગળ વધ્યા. એવામાં કોઈ એક ગુપ્તદાતા પુરૂષ સવાક્રોડ બોલી ઊઠયો !" અહીંઆ ચઢાવાનો, હેતુ પ્રકટજ છે, એટલે તે વિષે વિવેચન કરવું નિરર્થક ગણાશે. આગળ જતાં વિસ્તૃત કથાના અંતે કહ્યું છે કે—

लक्ष्मीवंतः परेऽप्येवं बद्धस्पर्द्धाः शुभश्रियः
स्वयंवरणमालावन्मालां जगृहुरादरात्
सर्वस्वेनापि को मालां न गृह्णीयाज्जिनौकसि
इहलोकेऽपि यत्पुण्यैः स्फूरेदिंद्रपदं नृणाम्
+ एवं कृताऽऽरात्रिकमंगलोद्यतप्रदीपपूजाद्यखिलोपचारः

(કુમારપાળપ્રબંધ.)

+ ઉપરના ૨ શ્લોકથી ગ્રંથકાર માલાની 'ઉછામણી' બતાવે છે, અને ત્યારબાદ ત્રીજા શ્લોકમાં 'આરતી-પૂજા' આદિનું વિધાન જણાવે છે, આ વિધાન બતાવતા ગ્રંથકાર આદિમાંજ 'एवं' એ શબ્દ આપે છે, આનો ભાવાર્થ એ છે કે-જેમ માલાનું વિધાન બતાવ્યું તેમ તેજ વિધાનથી પ્રજાગુરૂ કુમારપાલે આરતી-પૂજા વિગેરે કાર્યો કર્યા, અહીં 'एवं' એ તુલ્યતા અર્થમાં

અર્થાત્—"બીજા પણ કલ્યાણને ઇચ્છનારા શ્રીમંતો પૂર્વની માફક સ્વયંવરમાળાની જેમ બીજી બીજી માળાને આદરપૂર્વક ગ્રહણ કરવા લાગ્યા. જીનમંદિરમાં પોતાનું સર્વસ્વ આપીને કયો પુરૂષ આ માળા ગ્રહણ ન કરે? કે જેના પુણ્યવડે આ લોકમાં પણ મનુષ્યોને ઇંદ્રપદની પ્રાપ્તિ થાય છે, જેવી રીતે "બોલી" પૂર્વક માળા ગ્રહણ કરવામાં આવી તેમ રાજાએ આરતી, મંગળકારી દીવો અને પૂજાદિક સમગ્ર ઉપચારો બોલીથી કર્યા."

આ છેલ્લા પ્રમાણથી જણાશે કે માળાપરિધાન પ્રસંગેજ ઉછામણી વિહિત છે, એટલુંજ નહીં પણ આરતી-પૂજાદિમાં પણ બોલી સુવિહિત છે. માત્ર આરતીની સાથેજ ઉત્સર્પણ શબ્દની યોજના કરનાર અને ઉત્સર્પણનો અર્થ "નાખવું" કરનાર મહાશયોને ઉપરોક્ત પ્રમાણોથી ઘણું વિચારવા યોગ્ય સાહિત્ય મળી શકશે. ઇન્દ્રમાળાઓની વિવિધતા અને તીર્થમાળા તેમજ ઇન્દ્રમાળા વચ્ચેની ભિન્નતા વિષે વિવેચન કરવાનું અન્ય કોઇ પ્રસંગને માટે મુલતવી રાખી, આ પ્રસંગે માત્ર એટલુંજ કહેવું બસ થઇ પડશે કે નકરો આપી લેવાતી માળા વસ્તુ-

ગ્રંથકાર વાપરે છે, પરંતુ 'સમુચ્ચય' અર્થમાં વાપરતા નથી; છતાં યદિ 'સમુચ્ચય' અર્થમાં છે એમ પણ માની લઇયે તથાપિ જેમ ઉપરનું કાર્ય કર્યું તેમ આ બધા સમુચ્ચિત કાર્યો કર્યા એવો અર્થ કરવામાં કંઇ પણ અહીં બાધક દેખાતું નથી, કારણ કે જે પ્રજાગુરૂ 'માલા'ની ઉછામણી કરે તે પ્રજાગુરૂ આરતી-પૂજા આદિ 'ઉછામણી'થી કરે એ કંઇ આશ્ચર્યકારક નજ ગણાય, તથા 'ઉછામણી' વાલા પ્રસંગ પછી ગ્રંથકાર આરતી-પૂજા આદિનો પ્રસંગ જણાવે છે તો 'एवं' એ શબ્દનો 'तुल्य' અર્થ માનવો એજ વધારે વજનદાર માની શકાય, અન્યથા પ્રકરણને લગતો અર્થ ઉત્થાપી નાંખી અપ્રાસંગિક અર્થનો ખુટો ઉભો કરવો એ અર્થ કરનારનો દૃષ્ટિતોજ આગ્રહ ગણાય, આવા આગ્રહને યદિ સર્વત્ર અવકાશજ આપવામાં આવે તો તમામ શાસ્ત્રો આગ્રહમાંજ ખેંચાઇ આવે અને સત્યને અવકાશજ ન મલે, એટલે ચર્ચાને ત્રાસકારી માની લઇ છેટા ઉભા રહેવું એજ શ્રેયસ્કર છે.

તઃ ઇન્દ્રમાળા નથી હોતી. સંઘપતી જે માળા આજકાલ નકરો આપી પહેરે છે તે તીર્થમાળાજ હોય છે. તીર્થમાળા અને ઇન્દ્રમાળા વચ્ચેનો ભેદ જો શાસ્ત્રીય પ્રકાશમાં તપાસવામાં આવે તો તીર્થમાળા અને ઇન્દ્રમાળા સમજી લેવાના ભ્રમમાં પડવાપણું ન રહે.

"ઉત્સર્પણ" શબ્દના અર્થ વિષે તેમજ તે શબ્દ ક્યાં ક્યાં કેવા અર્થમાં વપરાયો છે તે વિષે વિચાર ચલાવવા જેટલી ભૂમિકાએ આપણે હવે આવી પહોંચ્યા છીએ.

દ્રવ્યોત્સર્પણનો અર્થ.

"બોલી" વસ્તુતઃ શાસ્ત્રવિહિત તેમજ સુવિહિત છે, એટલી વાત પુરવાર કરવા અમે સ્હેજ લંબાણમાં ઉતર્યા છીએ. બની શક્યા તેટલા, સંક્ષિપ્ત પુરાવાઓ પણ આપી ચુક્યા છીએ. તે સઘળા પુરાવાના પાઠો વિચારવાનું અમે સર્વ કોઇને આગ્રહપૂર્વક તો નજ કહી શકીએ. જેઓ શાસ્ત્રકારના ગંભીર આશયો વાંચી-વિચારીને સમજી શકવાની સ્થિતિમાં હોય તેમને તે પાઠ ઉપયોગી થાય તે સિવાય અમારો બીજો ઉદ્દેશ નથી. શ્રીવિજયધર્મસૂરિજીએ ઉક્ત પાઠો વાંચ્યા-વિચાર્યા હશે કે નહીં તે અમે જાણતા નથી. અમે એટલું કલ્પી શકીએ કે જો તેમણે તે ગ્રંથો સમભાવે અવલોક્યા હોત તો તેઓ કલમના એકજ ઝપાટે બોલી-ચઢાવાને જમીનદોસ્ત કરી નાંખવાનું આટલું સાહસ ખેડવાને કદાચ તૈયાર ન થાત. તે ગમે તેમ હો. એટલું તો ચોક્કસ છે કે જો તેમણે શ્રાદ્ધવિધિની સાથે આચાર્યાદિ મુનિમંડલે સૂચવેલાં અન્યાન્ય ગ્રંથો વિવેકબુદ્ધિએ વિચાર્યા હોત તો તેઓ હાથે કરીને ઉભી કરેલા કેટલાક વિટંબણાઓમાંથી સ્હેજે બચી શક્યા હોત. આ સ્થળે માત્ર એકજ દૃષ્ટાંત આપીશું.

द्रव्योत्सर्पणपूर्वकारात्रिकविधानादिना (देवद्रव्य वृद्धिः

કાર્યો)–'દ્રવ્યની ઉછામણી પૂર્વક આરતી વિગેરે કરવાં,' ('અને એ રીતે દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી.) શ્રાદ્ધવિધિકારના ઉક્ત પાઠમાં જે "દ્રવ્યોત્સર્પણ" શબ્દ આવે છે તેનો સાચો અર્થ શ્રીવિજયધર્મસૂરિ દીલ ખોલીને આપી શકતા નથી. ઉત્સર્પણનો યથાર્થ ભાવ, તેજ શબ્દના અપભ્રંશમાં–ઉચ્છામણીમાં આપણે જોઇ શકીએ છીએ. પરંતુ ઉચ્છામણી તેમને પ્રથમથી અસ્વીકાર્ય હોવાથી તે શબ્દ તેમને અનુકૂળ નથી પડતો. ઉત્સર્પણનો અર્થ જો ઉચ્છામણી કિંવા બોલી નક્કી થાય તો તેમની પત્રિકાઓનો પાયોજ ધસી પડે તેમ છે. આથી કરીને "શબ્દચિંતામણી," "શબ્દસ્તોમમહાનિધિ" આદિ કોશોમાં ઉત્સર્પણનો અર્થ કરવામાં આવ્યો છે તે થકી છેક ભિન્ન અર્થ કરવાની તેમના શિરે અપરિહાર્ય ફરજ આવી પડે છે. તેઓ મૂળ અર્થને ઓપવવા અને ગુંગળાવવા કહે છે કે—"દ્રવ્ય નાંખવા પૂર્વક આરતી ઉતારવી." અહીં જે નાંખવું અર્થ ઉત્સર્પણનો કરવામાં આવ્યો છે તે પ્રકટ રીતેજ અભિનિવેશસૂચક છે. જો તેઓ આગ્રહના રંગીન ચશ્મા ઘડીભર ઉતારીને વેગળા મૂકે તો તેજ ક્ષણે ઉત્સર્પણનો મૂળ–સ્વચ્છ અર્થ તેમની દૃષ્ટિ સંમુખ પ્રતિભાત થાય! ઉત્સર્પણ શબ્દથી સમર્પણનોજ અર્થ જો શ્રાદ્ધવિધિકારને ઇષ્ટ હોત તો તેઓ ઉત્સર્પણનો પ્રયોગ ન વાપરતાં સમર્પણ કે અર્પણનોજ પ્રયોગ કરત. પરન્તુ તે સમર્પણ શબ્દ રાજા કુમારપાળ, મંત્રી વાગ્ભટ અને શ્રેષ્ઠીપુત્ર જગડુશાની ઉચ્છામણીનો શી રીતે સુચક કિંવા બોધક થાત એ વિચારવાનું છે. ઉત્સર્પણ શબ્દનો વિવિધ શબ્દકોશોમાં તેમજ શ્રાદ્ધવિધિના એક પુરાતન ટબામાં જે અર્થ મંજુર રાખવામાં આવ્યો છે તેજ અમે આ સ્થળે નિષ્પક્ષપાતપણે રજુ કરીએ છીએ.

उत्सर्पण—ઉત્, સૃપ્, લ્યુટ્=છોડીને આગળ વધવું-ઉલ્લંઘન.
(શબ્દચિંતામણી પૃષ્ટ ૧૦૪)

„ „ „ „ छोडकर आगे जाना—लांघना.
(પદ્મચંદ્ર કોશ-પૃષ્ટ ૭૨)

„ „ „ „ उत्सृज्य पुरतो गतौ—उल्लंघने च
(શબ્દસ્તોમમહાનિધિ-પૃષ્ટ ૭૪)

„ „ „ „ उल्लंघन, उर्ध्वगमन, त्याग.
(બંગાલી પ્રકૃતિબોધ અભિધાન
પા૦ ૭૫)

उत्सृपः,—र्पणं 1 Going or gliding upwards.
„ „ 2 Swelleng, heaving, undulating.
૧ ઉંચે જવું અથવા ઉંચે ચઢવું.
૨ હીંચકા ખાતું, ચઢતું, ફેલાતું.
(આપ્તેકૃત સંસ્કૃત-ઇંગ્રેજી ડીક્ષનેરી. પા. ૩૦૦)

उत्सर्पो भावनामेवरोहत्प्रकर्षता सोऽस्यामस्ति उत्सर्पिणी—પ્રત્યેક સમયે ભાવોને વધવાની જે પ્રકર્ષતા તે ઉત્સર્પણ અને ઉત્સર્પણ જેમાં છે તેનું નામ ઉત્સર્પિણી. (શ્રી હેમચંદ્રાચાર્ય પ્રણીત અભિધાન ચિંતામણી.)

'ઉત્સર્પિણી કાળ' એટલે અર્પણ કરવાનો કાળ એવો અર્થ હજુ સુધી કયાંઇ કોઇયે કર્યો નથી. ઉત્સાર્પિણીકાળનો અર્થ ચઢતીનો-ક્રમિક ઉન્નતિનો કાળ એવોજ સર્વત્ર કરવામાં આવ્યો છે, અને બંધબેસતો પણ તેજ થાય છે. ઉત્સાર્પિણીની સાથે ઉત્સર્પણનો અર્થ વિચારાય તો એક મ્હોટી ગેરસમજુતી દૂર થાય. શ્રીવિજયધર્મસૂરિ ઉપરોક્ત દૃષ્ટિબિંદુથી ઉત્સર્પણનો અર્થ વિચારશે તો તેમની નિમંત્રિત વિડંબના અદૃશ્ય થશે એમાં અમને

કોઈ પણ પ્રકારની શંકા નથી. એક શતક ઉપર થઇ ગયેલ **ટબાકાર** પણ ઉત્સર્પણનો અર્થ આ રીતે કરે છે:—

"देवकों द्रव्य वधारीने–पहिलांथी बोलीने आरती उतारवानुं करवापणें" (जिणदेवद्रव्य वधारको) વિગેરે.

એ રીતના સર્વ શાસ્ત્રસંમત અને યુક્તિસંગત પુરાવાઓથી વિરૂદ્ધ પડવું એમાં પાંડિત્યની સાર્થકતા નથી. કદાચિત્ કલ્પનાઓ, અને તાણી આણેલી અંતઃસારહીન યુક્તિઓની સહાયથી ઉત્સર્પણમાં અર્પણનો અર્થ ઘટાવવામાં આવે તો બાળજીવો થોડાકાળને માટે એ ભ્રાંતિને પણ વધાવી લ્યે. પરંતુ જ્યારે લોકો વિચારતા થાય અને સત્યાસત્યનો નિર્ણય કરવા જેટલી સ્થિતિએ આવે ત્યારે માની લીધેલો વિજયનો વાવટો ધૂળમાં મળી જાય એ શું સંભવિત નથી? સ્પષ્ટ અર્થનો અનર્થ કરનારને ઇતિહાસ કયાં સુધી વધાવી લે? શાસનહિતની લાગણીને વિનવવા કરતાં કીર્ત્તિ, પ્રતિષ્ઠા અને સંમાનરક્ષાની લાગણીઓને, આવે પ્રસંગે, વિનવવાથી રખેને શુભ ફળ પરિણમે એવી આશાથી કહીએ છીએ કે શાસ્ત્રનાં વાકયોનો અર્થ કરતી વખતે કેવળ પોતાના ચોક્કસ પ્રકારના આગ્રહને પકડી નહીં રાખતાં ભવિષ્યમાં પોતાની કીર્ત્તિ–પ્રતિષ્ઠા અને વિદ્વત્તાને કેટલો ધક્કો લાગશે તેનો પણ સાથેજ વિચાર કરી લેવો જોઇએ.

એક બીજી વાત પણ આ પ્રસંગે ખાસ નોંધવાયોગ્ય જણાય છે. ઇન્દ્રમાળા વિગેરેની સાથે **ग्राह्या** નો પ્રયોગ તથા ભૂષણ–ચંદ્રોદય (ચંદરવો) આદિની સાથે **मोच्यं** નો પ્રયોગ ઘણેખરે સ્થળે જોવામાં આવે છે, આ ભેદ શાસ્ત્રવિશારદજી પોતે નહીં સમજી શકતા હોય એમ માનવાને અમે તૈયાર થઇ શકતા નથી. જ્યાં બોલી પૂર્વક ગ્રહણ કરવાનું હોય ત્યાં **ग्राह्या** નો અને જ્યાં સ્વેચ્છાથી કંઇ મૂકવાનું કે નાંખવાનું હોય ત્યાં **मोच्यं**

નો પ્રયોગ ખાસ કરીને બંધબેસતો થઈ પડે છે. આવી સીધી-સાદી વાત શ્રીમાન્ શાસ્ત્રવિશારદજીને સમજાવવાની દુઃખકારી ફરજ બજાવવા માટે અમે દીલગીર છીએ.

"'ઉચ્છામણી' શબ્દનો જન્મ."

અમે પહેલાંજ કહી ગયા છીયે કે-'ઉત્સર્પણ' શબ્દનો અર્થ ઉચ્છામણી અથવા બોલી એ અર્થ સિદ્ધ થાય તો શ્રીમાન્ મોટી મુંઝવણમાં આવી પડે અને પોતાની પત્રિકારૂપી ઇમારતની દિવાલ મૂલમાંથીજ ધસી પડે એટલા ખાતર શ્રીમાન્‌ના શિરે ઉત્સર્પણનો અર્થ નાંખવું-મુકવું કરવાની ફરજ આવી પડી છે, પરંતુ આગ્રહને ક્ષણવાર બાજુ પર મૂકી સત્યની શોધ માટે વિચાર કરીશું તો જણાશે કે-'ઉચ્છામણી' એ શબ્દ ખાસ 'ઉત્સર્પણ' પરથી ઉતરી આવેલ અપભ્રંશ ભાષાનો શબ્દ છે, જેમકે-उत्थापन શબ્દ પરથી અપભ્રંશ ભાષામાં 'ઉઠામણુ' 'उद्यापन' પરથી 'ઉજવણુ' 'ओत्सव' પરથી 'ઓચ્છવ' ઇત્યાદિ શબ્દો બન્યા છે, તેમ પ્રથમ માગધીમાં 'उच्छप्पण' એ શબ્દ વપરાયો તેના પરથી સંસ્કૃતમાં 'उत्सर्पण' એ શબ્દ બન્યો અને કાલાંતરે તેનો અપભ્રંશ 'ઉચ્છામણુ ઉચ્છામણી' ઇત્યાદિ રૂપો થયા, આ શબ્દ એક વસ્તુની હરરાજી (લીલામ) થતી હોય ત્યાંજ વપરાય છે, પરંતુ જ્યાં સિધી રીતે આપવાનું હોય અગર નાંખવાનું કે મૂકવાનું હોય ત્યાં તો ક્રમશઃ 'अर्पणं, मोचनं, प्रक्षेपः' ઇત્યાદિ શબ્દોજ વપરાય છે. જુઓ શ્રાદ્ધવિધિ પા૦ ૧૬૬ માં જ્યાં સિધી રીતે ચંદરવા આદિ મુકવાના જણાવ્યા છે ત્યાં 'मोचयं' એ શબ્દથીજ વ્યવહાર કર્યો છે, તેમજ મૂલ સંસ્કૃત કે પ્રાકૃત ભાષાના શબ્દો હોય તેનોજ વાચ્યાર્થ કે લક્ષ્યાર્થ અપભ્રંશમાં પણ કાયમજ રહે છે, પરંતુ જે શબ્દ પરથી અપભ્રંશ શબ્દ બન્યો હોય તેમાં અર્થાંતર કદી સંભવી શકેજ નહીં, આદ શ-

ખવું કે-'ઉત્સર્પણ'નો વાચ્યાર્થ 'ઉર્ધ્વગમન' આગલ વધવું, વિગેરેજ બને છે જ્યારે 'ઉચ્છામણી'માં આ અર્થ બહુ સારી રીતે ગોઠવાયેલો દેખાય છે, ઓત્સવ વિગેરે પ્રસંગે આરતી-પૂજા કરનારા ભાવિકો બહોળા પ્રમાણમાં હાજર હોય છે અને તે વખતે આરતી-પૂજાનું લીલામ બોલાવાથી દેવદ્રવ્યની વૃદ્ધિ સારા રૂપમાં બને એ સ્વાભાવિક છે, માટે શ્રાદ્ધવિધિકાર દેવદ્રવ્યની વૃદ્ધિનું સાધન બતાવતા નિર્દેશ કરે છે કે 'ઉચ્છામણી'થી આરતી આદિ કાર્યો કરવા ઉચિત છે, અહીં ગ્રંથકારનો આશય એવો તો નજ હોય કે આરતી-પૂજા આદિ ઉચ્છામણીથી કરે તોજ પૂજાનું ફલ પ્રાપ્ત થાય, કિન્તુ 'ઉચ્છામણી' કરવી એ અનુચિત નથી પણ દેવદ્રવ્યની વૃદ્ધિને માટે એક પ્રબલ સાધન છે, અર્થાત્ ઉચ્છામણી વિના પણ પૂજા-આરતી કરી શકાય અને કરનારને ફલ પણ પ્રાપ્ત થાય, હા માત્ર ભેદ એટલોજ છે કે-'ઉચ્છામણી' કરનાર પૂજાના ફલની સાથે દેવદ્રવ્ય વધારવાનું મહત્પુણ્ય ઉપાર્જી શકે છે, જ્યારે બીજા મનુષ્યને કેવલ પૂજાનુંજ પુણ્ય મલે છે, તેમજ ભાવની તિવ્રતા મંદતા એ પણ પુણ્યોપાર્જનમાં એક પ્રબલ સાધન છે,

"ઉત્સર્પણ" શબ્દના ઉલ્લેખો.

ઉત્સર્પણ શબ્દનો અર્થ કરવામાં શ્રીમાન્ વિજયધર્મસૂરિ બહુ બહુ મુંઝાયા હોય એમ તેમની વિવિધ પત્રિકાઓ ઉપરથી જણાય છે, એક વખત તેઓ "નાંખવું" એવો અર્થ કરે છે, (જુઓ પત્રિકા નં૦ ૧ પૃ૦ ૮) તો બીજી વખત "અર્પણ કરવું" એવો અર્થ કરે છે. (પટેલના નામથી બ્હાર પડેલા હેન્ડબીલમાં શ્રીવિજયધર્મસૂરિ એમ કહેવા ઇચ્છે છે કે "સર્પિણી શબ્દનો અર્થ અર્પણ કરનાર અને ઉત્ ઉપસર્ગનો અર્થ પ્રાબલ્યેન એટલે "વધુ" એવો થઇ શકે છે.") અને ત્રીજી વખત સમર્પણ કરવું એટલો સુધારો કરી

પોતાની જાતને કૃતાર્થ માને છે. (જુઓ-'મુનિશ્રી આણંદવિજયજીના ટ્રેકટને જવાબ' પૃ૦ ૬) જો એ અર્થના મોહમાં તેઓ વસ્તુતઃ મુંઝાઇ ગયા હોય અને પ્રાચીન પ્રમાણભૂત ગ્રંથોની મદદ લઇ એ મુંઝવણમાંથી મુક્ત થવા ઇચ્છતા હોય તો તેમણે નીચેના વાક્યો વિચારવાનો અવસર લેવો એવી મારી નમ્ર સલાહ છે.

'ઉત્સર્પણ'ના વિવિધ પ્રમાણો અને તેના માટે યોગ્ય દલીલોનો વિસ્તાર અમે અહીં નથી કરવા માંગતા માત્ર આ સ્થલે ટુંક વિચાર ચલાવી મૂલ ભૂમિકાયેજ આવવાનું અમે ધાર્યું છે, જેઓને આ વિષયમાં વિસ્તારથી અવલોકવું હોય તેઓયે વિદ્વત્પ્રિય જ્ઞાનાનંદામૃતલંપટ મુનિશ્રી માણેકસાગરજીની "ઉત્સર્પણ સત્યાર્થપ્રકાશિકા" માંથી જાણી લેવું.

સંબોધ સપ્તતીમાં પત્ર ૫૧ મે' કહેવામાં આવ્યું છે કે-

ज्ञानदर्शनगुणानां प्रभावकं–उत्सर्पणाकारकं—

અર્થાત્ જ્ઞાન-દર્શન ગુણોની પ્રભાવના કિંવા ઉન્નતિ કરનાર ઉત્સર્પણકારક ગણાય. જો નાંખવું કે અર્પણ કરવું એવો દુરાગ્રહ પકડી રાખીએ તો પ્રભાવકને માટે નાંખનાર કે અર્પણ કરનાર એવા અર્થરહિત શબ્દોજ યોજવા પડે!

ઉપદેશસપ્તતિકામાં પાને ૧૧૦ મે કથા પ્રસંગે કર્મસાર તથા પુણ્યસાર નામના શ્રાવકોને સંબોધીને કહ્યું છે કે—

ज्ञानसाधारणद्रव्योत्सर्पणैकपरायणौ—

અર્થાત્ તે બન્ને, જ્ઞાનદ્રવ્ય અને સાધારણદ્રવ્યનો વધારો કરવામાં તત્પર રહેતા. અહીંઆ જ્ઞાનદ્રવ્ય અને સાધારણદ્રવ્ય "નાખવા"ની તત્પરતાવાળા તે બન્ને શ્રાવકો હતા એમ કહેવાનો અર્થ શો હોઇ શકે? જ્ઞાનદ્રવ્ય અને સાધારણદ્રવ્ય ક્યાં

નાંખતા? શા માટે નાંખતા? શ્રીમાન્ વિજયધર્મસૂરિ તેનો ઉત્તર શી રીતે વાળે?

'उत्सर्पद्व्यवहारनिश्चयकथाकल्लोलकोलाहल०'

(અધ્યાત્મસાર).

આની ટીકામાં ટીકાકાર આ પ્રમાણે જણાવે છે—"**उत्सर्पन्तौ—उच्छलन्तौ च कर्तव्यबोधस्वरूपाभ्यां जगत्प्रसिद्धौ इति**" અર્થાત્—'ઉંચે ઉચ્છળી રહેલા વ્યવહાર અને નિશ્ચયની કથાના કલ્લોલના કોલાહલે કરીને' અહીં ટીકાકાર 'ઉત્સર્પત્'નો 'ઉચ્છલવું' એવો અર્થ કરે છે, અને આજ અર્થ યુક્તિસંગત છે, આ સ્થલે યદિ '**उत्सर्पण**' નો નાંખવું, મુકવું અર્થ કરવામાં આવે તો આ વાક્યનું સામંજસ્ય કેવી રીતે થાય તે શાસ્ત્રવિશારદજી સમજાવશે, અમારે દૃઢતાથી કહેવાની ફરજ પડે છે કે હઠવાદને દૂર કરી **उत्सर्पण** ના ન્યાયાનુસારી ઉર્ધ્વગમન, આગલ વધવું, ઉચ્છલવું, વિગેરે અર્થોજ સ્વીકાર્ય થાય તો ઉપરના સર્વ પ્રમાણો બહુ સુંદર રીતે ઘટી શકશે અને આવી પડેલી મુંઝવણ તોજ દૂર થશે, પરંતુ એક શબ્દના યથાર્થ અર્થને માટે અનેક પ્રમાણોને ઉથલાવવા તૈયાર થવું એ સાક્ષરદૃષ્ટિયે ભૂષણાવહ તો નજ ગણાય.

શ્રાદ્ધવિધિ પાને ૭૦ મે દેવદ્રવ્યની વૃદ્ધિ શી રીતે કરી શકાય તે વિષે વિવેચન છે. તેમાં **स्वयं परैश्च द्रव्यार्पण देवदायप्रवर्त्तनादिविधिना तदुत्सर्पणं**—એવો ઉલ્લેખ છે. તેનો અર્થ—"પોતે દ્રવ્ય અર્પણ કરી, તથા બીજા પાસે કરાવી, દેવનો લાગો પ્રવર્ત્તાવી અથવા પ્રવર્ત્તાવરાવી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી." અહીં એકજ વાક્યમાં અર્પણ તથા ઉત્સર્પણ શબ્દનો સમાવેશ થયેલો જોવાય છે. જો ઉત્સર્પણને અર્પણના અર્થમાં વ્યવહારાય તો વાક્યનો સરળ અર્થ પણ દુરધિગમ્ય થઇ પડે!,

ઉત્સર્પણ એટલે કે ચઢાવો. એ ચઢાવો કિંવા બોલીને ઉડાવી દેવા જતાં શ્રીમાન્ વિજયધર્મસૂરિ દયાજનક સ્થિતિમાં આવી પડ્યા છે એમ કહ્યા વિના નથી ચાલતું. તેમની વાણી એ સંબંધમાં ધીમે ધીમે કેવી નિર્બળ, નિઃસાર, અને ક્ષીણતાવાળી બનતી જાય છે એનો આભાસ નીચેનાં તેમનાં થોડાં વાક્યો ઉપરથી મળી શકશે.

બોલી અપ્રિય, છતાં આવક આવકારદાયક!

પ્રથમની પત્રિકા લખાઇ તે વખતે આવેશનું પહેલું મોજું ૧૧ માં પૃષ્ટમાં આ રીતે ઉછળે છે:–"**બોલીનું ઘી દેવદ્રવ્યમાં લઇ જવું એ સંઘની કલ્પના છે, શાસ્ત્રીય આજ્ઞા નથી.**" બીજી પત્રિકામાં એ મોજું સહજ શિથિલ થાય છે અને તેથી સાતમા પૃષ્ટમાં એવા ભાવનું કહે છે કે–"**બોલી બોલવી એ સુવિહિત આચરિત નથી. પણ જીનભવનાદિના નિર્વાહને માટે બીજા સાધનોની ગેરહાજરીમાં એક કાળે તે જરૂરી હતી.**" દેવદ્રવ્ય સંબંધી મીમાંસામાં આવેશનો પારો છેક ઉતરી જાય છે. જે બોલીને કલ્પિત અને અસુવિહિતાચરિત મનાવવાનો પ્રયત્ન કરતા હતા તેજ બોલીને માટે પૃષ્ટ ૧૪ માં કહે છે કે—"**બોલી બોલવાની રીતિને કાયમ રાખીને પણ તેની ઉપજ સાધારણખાતામાં ફેરવવી જોઇએ.**" હવે જો વસ્તુતઃ બોલી કલ્પિત–અસુવિહિત અને જમાનાને પ્રતિકૂળ હોય તો પછી કાયમ રાખવાની જરૂર શા માટે વિચારવી? પણ નહીં, ખરી વાત તો એજ છે કે શ્રીવિજયધર્મસૂરિ બોલીને ઉપેક્ષે છે, પણ તેજ વખતે જો બોલી કંઇ આવક કરી આપતી હોય તો તેને વધાવી લેવાને ઉદ્યુક્ત રહે છે, ભૂંડી વસ્તુ અપ્રિય છે, પણ કમાઉ દીકરો બાપને વ્હાલો લાગે, તેમ બોલી નિમિત્તની આવકને આવકાર આપવા

તૈયાર છે. આનો અર્થ કદાચ એવો પણ થઇ શકે કે શ્રી વિજયધર્મસૂરિ બોલીને કેવળ કલ્પિત અને અસુવિહિત અંતઃકરણપૂર્વક ન માનતા હોય. એમ બન્યું હોય કે દેવદ્રવ્યનો કથંચિત્-કુત્રચિત્ દુરૂપયોગ થતો નિહાળી તેમનું હૃદય દુખી થયું હોય અને એ દુખના આવેગમાં "બોલી એ અસુવિહિત છે" એવો ક્ષીણ ધ્વનિ નીકળી ગયો હોય ! પરંતુ કમનસીબ ક્ષણોમાં ઉદ્ભવેલી એવી અસાવધતાને છેવટની ઘડી સુધી પકડી રાખવી અને પુનઃ તેને પોષણ આપ્યા કરવું એ કોઇ રીતે તેમને માટે હિતાવહ ન ગણાય. પ્રતિક્રમણાદિની બોલીને શ્રીહીરવિજયસૂરિ અસુવિહિત જણાવવા છતાં ચૈત્યાદિના નિર્વાહને માટે આવશ્યક ગણે છે, એ વાત અમો વિસ્તૃતપણે ચર્ચી ગયા છીએ. ચૈત્યાદિના નિર્વાહમાં જો એક અસુવિહિત બોલી પણ ઉપયોગી થતી હોય તો તે પણ નિભાવવી જોઇએ, એવો શ્રીહીરવિજયસૂરિનો અભિપ્રાય છે. તો પછી નિર્વિવાદપણે દેવદ્રવ્યની વૃદ્ધિ થતી હોય અને જે બોલી શાસ્ત્રમાન્ય તથા પ્રમાણસંમત હોય તેને ઉડાવી દેવામાં અથવા તો તે પ્રત્યે અભાવો ઉત્પન્ન કરવામાં શ્રીવિજયધર્મસૂરિ કેટલું સાહસ ખેડે છે તે સમજવું મુશ્કેલ નથી.

બોલી શું દૈનિક કૃત્યમાંજ પર્યવસિત થાય?

શ્રીમાન્ વિજયધર્મસૂરિજીની વિચારસરણીમાં જે દોષો જોવામાં આવે છે તેનો તેટલેથીજ અંત નથી આવી જતો. બોલીની વિરૂદ્ધ તેમને એક નવોજ મુદ્દો ઉઠાવવો પડ્યો છે. તેઓ કહે છે કે—"ઉપર્યુક્ત (માળા પહેરવી વિગેરે ૧૧) કૃત્યો પણ એવાં છે કે જેમાં બોલીની જરૂર પણ નથી જોવાતી. છતાં પણ કોઇ કોઇ મહાનુભાવ ઉપર્યુક્ત પાઠને આગળ કરી તેના અર્થમાં ચઢાવો બોલી વિગેરે શબ્દનો વધારો કરી પોતાના પ-

ક્ષને સાચો ઠરાવવા પ્રયત્ન કરે છે, ઓલીની સાથે ઉપર્યુક્ત પાઠને કંઇ સંબંધ નથી. કારણ કે ઉપરના પાઠમાં જે કૃત્યો બતાવવામાં આવ્યા છે તે વાર્ષિકકૃત્યો છે, નહિં કે દૈનિક કૃત્યો." તેઓના આ કથનથી દૈનિક કૃત્યોની સાથેજ ઓલીને સંબંધ હોય એવું અનુમાન કહાડવાનું શ્રીવિજયધર્મસૂરિને શું સબળ કારણ છે તે સમજવાને અમે તદ્દન અશક્ત નિવડ્યા છીએ. કલ્પના કરવા સિવાય તેમનો હેતુ સમજવાને અમારી પાસે બીજું સાધન નથી.

શ્રાદ્ધવિધિકાર પાંચમા પ્રકાશમાં—

"अथ वर्षकृत्यमुत्तरार्द्धेनोत्तरगाथया चैकादशद्वारैराह"

એવી પ્રતિજ્ઞા કરે છે. ઉપલક વાંચનારને એમ લાગે કે, આ પ્રકાશમાં કેવળ **વાર્ષિકકૃત્યોનોજ** ઉલ્લેખ હશે. પરંતુ જેઓ એ ગ્રંથના એવા એકજ વાક્ય ઉપર પોતાના વિચારોની મ્હોટી મ્હેલાતો બાંધવા માગતા હોય તેમણે જરા વિશેષ ઉંડા ઉતરી તપાસ કરવી જોઇએ. કોઈ પણ ગ્રંથનાં પાનાં ફેરવતાં એકાદ વાક્ય પોતાના વિચારમોહને અનુકૂળ જણાય, એટલે તે વાક્ય ટીકા-ટીપ્પણ અને ભાષ્ય સાથે કાળા-મ્હોટા અક્ષરે છાપી નિર્બોધજનોને ભ્રમમાં નાંખવા એ ધર્મોપદેશકની જોખમદાર પદવી ધરાવનારને તો નજ છાજે! શ્રીમાન્ વિજયધર્મસૂરિ વર્ષકૃત્યના અગીઆર દ્વાર સમજવામાં કેટલા છેતરાયા છે તેનો ખ્યાલ પાંચમા પ્રકાશના પૂર્વાપરના સંબંધ ઉપરથી આપણને મળી શકે છે. વાર્ષિકકૃત્યોના મથાળા નીચે સમાએલાં કૃત્યો વસ્તુતઃ વર્ષમાં એકજવાર કરવાના છે કે એકથી અધિકવાર તેનો નિર્ણય આપણી પોતાની કલ્પનાથી નહીં કરતાં મૂળ ગ્રંથકાર શ્રીમાન્ **રત્નશેખરસૂરિજી**ના સુસ્પષ્ટ કથનમાંથીજ મેળવવાનો પ્રયત્ન કરીશું—

પંચમ પ્રકાશના પ્રારંભમાં ૧૩ મી ગાથાની પૂર્ણાહૂતિ કર્યા પછી શ્રીમાન્ રત્નશેખરસૂરિ મહારાજ કહે છે કે—

"प्रतिवर्षं वर्षे वर्षे जघन्यतोऽप्येकैकवारं × × × विशेष धर्मकृत्यानि यथाशक्ति श्राद्धेन विधेयानीति शेषः" અહીંઆ जघन्यतोऽपि નો શો અર્થ કરવો એ વિજયધર્મસૂરિ કદાચ અંતરમાં સમજવા છતાં બ્હાર નહીં મૂકી શકે. શ્રાદ્ધવિધિના કર્તા સ્પષ્ટ વાણીમાં કહે છે કે "શ્રાવકે દરવર્ષે જઘન્યથી-ઓછામાં ઓછું એક એક વાર પણ (૧) ચતુર્વિધ શ્રીસંઘની પૂજા, (૨) સાધર્મી વાત્સલ્ય, (૩) તીર્થયાત્રા-રથયાત્રા-અષ્ટાન્હિકી યાત્રા, (૪) જીનમંદિરને વિષે સ્નાત્ર મહોત્સવ, (૫) માળા પહેરવી, ઇંદ્રમાળા વિગેરે પહેરવી, પહેરામણી કરવી, ધોતિયાં વિગેરે આપવાં, તથા દ્રવ્યની ઉચ્છામણી કરવા પૂર્વક આરતી ઉતારવી વિગેરે ધર્મકૃત્યો કરીને દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી, (૬) મહાપૂજા, (૭) રાત્રિને વિષે ધર્મજાગરિકા, (૮) શ્રુતજ્ઞાનની વિશેષ પૂજા, (૯) અનેક પ્રકારનાં ઉજમણાં, (૧૦) જીનશાસનની પ્રભાવના, (૧૧) આલોયણાં; એટલાં ધર્મકાર્યો યથાશક્તિ કરવાં." અર્થાત્ આ ૧૧ કૃત્યો એવાં છે કે જે વર્ષમાં પ્રત્યેક શ્રાવકપુત્રે ઓછામાં ઓછાં એકવાર તો અવશ્યમેવ કરવાં જોઇએ. માત્ર એકજ વાર એ ધર્મકૃત્યો કરવાં અને એકથી વધુવાર નજ થઇ શકે એવો અર્થ ખેંચવો એ મૂળ કર્તાને અન્યાય આપવા બરાબર છે. "તમારે શ્રાવકે વર્ષમાં છેવટ એકવાર તો અમુક ધર્મકૃત્યો કરવાંજ જોઇએ અને એ રીતે શ્રાવક તરીકેનો જન્મ સાર્થક કરવો જોઇએ," એવો કોઈ મુનિ-મહારાજ ઉપદેશ આપે તો તેનો અર્થ એવો તો કદાપિ નજ થાય કે વર્ષમાં માત્ર એકજ વાર તેવાં ધર્મકૃત્યો કરીને શ્રાવકે નિશ્ચિંતપણે બેસી રહેવાનું છે! ઘાસ વાઢવાની બાધા લેનાર અર્ધદગ્ધોએ જેવી રીતે ઘાસ વાઢવાને બદલે ઘાસને મૂળમાંથી ચુંટી કાઢવાની છુટ પોતાની

અદ્ભૂત પ્રતિજ્ઞાના બળે ઉપજાવી કાઢી હતી, તેવી રીતે ઉક્ત ધર્મકૃત્યો વર્ષમાં વધારે વાર નહીં કરતાં કેવળ એકજવાર કરવાનાં છે એવો છુટકારાનો માર્ગ શોધી કહાડવો એ ભયંકર બુદ્ધિવૈભવવાળાઓથીજ બની શકે. આલોયણ, શાસનપ્રભાવના, શ્રુતજ્ઞાનની પૂજા, દેવદ્રવ્યની વૃદ્ધિ, તીર્થયાત્રા વિગેરે કૃત્યો એવાં છે કે જે વર્ષમાં એકવાર તો શું, સેંકડો વાર કરવામાં આવે તો પણ ભવ્યાત્માને અસંતોષજ રહ્યા કરે,

અગીઆર ધર્મકૃત્યોની નામાવલી સમાપ્ત કરી શ્રીરત્નશેખરસૂરિજી સંઘપૂજાના અધિકારમાં કહે છે કે—

"वस्त्रकंबलप्रोञ्छनसूत्रोर्णापात्रोदकं × × श्रीगुरुभ्यो दत्ते"

અર્થાત્ "બહુમાનપૂર્વક વસ્ત્ર, કંબળ, પ્રોંછનક, સૂત્ર, ઉન, પાત્રાં, પાણીના તૂંબડા, વગેરે પાત્ર, દાંડો, દાંડી, વિગેરે ગુરૂમહારાજને વહોરાવવાં." આ ધર્મકૃત્ય જો શ્રાવકો વર્ષમાં એક જ વાર કરે તો સાધુ-સાધ્વીઓની વસ્ત્ર, કંબળાદિના અભાવે શી સ્થિતિ થાય તે વિચારવાનું છે. વસ્તુતઃ વર્ષમાં એકવાર એટલુંજ કરવું અને પછી આડો આંક વાળી દેવો એવું કશું વિધાન તેમાં જોવામાં નથી આવતું, શું વિજયધર્મસૂરિ વર્ષમાં એકથી અધિકવાર તીર્થયાત્રા, પ્રભાવના, સ્વધર્મીવાત્સલ્ય કરનાર ભાવિકને તેમ કરતાં અટકાવી એમ કહી શકશે કે—"મહાનુભાવ! **વર્ષમાં બે વાર તીર્થયાત્રા કરી તમે જીનપ્રભુની આજ્ઞાનો લોપ કર્યો છે તે માટે તમારે પ્રાયશ્ચિત્ત લેવું પડશે?**" તેમણે વર્ષમાં એકથી અધિકવાર ધર્મકૃત્ય કરતાં કોઇ શ્રાવકને નથી જોયા? જો પોતાના જીવન દરમીઆન એકથી વધારે વાર એક ભવ્યાત્માને ધર્મકૃત્યો કરતો જોયો હોય અને એ ધર્મકૃત્યો થતાં નિહાળી પ્રમોદભાવ અનુભવ્યો હોય તો તેઓ "ઉપરના પાઠમાં જે કૃત્યો બતાવવામાં આવ્યા છે તે વાર્ષિક-

કૃત્યો છે-નહીં કે દૈનિક." એ પ્રકારની પોતાની ભૂલભરેલી વચનાવલી શી રીતે સુધારવા માગે છે તેની હાલ તુરતમાં પ્રતીક્ષા કરી આગળ વધીશું.

શ્રાદ્ધવિધિકાર "જઘન્યથી પ્રતિ વર્ષ એક એક વાર (ઉક્ત ધર્મકૃત્યો) કરવાં." એમ કહીને વાતને એટલેથીજ પડતી નથી મૂકતાં. શ્રીમાન્ વિજયધર્મસૂરિ વાર્ષિકકૃત્યોનો જેવો અર્થ કરે છે તેવો અર્થ ભૂલે ચૂકે પણ કોઇ ન કરે એવી આશંકાથી મૂળ ગ્રંથકાર પોતેજ વારાંતરે-પ્રકારાંતરે વિવિધ રૂપે અર્થસૂચન કરવાનું લક્ષમાં રાખે છે. આપણને આ પ્રસંગે તે સૂચનો બહુ ઉપયોગી થઇ પડશે—

"स्वपुत्रादिजन्मोत्सवे विवाहेऽन्यस्मिन्नपि प्रकरणे साधर्मिकाणां निमंत्रणं विशिष्टभोजनतांबूलवस्त्राभरणादिदानमापन्निमग्नानां च स्वधनव्ययेनाप्युद्धरणं"

"પોતાના પુત્ર વિગેરેનો જન્મોત્સવ, વિવાહ વિગેરે હોય તો સાધર્મીભાઇઓને નિમંત્રણ કરવું અને ઉત્તમ ભોજન, તાંબૂલ, વસ્ત્ર, આભરણ, ઇત્યાદિ આપવું. કદાચ તે સ્વધર્મીભાઇ કોઇ વખતે બહુ મુશ્કેલીમાં આવી પડે તો ગાંઠનું ધન ખર્ચીને પણ તેમને આફતમાંથી ઉગારવા." શ્રાદ્ધવિધિકારના, વર્ષકૃત્યના મથાળા નીચે આવેલા, આ સંઘપૂજા પ્રકરણના વાક્યોનો અમલ જો વર્ષમાં એકજવાર કરવાનું સૌ કોઇ મનમાં રાખે તો દીન-દરિદ્ર અને સહાયને પાત્ર એવા સ્વધર્મીભાઇઓની શી સ્થિતિ થાય?

"मंत्री वस्तुपालादीनां तु प्रतिचातुर्मासिकं सर्वगच्छसंघार्चाविधानादि श्रूयते भूयस्तरवित्तव्ययादि च"

(શ્રાદ્ધવિધિ પાનું ૧૬૧) "વસ્તુપાલ મંત્રી આદિએ દરેક ચા-

તુર્માસમાં (ફાલ્ગુન, આષાઢ, અને કાર્તિકમાં) સર્વ ગચ્છ અને સંઘની પૂજા વિગેરે કરેલી અને તેમાં પુષ્કળ દ્રવ્ય વાપરેલું એવું સાંભળવામાં આવે છે. વર્ષકૃત્યમાં ચાતુર્માસિક ધર્મકૃત્ય પણ મૂળ શાસ્ત્રકારને સંમાન્ય છે એમ કહેવાની હવે જરૂર રહેતી નથી.

" थिरापद्रे श्रीश्रीमालआभूः संघपतिः षष्ट्यधिकत्रिशती साधर्मिकान् स्वतुल्यांश्चक्रे "

(શ્રાદ્ધવિધિ પૃષ્ટ ૧૬૩) આ ઉલ્લેખ પણ વર્ષકૃત્યના મથાળા નીચેજ છે. તેનો અર્થ એ છે કે "થીરાપદ્રમાં શ્રીમાલ વંશોદ્ભવ આભૂ નામના સંઘપતિએ હંમેશા એક એક ગૃહસ્થને પોતાના સમાન (સંપત્તિવાન્) બનાવીને એક વર્ષમાં ૩૬૦ સ્વામીવચ્છલ કર્યા હતાં–" અર્થાત્ ૩૬૦ સાધર્મિક ભાઇઓની ઉન્નતિ કરી હતી. મૂળ કથા આપવાથી બહુ વિસ્તાર થઇ જાય તેમ હોવાથી કથાનો નિષ્કર્ષ આપીનેજ અમારે સંતોષ પકડવો પડયો છે. હવે જો સાધર્મીવાત્સલ્ય, વર્ષમાં કેવળ એકજવાર કરવાયોગ્ય–વર્ષકૃત્ય હોય તો રોજ એક શ્રાવકની ઉન્નતિ સાધવી એ શું અવિવેકભર્યું ન ગણાય? પરંતુ નહીં. શ્રાદ્ધવિધિકારનો એવો આશય મુદ્દલ નથી કે વર્ષકૃત્યના મથાળા નીચેના ધર્મકૃત્યો વર્ષમાં એકજવાર કરવા જોઇએ. તે તો ગૌરવની સાથે એટલે સુધી કહે છે જે ધર્મકૃત્ય વર્ષમાં ઓછામાં ઓછું એકવાર પ્રત્યેક શ્રાવકે કરવું જ જોઇએ. તે ધર્મકૃત્ય પ્રતિદિન કરી–એક એક દિવસે એક એક શ્રાવકને સંપત્તિવાન્ બનાવી, ૩૬૦ શ્રાવકોની વર્ષ દરમીઆન ઉન્નતિ સાધી આભૂ નામના સંઘપતિએ શ્રી સંઘની મ્હોટી અનુપમ પૂજા–સેવા બજાવી હતી.

" स्नात्रमहोऽपि + + + मौढविस्तारेण प्रत्यहं पर्वसु वा कर्तुमशक्तेनापि प्रतिवर्षमेकैकः कार्यः "

(શ્રાદ્ધવિધિ પત્ર ૧૬૫) અતિ સ્પષ્ટ અને ગંભીર વાણીમાં, જાણે કે ડિંડિમનાદપૂર્વક કહેતા હોય તેમ શ્રાદ્ધવિધિકાર, શ્રીમાન્ વિજયધર્મસૂરિજીની મુખ્ય ભ્રાંતિને દૂર કરવા કહે છે કે—"સ્નાત્રોત્સવ * * * આદિ પ્રૌઢવિસ્તારથી **દરરોજ** કે પર્વ દિવસે કરવાને અશક્ત હોય તો તેણે વર્ષમાં એક વખત તો જરૂર કરવાં."

"तथा श्रुतज्ञानस्य पुस्तकादिस्थस्य कर्पूरादिना पूजामात्रं सर्वदापि सुकरं प्रशस्तवस्त्रादिभिर्विशेषपूजा तु प्रतिमासं शुक्लपंचम्यां श्रावकस्य कर्तुं युज्यते, तथाप्यशक्तौ जघन्यतोऽपि सा प्रतिवर्षमेकैकवारं कार्या,"

(શ્રાદ્ધવિધિ પાનું ૧૬૬) શ્રુતજ્ઞાનપૂજાના અધિકારમાં **શ્રીરત્નશેખરસૂરિજી** કહે છે કે—"તથા પુસ્તકમાં રહેલા શ્રુતજ્ઞાનની બરાસ આદિથી પૂજા તો માત્ર **દરરોજ** કરી શકાય છે, સુંદર વસ્ત્રાદિકથી વિશેષ પૂજા તો **દરમાસે** શુકલપંચમીના દિવસે શ્રાવકે કરવી યોગ્ય છે, તેમ છતાં પણ એવી શકિત ન હોય તો જઘન્યથી વર્ષમાં એકવાર તો કરવીજ." આ ઉપરાંત બીજા સંખ્યાબંધ પ્રમાણો શ્રાદ્ધવિધિમાંથી મળી શકે તેમ છે. પરન્તુ અમને લાગે છે કે હવે વધુ પ્રમાણો કે પુરાવાઓની જરૂર નથી. માત્ર મથાળું વાંચીનેજ શ્રીમાન્ વિજયધર્મસૂરિ વર્ષકૃત્યના ભ્રમમાં પડી ગયા હશે તો ગ્રંથનો પૂર્વાપરનો સંબંધ-પ્રકાશ તેમને યોગ્ય સમજુતી લાવવામાં બહુ મદદગાર થશે એવી આશા રાખીએ છીએ. અમે ઉપર શ્રીમાન્ વિજયધર્મસૂરિના "બોલીની સાથે ઉપર્યુક્ત પાઠને કંઇ સંબંધ નથી, કારણ કે તે કૃત્યો વાર્ષિકકૃત્યો છે—નહીં કે દૈનિક." એ કથનના ઉત્તરમાં કહી ચુકયા છીએ કે—દૈનિકકૃત્યોની સાથેજ બોલી કે ચઢાવાને સંબંધ હોય અને વર્ષકૃત્યને માટે તેવું

કશું ન હોય એવો અર્થ કે જે શ્રી વિજયધર્મસૂરિજીએ કાઢયો છે તેનું આંતર-રહસ્ય અમે સમજી શક્યા નથી. ક્ષણભર માની લઇએ કે-દૈનિકકૃત્યો હોય ત્યાંજ બોલી કે ચઢાવો સંભવે. પરંતુ તેજ વખતે અમે કહીએ છીએ કે ઉપરનાં પ્રાયઃ ઘણાં-ખરાં કૃત્યો કેવળ વર્ષકૃત્યની શ્રેણીમાંજ નથી આવી શકતાં. તેમાં દૈનિક તથા પર્વકૃત્યનો પણ સમાવેશ થઈ જાય છે. શ્રી-માન્ વિજયધર્મસૂરિએ ઉભી કરેલી આ ગુંચવણ કે જે તેમને પોતાનેજ ગુંચવનારી થઇ પડી છે તે ઉકેલવાની તસ્દી લેશે?

બોલીનો સંબંધ એ દૈનિકકૃત્યોની સાથેજ છે એવા ભા-વનું સૂચન કરવા શ્રીમાન્ વિજયધર્મસૂરિ કયા વિશિષ્ટ હેતુથી બ્હાર પડ્યા હશે તેની કલ્પના કરી લેવા સિવાય આપણી પાસે બીજો ઉપાય નથી. આપણે કલ્પી લઇએ કે કોઈ દેરાસરમાં રોજ આરતી-પૂજાદિને માટે કલેશ થતો હોય અને એ કલેશ-ની નિવૃત્તિ અર્થે બોલી કે ઉચ્છામણી કરવાનું નિર્ધાર્યું હોય, અને શ્રી વિજયધર્મસૂરિએ એવો દૃશ્ય પોતાના ચર્મચક્ષુથી નિ-હાળ્યો હોય તો કોણ જાણે! અમારી જાણમાં એવો કોઇ પ્ર-સંગ આવ્યો નથી. ઉલટું કેટલીકવાર ઘણેખરે સ્થળે-ન્હાનાં ન્હાનાં ગામડાઓમાં આરતી ઉતારનાર કે પૂજા કરનાર ભવિક શ્રાદ્ધના પણ સાંસા હોય છે. પૂજા-આરતીનું કામ એકલા ગો-ઠીનેજ ગમે તેમ કરીને ઉકેલી નાંખવાનું હોય છે. હવે પૂજા-આરતી ઉતારનારનોજ જ્યાં પ્રાયઃ અભાવ રહ્યા કરતો હોય ત્યાં બોલી બોલવા કે ઉચ્છામણી કરવા કોણ શા માટે બ્હાર આવે? રોજ કરતાં પર્વના દિવસોમાં જનસમાજનો ઉત્સાહ વિશેષ વે-ગથી બ્હાર આવે છે. બોલી કે ઉચ્છામણી માટે પ્રસંગ પણ એજ ઉપયોગી થઇ પડે છે. આવા સર્વસામાન્ય અનુભવ સામે પડી "બોલી" ને દૈનિક ધર્મકૃત્યની સાથે યોજી દેવી એ કાં તો વિચા-રકની ખામી અથવા તો લેખકની અલ્પજ્ઞતાને લીધેજ બની શકે.

બોલી શાસ્ત્રવિહિત, સુવિહિતાચરિત અને પ્રામાણિક છે, એ વિષય અમે ચર્ચી ગયા. હવે બોલીનો પ્રધાનહેતુ શો હોવો જોઇએ ?, એ પ્રશ્ન આપણી સંમુખ ઉપસ્થિત થાય છે.

"બોલી" નો પ્રધાન હેતુ-શું કુલેશનિવૃત્તિ?

શ્રીમાન્ વિજયધર્મસૂરિ દેવદ્રવ્યની આવકને સાધારણખાતામાં લઇ જવાની પ્રરૂપણા કરે ત્યારે કુદરતી રીતેજ તેમની સામે એવો પ્રશ્ન આવે કે જો આરતી-પૂજાદિની બોલીની આવકને સાધારણખાતામાં લઈ જશો તો પછી દેવદ્રવ્યની વૃદ્ધિ શી રીતે થશે ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં તેમને માથું ખંજવાળવું પડે ! કંઇ નવું તૃતીયં શોધવું પડે ! શ્રીમાન્ની પત્રિકાઓ તેમની એ સ્થિતિનો ચિતાર આપી રહી છે ! બોલીનો પ્રધાનહેતુ સમજાવવા માટે, અંતે તેમને ઉપજાવી લેવું પડે છે કે "કુલેશનિવૃત્તિ" એ બોલીના રીવાજનો મુખ્ય હેતુ છે. અહીં કલ્પનાશક્તિએ શ્રીમાન્ વિજયધર્મસૂરિને કંઇક યારી આપી હોય તેમ જણાય છે. અમારે સ્વીકારવું જોઇએ કે એ કથન અત્યારના જમાનામાં કદાચિત્ કોઇ સ્થળે કોઇ અંશે બંધબેસતું થાય, પરંતુ મૂળ શાસ્ત્રકારનો એવો અભિપ્રાય હોય એમ સંભવતું નથી. કલેશનિવૃત્તિ એજ બોલીનો મુખ્ય હેતુ છે અથવા હોવો જોઇએ એમ કહેવું તે કેવળ કલ્પનાજન્ય છે, એક અપેક્ષાને એકાંતે વળગી રહેવા જેવું છે. વર્ષાઋતુમાં વાદળ ઘેરાય અને પૃથ્વી ઉપર પાણી પડવા લાગે ત્યારે પ્રાકૃત મનુષ્યો વરસાદના હેતુની વિચિત્ર વ્યાખ્યાઓ પોતાની મતિ અનુસાર કરે એ સંભવિત છે. કોઇ કહે કે વરસાદનો હેતુ માત્ર નદી-નાળાં પાણીથી ઉભરાવી દેવાં એટલોજ હોવો જોઇએ. કોઇ કહે કે વરસાદનો અંતરંગ હેતુ તો ગ્રિષ્મથી સંતપ્ત થયેલાં પશુ-પ્રાણીઓ અને મનુષ્યોને શાંતિ આપવા પૂરતોજ હોવો જોઇએ. બુદ્ધિમાન્ મનુષ્ય વિચારી શકે

કે એ કલ્પનામાં સત્યાંશો હશે પણ યથાર્થમાં તો તે સર્વ ગૌણ હેતુઓ છે. પૃથ્વીના રસ-કસમાં વૃદ્ધિ કરી જગત્‌ને નવજીવન પુરૂં પાડવું એજ વરસાદનો મુખ્ય ઉદ્દેશ હોવો જોઇએ. તેવીજ રીતે કલેશનિવૃત્તિ એ કદાચ કોઇ સ્થળે, આ કાળે, કિંચિદંશે ગૌણ હેતુની ગરજ સારે, પરંતુ એટલાજ ઉપરથી તેને મુખ્ય ઉદ્દેશ માની લેવો એ પાખંડ છે. કલેશનિવૃત્તિને પ્રધાન હેતુ માનવામાં આવે તો જૈન સંઘો અથવા શ્રાવકોમાં પૂજા-આરતી માટે હમેશાં કલેશો થતાં હોવા જોઇએ અથવા થાય છે એમ એક રીતે કબૂલવું પડે. અમે એટલી બધી હદે જવાને તૈયાર નથી. દેરાસરો કે ઉપાશ્રયોમાં વાતવાતમાં કલેશો થતાં હોય અને બરાબર એજ વખતે બોલી રૂપી લશ્કરી સત્તાવાળાઓ હાજર થઇ કલેશોને દબાવી દેતા હોય એમ અમે માનવાને તૈયાર નથી. શ્રીમાન વિજયધર્મસૂરિ કહે છે કે "* * * ધની નિર્ધન ઉપર * * * આક્રમણ ન કરે એજ બોલીના રીવાજનો મુખ્ય હેતુ છે." આ વિચાર-પરંપરા અમને નિર્દોષ નથી લાગતી. તેમના પોતાના દૃષ્ટિબિંદુથી નિરખીએ તો ઉલટું એમજ કહેવું પડે કે ધની નિર્ધન ઉપર આક્રમણ કરે એજ બોલીના રીવાજનો મુખ્ય હેતુ છે. કારણ કે બોલી વખતે હમેશાં ધનિક પુરૂષોજ દ્રવ્યની ઉછામણીમાં ફાવી જાય છે એમ કોણ નથી જાણતું? તો પછી એમ શી રીતે કહેવાય કે "ધની નિર્ધન ઉપર આક્રમણ ન કરે" એજ બોલીનો મુખ્ય હેતુ હોવો જોજોઇએ! ખરી રીતે આરતી-પૂજા આદિમાં આક્રમણ કે કલેશ જેવું કંઇ કલ્પી લેવું એ વધારે પડતી ઉતાવળ છે. એ પ્રસંગો એવાં છે કે જ્યાં આક્રમણ કે કલેશ જેવા શબ્દોનો ઉલ્લેખ પણ અસહ્ય થઇ પડે. દ્રવ્યપૂજામાં દ્રવ્યની બહુલતાવાળાને જયમાળ વરે અને ભાવપૂજામાં ભાવની વિશુદ્ધિવાળો વિજય મેળવે એમાં કલેશ કે આક્રમણને અવકાશજ ક્યાં રહે છે? શ્રીમાન્ વિજયધર્મસૂરિ પોતાની પરસ્પર વિરૂદ્ધતાવાળી આ વિ-

આર-પરંપરા ફરીથી એકવાર તપાસી જોશે તો તેમને તેમાં સુધારો કરવાનો અવકાશ મળી શકશે.

બોલીનો મુખ્ય ઉદ્દેશ-દેવદ્રવ્યવૃદ્ધિ.

હવે પ્રશ્ન એ ઉદ્ભવે છે કે જો કલેશનિવૃત્તિ એ બોલીનો મુખ્ય ઉદ્દેશ નથી તો પછી બોલીનો ઉદ્દેશ વસ્તુતઃ શો હોવો જોઇએ? શાસ્ત્રીય પ્રમાણો એ વિષે કંઇ પ્રકાશ નાંખી શકે તેમ છે? આ પ્રશ્નના ઉત્તરો મેળવવાનો જ આપણે પ્રયત્ન કરીશું. પુનરૂક્તિના દોષથી બચવા માટે હીરપ્રશ્નોત્તરવાળો તે પાઠ કે જ્યાં પ્રતિક્રમણાદિની બોલીને અસુવિહિતાચરિત છતાં ચૈત્યાદિના નિર્વાહને માટે આવશ્યક ગણવામાં આવી છે તે એકવાર પુનઃ સ્મરણમાં લાવવાની ભલામણ કરીશું. **બોલીની આવક ચૈત્યાદિના નિર્વાહને માટે અર્થાત્ દેવદ્રવ્યની અભિવૃદ્ધિ અર્થે જ હોવી જોઇએ, એવો શ્રીમાન્ હીરવિજયસૂરિનો આંતરિક અભિપ્રાય છે.** અન્યાન્ય શાસ્ત્રીય પ્રમાણો પણ જોઇએ તેટલા મળી શકે છે. આપણે તેમાંના માત્ર થોડાજ જોઈ લઈશું—

तथा देवद्रव्यवृद्धयर्थं प्रतिवर्षं मालोद्घट्टनं कार्यं ।

(શ્રાદ્ધવિધિ પાનું ૧૬૬).

માલોદ્ઘાટન વિગેરે બોલી પૂર્વકજ થાય છે એ વાત આગળ ચર્ચાઇ ગઇ છે. બોલીનો મુખ્ય ઉદ્દેશ સમજવામાં "દેવદ્રવ્યવૃદ્ધયર્થં" એ શબ્દો અહીં ઉપયોગી થશે. શ્રીમાન્ રત્નશેખરસૂરિજી પણ બોલીને દેવદ્રવ્યની વૃદ્ધિ અર્થે અગ્રપદ આપે છે એમ આપણે નિર્ભ્રાન્તપણે જોઇ શકીએ છીએ.

यदा च येन यावता मालापरिधापनादि कृतं तदा ताव-देवादि द्रव्यं जातं. (શ્રાદ્ધવિધિ પાનું ૭૮) દ્રવ્યસપ્તતિકા પણ

એજ કથનને પુષ્ટિ આપે છે. (જુઓ દ્રવ્યસપ્તતિકા પાનું ૧૩) અર્થાત્ જ્યારે જેટલી બોલીથી માળા વિગેરે લીધી હોય ત્યારે તે સર્વ દ્રવ્ય દેવાદિદ્રવ્યજ થાય છે.

तथा देवद्रव्यवृद्ध्यर्थं प्रतिवर्षं ऐन्द्रि अन्या वा माला यथाशक्ति ग्राह्या एवं नवीनभूषणचन्द्रोदयादियथाशक्ति मोच्यं (ધર્મસંગ્રહ પાનું ૨૪૫) દેવદ્રવ્યની વૃદ્ધિ માટે દરવર્ષે ઇન્દ્રમાળા અથવા બીજી કોઇ માળા શક્તિપ્રમાણે ગ્રહણ કરવી. તેવીજ રીતે નવીન અલંકારો તથા ચંદરવા પણ સ્વશક્તિ અનુસાર મૂકવાં.

મંત્રીશ્વર પેથડશાહે ૫૬ ધડી સોનું બોલી ઇન્દ્રમાળા ગ્રહણ કરી હતી એ વાત પ્રસ્તુત લેખમાં 'સુકૃતસાગર' અને 'ઉપદેશસપ્તતી'ના આધારે અમો અગાઉ જણાવી ગયા છીએ. કથામાં એવા પ્રકારનું કહેવામાં આવ્યું છે કે એટલું સુવર્ણ મંત્રીશ્વર તુરતમાંજ ભરપાઇ કરી શકે તેમ નહોતું. તેથી તેણે સોનું લેવા સાંઢણીઓ રવાના કરી અને જ્યાંસુધી દેવદ્રવ્યમાં આપવાનું સુવર્ણ ન આવી પહોંચે ત્યાંસુધી તેણે ચારે પ્રકારના આહાર-ત્યાગનો અભિગ્રહ કર્યો. છેવટ બીજા ઉપવાસ દરમીઆન સાંઢણીઓ સુવર્ણના ભાર સાથે આવી પહોંચી અને—

तत्कालं तोलयित्वा स, ददौ देवस्य कांचनम् ।
चक्रे चतुर्विधाहारक्षपणे च क्रियापरः ॥

"શુભ ક્રિયામાં તત્પર એવા તે મંત્રીએ તત્કાળ દેવનું દ્રવ્ય-કાંચન તોળીને આપી દીધું, ત્યારબાદ છઠ્ઠનું પારણું કીધું."

કથાવાદને અહીં કેટલે અંશે પ્રમાણિક ગણવો એવી શંકા ઉઠશે. અમે વિધિવાદ કરતાં કથાવાદ ઉપર વધુ ભાર મૂકવા માંગતા તેવો આગ્રહ પણ નથી કરતા. પણ આટલું તો માનીયે જ છીએ, અર્થાત્ એક વાત તો ચોક્કસજ છે કે આપણી

કથાઓ હંમેશા વિધિવાદને કિંવા ચોક્કસ સિદ્ધાન્તોને પરિપુ-ષ્ટ કરવા માટેજ હોય છે, કથાના ઐતિહાસિક કિંવા કલ્પિત નાયકો મ્હોટે ભાગે ચોક્કસ ધર્મનીતિ યા આચારનેજ અનુસરતા હોય છે. મંત્રીવર પેથડશાહના જીવનચરિત્ર દ્વારા કથાકાર આ પ્રસંગે એટલુંજ સૂચવવા માગે છે કે પૂજા-આરતી તથા માલાપરિધાપનાદિ પ્રસંગે જે ઉચ્છામણીની આવક થાય તે દેવદ્રવ્યમાંજ જાય અને જેમ બને તેમ તે ઉચ્છામણીનું દ્રવ્ય શ્રાવકોએ તુરતમાંજ ભરપાઇ કરી દેવું જોઇએ કથાના બાહ્યસ્વરૂપ તથા વિવિધ કળાવિધાનોને વળગી નહીં રહેતાં કથાનો આંતરભાવ સમજી લેવો એજ સુજ્ઞ વાચકોની વિચક્ષણતા છે.

ગુમડાની ઉપર વિસ્ફુટક!

બોલીનો હેતુ ક્લેશનિવૃત્તિનો હોય કે દેવદ્રવ્યની અભિવૃદ્ધિનો હોય, શાસ્ત્રમાં બોલીનું વિધાન હોય કે નિષેધ હોય-ગમે તે હોય. આપણે શ્રી વિજયધર્મસૂરિના એક મુદ્દા ઉપર મધ્યસ્થતાથી વિચાર ચલાવવાની હદે આવી પહોંચ્યા છીએ. તેઓ એમ જણાવવા માગેછે કે " દેવદ્રવ્યની વ્યવસ્થા ગામોગામ અસ્તવ્યસ્તપણે થતી હોવાથી દેવદ્રવ્યની આવક ફેરવી નાંખવી જોઇએ. " અર્થાત્ વસ્ત્રમાં મેલ તથા જું વિગેરે ભરાઇ રહેતા હોવાથી મનુષ્યમાત્રે વસ્ત્રનો પરિત્યાગ કરી દેવો જોઇએ. ભોજનથી ઘણીવાર ઘણાઓને અજીર્ણ થતું હોવાથી મનુષ્ય માત્રે ભોજનનો સર્વથા ત્યાગ કરી દેવો જોઇએ. વ્યાપારમાં કેટલીએકવાર મ્હોટું નુકશાન થતું હોવાથી વેપારને તિલાંજલી આપી બેસી રહેવું જોઇએ. દેવદ્રવ્યની વ્યવસ્થા સમિચીનપણે ન થતી હોય તો તે માટે યથાશક્તિ ઉપદેશ, પુરૂષાર્થ કે પ્રબન્ધ કરવો એ એક વાત છે, જ્યારે દેવદ્રવ્ય તરફ સર્વથા ઉપેક્ષા કરવી એ બીજી વાત છે. દેવદ્રવ્યના ભક્ષણથી દુર્ગતિ થાય છે, દરિદ્રતા પ્રાપ્ત થાય છે અને બોધીબીજનો નાશ થાય છે એવા યથાર્થ ભયો હૃદયમાં પોષવા છતાં તેની વ્યવસ્થા જેવી જોઇએ તેવી

રાખવામાં નથી આવતી તો પછી સાધારણખાતાનું દ્રવ્ય કે જેની વ્યવસ્થા શ્રાવક સમુદાયના વિચાર ઉપર રહે છે તેની વ્યવસ્થા અસબરજ કરવામાં આવશે એવી ખાત્રી શ્રી વિજયધર્મસૂરિ શી રીતે આપી શકશે? દેવદ્રવ્યની અવ્યવસ્થા રૂપી જે ગુમડું જૈન-સમાજના દેહ ઉપર જોવાય છે તે ગુમડું મટાડવા માટે દેવ-દ્રવ્યને સાધારણ દ્રવ્યનું રૂપ આપી ભયંકર વિસ્ફુટક પેદા કરવું એ વેદનાને શાંત કરવાનો વિહિતમાર્ગ છે કે વેદના વધા-રનારૂં ઉંટવૈદું છે તે કરૂણાબુદ્ધિથી વિચારવાનું છે. જે દેવદ્રવ્ય બીજા ચૈત્યાદિના જીર્ણોદ્ધારાદિ કાર્યોમાં વાપરી શકાય તેમ છે અને જે દેવદ્રવ્ય એ રીતે વાપરવાનો ઉપદેશ પણ મ્હોટા મ્હોટા આચાર્યો આપી રહ્યા છે એટલુંજ નહીં પણ જીર્ણોદ્ધા-રાદિના કાર્યકર્ત્તાઓ ઘણીજ આજીજીપૂર્વક માગણી કરવા છતાં, દેવદ્રવ્યની સારી આવક ધરાવનારા દેરાસરના વહીવટદારો ઉદા-રતા બતાવતા અચકાય છે; તો પછી તે દેવદ્રવ્યને સાધારણમાં ફેરવી નાખવાથી વહીવટદારો એવી ઉદારતા કરવા તૈયાર થશે એમ શ્રીમાન્ વિજયધર્મસૂરિ કયા પ્રકારના ન્યાયને અનુસરીને કહેવા તત્પર થયા છે તે સમજાતું નથી. સ્હેજ ઉંડા ઉતરીને જોઇશું તો જણાશે કે દેવદ્રવ્યની આવક તોડી નાંખવાથી દેવ-દ્રવ્યની આવક તોડી નાંખવાનું દૂષણ તો વ્હોરી લેવુંજ પડશે અને એટલું છતાંયે બીજા બધા ખાતાના ઉદ્ધારની મુરાદ અદ્ધર જ રહી જશે!

શ્રીમાન્ વિજયધર્મસૂરિજી સાધારણખાતાના સદ્વ્યય માટે વિશ્વાસ ધરાવતા હોય અને છાતી ઉપર હાથ મુકી એવી ખાત્રી જનસમાજને આપી શકતા હોય તો પછી દેવદ્રવ્યની આવકને રૂપાંતરિત કરવા કરતા શા માટે સાધારણદ્રવ્યની વૃદ્ધિ પાછળ જ પોતાનું સર્વ બળ નથી ખર્ચતા? શાસ્ત્રકારે કોઇની ઉપર કંઇ એવી ફરજ નથી નાંખી કે "તમારે આરતી આદિની બો-લીમાં આટલું દ્રવ્ય તો અવશ્યમેવ બોલવુંજ જોઇએ." સાધા-

રણખાતામાં દ્રવ્ય આપવાથી કંઈ લાભ નથી એમ પણ નથી કહ્યું. શ્રી વિજયધર્મસૂરિ જેવાઓને માટે રાજમાર્ગ તો એજ ગણાય કે તેઓ જનસમૂહને કેળવે, સાધારણદ્રવ્યની આવશ્યકતા તથા ઉપયોગિતા વધારે સારા રૂપમાં સમજાવે, તેના સદ્વ્યયને માટે ખાત્રી આપે અને એ રીતે, ખરેખરજ જો તેમણે જમાનો ઓળખ્યો હોય તો, જમાનાની સેવા બજાવે!, એમ કહેવામાં આવે છે કે સમાજનો ઘણોખરો-મ્હોટો ભાગ એ ઉપદેશ સ્વીકારવાને તૈયાર નથી. જનસમાજ જે લાભ દેવદ્રવ્યવૃદ્ધિથી માને છે તેટલો લાભ તે બીજા ક્ષેત્રોમાં માનતો નથી. તો પછી એટલું તો નક્કીજ થયું કે જૈનસમાજ દેવદ્રવ્યવૃદ્ધિથી થતા લાભને અંતઃકરણપૂર્વક પરમલાભ સમજે છે. આવી સ્થિતિમાં જનસમાજે જે નાણાં પરમલાભ મેળવવા માટે આપ્યા હોય અથવા આપે તે નાણાં તેમની ધારણા કરતાં, સરખામણીએ હલકા એવા અન્ય ખાતામાં વપરાવવા એ શું સમાજનો એક પ્રકારનો વિશ્વાસઘાત નહીં ગણાય? સર્વ મનુષ્યોની ભાવના અને ધારણા એકસરખી ન હોય. દેવદ્રવ્ય ખાતે નાણાં આપનારાઓની ભાવના સામે થઈ કોઇ પણ પ્રકારનો સુધારો કરાવવા તૈયાર થવું એ શું બળાત્કારે પોતાની ભાવનાને માનવવાની-અનુસરવાની ફરજ પાડવા બરાબર નથી લાગતું? સમાજ એવી આપખુદી સામે અવાજ ઉઠાવે તો તેથી ક્રુદ્ધ થવાને બદલે આવેગને રૂદ્ધ કરવો એજ વધારે વ્યાજબી ગણાય.

પક્ષપાત કે મોહ કયાં છે?

કોઇ કોઈ સ્થળે, દેવદ્રવ્ય તરફ અસાધારણ પક્ષપાત કે મોહ ધરાવનારા અમને ચીતરવામાં આવ્યાં છે. પક્ષપાત કે મોહ કોને કહેવાય તેની વ્યાખ્યા તેમજ મીમાંસા કરવી એ અમારી કર્ત્તવ્યસીમાની બ્હારનું કામ છે. સામાન્ય દૃષ્ટિએ એટલું જોઈ શકાય છે કે જ્યાં પક્ષપાત, મોહ કે આગ્રહ હોય છે ત્યાં તે પક્ષપાતાદિ દોષો બીજાનું બુરૂં તાકીને

પણ પોતાના અભિલાષ સંતોષે છે. અમે જો સાધારણાદિ દ્રવ્યને છેક તોડી પાડી દેવદ્રવ્યવૃદ્ધિના અભિલાષ બતાવ્યા હોય તો અમે પક્ષપાતબુદ્ધિવાળા કે મોહિત ગણાઇએ. અમે કોઇ પણ ક્ષેત્રને સૂકવી નાખી દેવદ્રવ્યના ક્ષેત્રને પલ્લવિત કરવાનો આગ્રહ નથી દર્શાવ્યો. બલ્કિ એવો આગ્રહ અમને ઇષ્ટ પણ નથી. કારણ કે અમે એમ દૃઢપણે માનીએ છીએ કે, સંસાર-વ્યવહારમાં જેવી રીતે બીજાનું બુરૂં તાકવાથી પોતાનો સ્વાર્થ અતિ કુત્સિત બની જાય છે તેવી રીતે બીજા ખાતાની વૃદ્ધિને અટકાવી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી એ પણ અનુચિત બની જાય છે. શાસ્ત્રકાર ખુલ્લેખુલ્લું કહે છે કે—

जिणवर आणारहियं वद्धारंतावि केवि जीणदव्वं ।
बुड्डंति भवसमुद्दे मूढा मोहेण अन्नाणी ॥

અર્થાત્—"જીનવરની આજ્ઞાથી વિરૂદ્ધપણે જેઓ દેવદ્રવ્યની વૃદ્ધિ કરે તેવા અજ્ઞાન અને મૂઢ જનો ભવસમુદ્રમાં ડુબી જાય છે." મતલબ કે ગમે તેવા અનુચિત સાધને દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી એ ઇચ્છવા યોગ્ય નથી. દાખલા તરીકે કસાઇને મચ્છીમારને, દારૂ વેચનારને કે એવાજ બીજા હલકા ધંધા કરનારાઓને દેવદ્રવ્ય વ્યાજે ધીરી દેવદ્રવ્યની વૃદ્ધિ ચાહવી એ પણ અવિધિજ કહેવાય. અમે એવી અવિધિયુક્ત દેવદ્રવ્યવૃદ્ધિ ચાહતા નથી. હવે દેવદ્રવ્યની સીધી વિહિત આવકને લુલી બનાવી દઇ સાધારણખાતાની અભિવૃદ્ધિ ઇચ્છનારને મોહ કે પક્ષપાતબુદ્ધિવાળા ગણવા કે નહીં તે એક અવાંતર પ્રશ્નજ છે. અમને પક્ષપાતી ચીતરવામાં આવ્યા છે એટલાજ માટે અમે સામા પક્ષને એવું વિશેષણ લગાડવા ઉદ્યુક્ત થયા છીએ એમ કેટલાકોને આ ઉપરથી લાગશે. પરંતુ પક્ષપાત અને મોહના કાર્ય વિષે જે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે તેનો વિચાર કરવાથી જણાશે કે અમે તે વિશેષણ લગાડવામાં મર્યાદાની બ્હાર નથી ગયા. જે લોકો દેવદ્ર-

વ્યની આવકને ધક્કો પહોંચાડી સાધારણદ્રવ્યને પરિપુષ્ટ બનાવવા માંગતા હોય તેમને તેમનું પોતાનું વિશેષણ પાછું આપવું એ કંઇ ગુન્હો ન ગણાય. નિષ્ફળ બનેલું સુદર્શન જેવી રીતે પોતાના છોડનાર તરફ પાછું ફરે તેવીજ રીતે આ વ્યર્થ બનેલું વિશેષણરૂપી સુદર્શન પણ તેના મૂળ પ્રવર્તક તરફ જાય એમાં કંઈક અદ્દભૂતતા હશે પણ ખિન્નતા પામવા જેવું તો કંઈજ નથી.

છતાં ધારો કે અમે મોહિતમતિવાળા કિંવા પક્ષપાતી બની ગયા છીએ. અમારી મતિમાં એવો મોહ અથવા પક્ષપાત શી રીતે ઉદ્દભવ્યો? ઉપદેશપદ, સંબોધપ્રકરણ, શ્રાદ્ધવિધિ, ધર્મસંગ્રહ, દર્શનશુદ્ધિ, ઉપદેશપ્રાસાદ, સંબોધસપ્તતિકા, અને દ્રવ્યસત્તરી આદિ શાસ્રકારો જેઓ દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાનું તીર્થંકરપણા સુધીનું મ્હોટું ફળ બતાવે છે તેઓનાં કથનો વાંચવા–વિચારવા અને શ્રદ્ધવાના પરિણામે એવો મોહ ઉદ્દભવ્યો હોય તો તેને માટે કોને જવાબદાર ગણી શકાય? શ્રીમાન્ વિજયધર્મસૂરિ અથવા તો એ વિષયમાં તેમના પગલે ચાલનારાઓ ઉક્ત શાસ્રકારોને પક્ષપાતવાળા અથવા મોહવાળા કહેવાની હિંમત કરી શકશે? ઉપર કહ્યા તે પૂજ્ય પૂર્વાચાર્યોના ઉચિત કથનને એક બાજુએ રહેવા દઇ શ્રીમાન્ વિજયધર્મસૂરિની માફક દેવદ્રવ્યની આવકને લુલી–પાંગળી બનાવી દઇ સાધારણખાતાનાં સ્તવનો ગાયા કરીએ તોજ અમે નિષ્પક્ષપાત અથવા મધ્યસ્થ ગણાઇએ એમ શું તેઓ ઠસાવવા માગે છે? દેવદ્રવ્યનું ભક્ષણ કિંવા તેની આવકમાં હાનિ કરનારને માટે જે એમ કહેવામાં આવ્યું છે કે—

आयाणं जो उ भंजइ पडिवन्नधणं न देइ देवस्स ।
नस्संतं समुवेक्खइ सोवि हु परिभमइ संसारे ॥

(દર્શનશુદ્ધિ).

અર્થાત્—"દેવદ્રવ્યની આવકને જે ભાંગે, ધર્મનિમિત્તે આપવાનું કબૂલવા છતાં તે કબૂલેલું દેવદ્રવ્ય ન આપે અને બીજાને દેવદ્રવ્યનો નાશ કરતા જોવા છતાં ઉપેક્ષા કરે તે ત્રણે જણ સંસારમાં પરિભ્રમણ કરે." તે સાંભળવા તથા શ્રદ્ધવા છતાં નિષ્પક્ષપાત અને જમાનાના જાણકાર તરીકેની નામના મેળવવા અમારે ઉક્ત સર્વ શાસ્ત્રકારોનો અનાદર કરવો એમ શું તેઓ કહેવા માગે છે? અમને ગમે તેટલા પક્ષપાતી કે આગ્રહી ચિતરવામાં આવે, અમે તેની બહુ દરકાર રાખતા નથી. જે શાસ્ત્ર અમારૂં રક્ષણ, કવચ અવલંબન અને દુર્ભેદ્ય દુર્ગ છે તે અમારી પાસે–અમારી તરફેણમાં છે એ સંતોષ કોઇ લુંટી શકે તેમ નથી. શાસ્ત્રીય પ્રમાણોના અવલંબનમાં અમારો જે સંતોષ રહેલો છે તેને વ્યર્થ વિશેષણો લેશ પણ હાનિ પહોંચાડવાને સમર્થ નથી.

આ પ્રસંગનો લાભ લેવા કોઈ મહાનુભાવ અમારી સામે એવો આક્ષેપ કરશે કે–"દેવદ્રવ્યની પુંજી લાખો અને કરોડોની થવા છતાં તેને વળગી રહો છો એ શું તમારો દુરાગ્રહ ન ગણાય?" અમે કહીએ છીએ કે–ગુજરાત અને મારવાડના કેટલાક ભાગોમાં આપણાં ચૈત્યોની જે શોચનિય સ્થિતિ થઈ પડી છે તેનો દેવદ્રવ્ય વડે જીર્ણોદ્ધાર કરાવવાને બદલે દેવદ્રવ્યની આવકને સાધારણખાતામાં લઈ જવાનો જે આગ્રહ દર્શાવો છો તે શું તમારો સદાગ્રહ ગણાય? વિવાદને લંબાવવાની ખાતર કે પોષવાની ખાતર અમે આ પ્રતિપ્રશ્ન નથી ગોઠવ્યો. શાંતદૃષ્ટિથી નિરાગ્રહપણે તપાસવામાં આવે તો સ્પષ્ટ જણાઇ આવે તેમ છે કે હાલ જે દેવદ્રવ્યની પુંજી છે તેનાં જોખમ અને જરૂરીઆતનાં પ્રમાણમાં કોઇ રીતે તે વધારે પડતી નથી. અલબત્ત, દેશના વહીવટદારોએ તેનો જીર્ણોદ્ધારાદિ કાર્યો પાછળ ઉચિત પ્રકારે વ્યય કરવો જોઇએ. ચૈત્યોની સ્થિતિનું અવલોકન કરનારાઓ કહે છે કે, મારવાડ–મેવાડ આદિ પ્રદેશોમાં આપણા

પ્રાચિન ભવ્યતમ મંદિરો પણ એવી ખંડીએર સ્થિતિમાં આવી પડ્યાં છે કે જો તેનો ઉદ્ધાર હાથ ધરવામાં આવે તો જે દેવ-દ્રવ્યને આજકાલ અતિશયોક્તિવાળાં વાકયોથી વધારે પડતું રૂપ આપવામાં આવે છે તે બધું દ્રવ્ય ખર્ચવા છતાં બીજા દ્રવ્યની અપેક્ષા રહી જાય. આવી પરિસ્થિતિમાં દેવદ્રવ્યની સુવિહિત આવકને-દેવદ્રવ્યની વૃદ્ધિને અટકાવી દેવી અને ગણ્યાગાંઠ્યા વ્યવસ્થાપકોની ઉપેક્ષાને આગળ આણી બાળજીવોને શંકાશીલ સ્થિતિમાં મૂકી દેવા એ શું વ્યાજબી ગણાય? આજકાલ ઘણે-ખરે સ્થળે પૂરતા દેવદ્રવ્યના અભાવે મંદિરે તાળા લાગ્યાના અને કપાળપરનો ચાંલ્લો ભૂંસી નાંખી સ્થાનકવાસી સંપ્રદાયમાં ભળી ગયાનાં વર્ણનો વર્ત્તમાનપત્રોમાં ઉદ્વિગ્નચિત્તે વાંચીએ છીએ. દેવદ્રવ્યની ચાલુ આવકને અટકાવી દેવાથી અને મંદમંદપણે જે ચૈત્યોદ્ધાર થઇ રહ્યો છે તેને ગુંગળાવી નાંખવાથી ભવિષ્યમાં શા-સનની કેવી કફોડી સ્થિતિ થાય તે વિચારવાનું કામ અમે વાચ-કવર્ગને માટેજ રહેવા દઇએ છીએ. યોગ્ય સ્થાનકે ચૈત્યની અ-વિદ્યમાનતામાં અથવા તો જીર્ણોદ્ધાર પૂરતા દેવદ્રવ્યના અભાવ-માં શ્રી જૈનસંઘ તથા શાસનની કેવી કઢંગી સ્થિતિ થાય તેનો વિચાર કરતાં પણ અમને કંપારી છુટે છે. સાધારણખાતામાં દ્રવ્યની વિશેષ આવશ્યકતા જણાતી હોય તો તે માટે ઉચિત પ્રબંધ કરવાની મજબૂત ભલામણ આગળનાં પૃષ્ટોમાં અમે કહી ચૂકયા છીએ. જમણવાર, લગ્ન કે જન્મોત્સવ જેવા પ્રસંગે લાગા નાખવાથી સાધારણદ્રવ્યની વૃદ્ધિ થતી હોય તો તેમ કર-વામાં કોઇ પણ પ્રકારનો વાંધો નથી એમ પણ અમો આગળ સૂચવી ગયા છીએ. સાધારણખાતું સીદાતું હોય તો તેને માટે સુંદર વ્યવસ્થા કરો, પણ એક ખાતું સીદાય એટલા માટે બીજા ખાતાએ સીદાવુંજ જોઇએ એવી સ્થિતિ ઉભી ન કરો. સાધા-રણની સાથે દેવદ્રવ્યને પણ સીદાતું બનાવવું અને નિષ્પક્ષપા-

લતા બતાવવા શાસ્ત્રીય પ્રમાણોની અવગણના કરવી એ ખરેખર અમને અસહ્ય લાગે છે.

વહાણમાં છિદ્ર પાડવાનો પ્રયત્ન.

દેવદ્રવ્યની અવ્યવસ્થા અટકાવવા માટે શાસ્ત્રકારોએ વિવિધ મર્યાદાઓ અને અંકુશો મૂકવામાં બાકી નથી રાખી. તેઓ માનવપ્રકૃતિને લક્ષમાં રાખી એવા સખ્ત નિયમો બાંધી ગયા છે કે એ નિયમોમાં લેશમાત્ર પણ છિદ્ર પાડવું એ આપણી નૌકાને સમુદ્રના તળીએ લઈ જવા બરાબર છે. શ્રાદ્ધવિધિ આદિ ગ્રંથોમાં એમ પ્રકટપણે કહેવામાં આવ્યું છે કે "चैत्यशाला प्रणालाद्यागतजलाद्यापि च स्वकार्ये किमपि न व्यापार्य–" તેમજ "देवदीपे लेखा न वाच्यन्ते, गृहकार्यं न क्रियते, नाणकं न परीक्ष्यते, देवदीपाद्दीपः स्वकार्ये न क्रियते–" મતલબ કે–"દેરામાં થઈને આવતું વરસાદનું પાણી લેવું, દેરામાં કરેલા દીવાની જ્યોતિથી સાંસારિક કાર્યો કરવાં, તેમજ એ દેવદીપથી બીજો–ઘરનો દીવો કરવો એ પણ દુર્ગતિને આમંત્રણ આપવા જેવું છે." આવી ચોક્કસ કરેલી મર્યાદાને ઉલ્લંઘવાનો પ્રયત્ન કરવો એ પ્રારંભમાં નિર્જીવ લાગે પરંતુ પરિણામમાં બહુ ભયંકર થઇ પડે એમાં શક નથી. શ્રીમાન્ વિજયધર્મસૂરિ કહે છે કે–"હું કાંઈ તમારૂં દેવદ્રવ્યવૃદ્ધિ રૂપી વહાણ ડુબાવી દેવા નથી માંગતો; હું તો તેમાં એક ન્હાનું સરખું છિદ્ર પાડીનેજ સંતોષ લેવા ઇચ્છુ છું." અમે કહીએ છીએ કે ભલે તમારો હેતુ વહાણને ડુબાડવાનો નહીં હોય, તમે એક ન્હાના સરખા છિદ્ર દ્વારાજ સંતોષ માનવાના હશો; પરંતુ જીનશાસન રૂપી નૌકાને માટે તે છિદ્ર પણ ભયંકરજ નિવડે. જીનમૂર્ત્તિ નિમિત્તે થતી આવકને સાધારણખાતે ખેંચી જવાનો ઉપદેશ કરવો એ જીનશાસનની મર્યાદામા પાયમાલીને પ્રવેશવા એક છિદ્ર પાડવા સમાન છે એમ કહેવાની જરૂર નથી. દેવદ્રવ્યનો સ્વલ્પ ઉપયો-

ગ પણ ચૈત્યાદિ સિવાયના અન્ય કોઈ કાર્યમાં ન થવો જોઇએ એમ શાસ્ત્રકારો પુનઃ પુનઃ ભાર મૂકીને જણાવે છે. શ્રાદ્ધવિધિમાં વેદાન્ત-વચનની સાક્ષીપૂર્વક કહેવામાં આવ્યું છે કે—

> प्रभास्वं ब्रह्महत्या च दरिद्रस्य च यत् धनं ।
> गुरुपत्नी देवद्रव्यं स्वर्गस्थमपि पातयेत् ॥

વળી,

स्वल्पोपजीवनमात्रेऽपि मात्राधिकं दारुणविपाकं विज्ञाय विवेकीभिर्देवज्ञानसाधारणद्रव्याणां स्वल्पोऽप्युपयोगः सर्वथापि परिहार्यः "અર્થાત્ થોડા પણ ઉપજીવનને માટે મહા દારૂણ વિપાક આપનારૂં જાણીને વિવેકીજનોએ દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય અને સાધારણદ્રવ્યનો લેશ પણ ઉપયોગ પરિહરવા યોગ્ય છે."

આ ઉપરથી જણાશે કે મૂર્ત્તિ નિમિત્તે કિંવા પૂજા કે બોલીને અંગે આવતું દેવદ્રવ્ય સાધારણખાતામાં લઇ જવું એ કોઈ પણ રીતે આદરવાયોગ્ય કે અનુમોદવાયોગ્ય નથી. સાધારણદ્રવ્ય અને તેનો ઉપયોગ વિષે અમે આગળ જતાં વધુ વિવેચન કરવાના હોવાથી આ પ્રસંગે તે વિષે મૌન સેવવું એજ ઉચિત ગણાય. શ્રીમાન્ વિજયધર્મસૂરિ કેટલાક ગામોના દૃષ્ટાંતો તે પણ અસત્ય આપી એમ કહેવા માગે છે કે—"શું સેંકડો મનુષ્યો દેવદ્રવ્યની આવકને ભાંગનારા હોય તો તે બધા સંસારમાં પરિભ્રમણ કરનારા છે એમ મનાય?" સંખ્યાની બહુલતા હોય ત્યાં પુણ્ય અથવા ધર્મજ હોય એમ તેઓ કઇ વિચિત્ર ન્યાયશૈલીથી સિદ્ધ કરવા માગે છે તે સમજવું અમારે માટે મુશ્કેલ થઇ પડે છે. હિંસાદિમાં આખા જગત્‌ની પ્રવૃત્તિ હોય તેથી તે પ્રવૃત્તિ નિર્દોષ ગણાય એમ શું તેઓ કહી શકશે? દેવદ્રવ્ય ભક્ષણ કરનારા તથા બીજાં એવા કુકર્મો કરનારા મ્હોટી સંખ્યામાં હોય તેથી શું તેમને પરમ સજ્જન અથવા પરમ ધાર્મિકની પંક્તિમાં મુકી શકાશે? દેવદ્રવ્યની આવકને સાધારણખાતા જેવા અન્ય ખાતા-

માં ખેંચી જનારા જેટલા મનુષ્યો નીકળે તેના કરતાં દેવદ્રવ્ય-ખાતું સર્વસ્વ પચાવી બેસનારાઓની બહોળી સંખ્યા નીકળે એથી દેવદ્રવ્ય ખાઇ જનારાઓ વધુ પ્રામાણિક અથવા માનનીય ગણાય એમ કહી શકાય ખરૂં ? શ્રીમાન્ હરિભદ્રસૂરિજી કહે છે કે—

देवाइ दव्वभक्खण तप्परा तह उमग्गपक्खकरा
साहुजणाण पओसकारिणं मा भणह संघं—

"દેવદ્રવ્ય આદિનું ભક્ષણ કરવામાં તત્પર તથા ઉન્માર્ગી અને ઉન્માર્ગના પક્ષકારોનો પક્ષ કરનાર, તેમજ સુસાધુજન ઉપર દ્વેષ કરનાર વર્ગને આ સંઘ છે એમ કદાપિ ન કહેવું." અર્થાત્ દેવદ્રવ્યને ખાનારા પણ કદાચ ઘણા હોય તથાપિ તેઓને શાસ્ત્રકાર નિર્દૂષણ માનતા નથી. જે દૂષણ છે તે તો ગમે તેટલી મ્હોટી સંખ્યામાં કે સત્તામાં પણ દૂષણજ રહે છે.

પરન્તુ એ દૂષણને ભૂષણના રૂપમાં રજુ કરવા માટે એક નવી યુક્તિ શોધી કહાડવામાં આવી છે! શાસ્ત્રીય વાકયનો સ્હેજ ટેકો મળી જાય તો પછી દૂષણના સ્વરૂપમાં આકાશ-જમીનનો વફાવત પડી જાય એમ ધારી શાસ્ત્રના કેટલાક શબ્દો ટાંકવામાં આવ્યા છે. આ શબ્દો વસ્તુસ્વરૂપને ઉલટાવી નાંખતા હોવાથી વિસ્તારભયની ચિંતા રાખવા છતાં અમે તે નીચે રજુ કરી તેનું સંશોધન કરવાનો લોભ કાબુમાં રાખી શકતા નથી.

"जीणपवयणवुड्ढिकरं पभावगं नाणदंसणगुणाणं"

ઈત્યાદિ પંક્તિઓને આગળ લાવી અમને પૂછવામાં આવે છે કે—"આ ગાથામાં દેવદ્રવ્યનું વિશેષણ જણાવતાં, દેવદ્રવ્યનો ઉપયોગ કોઈ પણ જ્ઞાન, દર્શન તથા ચારિત્રની વૃદ્ધિને માટે તથા શાસનને માટે કરવાનું શાસ્ત્રકાર જણાવે છે. તો પછી આરતી આદિની બોલીનું દ્રવ્ય સાધારણખાતે કલ્પ્યા સિવાયજ તેમાંથી

કોઇપણ જ્ઞાનાદિ કાર્ય શા માટે ન કરી શકાય?" દેવદ્રવ્યથી જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિ તથા જીનશાસનની પ્રભાવના શાસ્ત્રકારોને કેવી રીતે અભિષ્ટ તથા અભિપ્રેત છે તે આ પ્રસંગે આપણે સમજવું જોઇએ. ઉક્ત શંકાનું સમાધાન અમે અમારી પોતાની સ્વતંત્ર લેખિનીથી નહીં કરતાં મૂળ આચાર્યપ્રવરના શબ્દો દ્વારાજ કરીશું તો તે વધારે વજનદાર ગણાશે. ઉપર્યુક્ત ગાથાની ટીકા અમે નીચે ઉદ્ધૃત કરીએ છીએ. તે પરથી અમારી સામે જે પ્રશ્ન લાવવામાં આવ્યો છે તેનું સમાધાન વાચક-સમાજ સ્વયમેવ કરી શકશે. દર્શનશુદ્ધિની ટીકામાં શ્રીમાન્ દેવભદ્રાચાર્ય બહુજ સુંદર રીતે નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ કરે છે—

"जीनप्रवचनमार्हत्‌शासनं, तस्य वृद्धिकरं तत्संतानाऽव्यवच्छित्तिहेतुतया तथा प्रभावकं-दीपकं ज्ञानदर्शनगुणानामुलक्षणत्वाच्चारित्रगुणानां च, न खलु जीनप्रवचनवृद्धिर्जीनवेश्मविरहेण भवति न च तद् द्रव्यव्यतिरेकेण प्रतिदिनं प्रतिजागरयितुं, जीर्णं विशीर्णं वा पुनरुद्धर्त्तुं पार्यते तथा तेन पूजामहोत्सवादिषु श्रावकैः क्रियमाणेषु ज्ञानदर्शनचारित्रगुणाश्च दीप्यंते, यस्मादज्ञानीनोप्यहो तत्त्वानुगामिनी बुद्धिरेतेषामित्युपबृंहयंतः क्रमेण ज्ञानदर्शनचारित्रगुणलाभभाजो भवंतीति ॥"

"જીનેશ્વરના શાસનની વૃદ્ધિ કરનારૂં, અર્થાત્ મહાવીરની શાસન-પરંપરાને સાચવી રાખનારૂં તેમજ જ્ઞાન-દર્શનાદિ ગુણોનું પ્રભાવક અને ઉપલક્ષણાથી ચારિત્રગુણનું પ્રભાવક એવું દેવદ્રવ્ય છે. કારણ કે જીનમંદિર સિવાય જીનશાસનની પ્રભાવના થઇ શકતી નથી, અને દેવદ્રવ્ય વિના જીનમંદિર નિરંતર પ્રકાશવાન હોતું નથી. આવા કારણોથી તે જીનદ્રવ્ય વડે શ્રાવકો પૂજા-મહોત્સવાદિ કરે ત્યારે જ્ઞાન-દર્શન-ચારિત્રગુણની ઉદ્દીપના થાય. આ ઉદ્દીપનાને જોઇ અજ્ઞાનીઓની બુદ્ધિ પણ

તત્ત્વને અનુસરનારી બને છે અને તેથી તેઓ જીનશાસનની પ્રશંસા કરવાની સાથે પરંપરાએ જ્ઞાન-દર્શન-ચારિત્રગુણના પાત્ર તે (અજ્ઞાનીઓ) બને છે.” દેવદ્રવ્યની વૃદ્ધિ અને તેનો યથાર્થ ઉપયોગ એજ વસ્તુતઃ જ્ઞાન-દર્શન અને ચારિત્રગુણની પ્રભાવનામાં હેતુભૂત થાય છે એમ પુનઃ કહેવાની અમને જરૂર રહેતી નથી. વિસ્તારભયથી એ વિષેના વધુ પ્રમાણો અમે રહેવા દઇએ છીએ.

શ્રી સંઘ-તેની સત્તા અને સાધારણદ્રવ્યનું સ્વરૂપ.

બોલી શાસ્ત્રીય છે અને આરતી-પૂજાદિની આવક દેવદ્રવ્ય-વૃદ્ધિને માટેજ છે એ બે મહત્વના મુદ્દાઓ ચાલુ ચર્ચાને અંગે શાસ્ત્રીયદૃષ્ટિએ આપણે તપાસી ગયા. ત્રીજો મુદ્દો આપણે તપાસવાનો છે તે એ છે કે-“ આરતી-પૂજાદિથી થતી દેવદ્રવ્યની આવક સાધારણ-ખાતામાં લઇ જવાની શ્રી સંઘને સત્તા છે કે કેમ?” શ્રીસંઘ ભગવાન્ તીર્થંકર મહારાજાઓને પણ પૂજ્ય હોવાથી તે ઘણીજ ઉંચી સ્થિતિ ધરાવે છે તે નિઃસંશય છે. એટલું છતાં શ્રીસંઘ પોતાની સત્તાથી તે આવકને ફેરવી શકે કે કેમ એ આપણે વિચારવાનું છે. જો શ્રીસંઘને તેવી સત્તા હોય તો પછી હવે પણ તે આવકને સાધારણખાતે કેમ ન લઇ જઇ શકે? અને જો એવી સત્તા ન હોય તો તેની આવકના સાધનોમાં ફેરફાર કિંવા ન્યૂનાધિકપણું કરી શકે કે કેમ? એ પ્રશ્નોના ઉત્તરો મેળવવાનો પ્રયત્ન કરીશું.

પરંતુ તે પહેલાં સાધારણદ્રવ્ય અને શ્રીસંઘનું સ્વરૂપ અનુક્રમે તપાસવું પડશે. એકી સાથે બન્નેના સ્વરૂપ તથા લક્ષણો આપવાથી ગુંચવાડો ઉભો થાય એવો ભય રહે છે. એટલા માટે સૌ પહેલાં સાધારણદ્રવ્યનું સ્વરૂપ તપાસી શ્રીસંઘનું લક્ષણ અને સત્તાના પ્રશ્ન ઉપર આવીશું તો તે વધારે સરળ થઇ પડશે.

સાધારણદ્રવ્યનું સ્વરૂપ ઉપદેશપદ, દર્શનશુદ્ધિ, શ્રાદ્ધદિનકૃત્ય, શ્રાદ્ધવિધિ, ધર્મસંગ્રહ તથા ઉપદેશસપ્તતિકામાં આ પ્રમાણે બતાવવામાં આવ્યું છે.

સાધારણનું સ્વરૂપ—

साधारणं चैत्यपुस्तकापद्गतश्राद्धादिसमुद्धरणयोग्यं, ऋद्धिमच्छ्रावकमीलितं—

(ધર્મસંગ્રહ).

साधारणं च जीर्णचैत्योद्धारादिनिमित्तमेकत्रमीलितं सप्तक्षेत्रोपयोगी वा—

(દર્શનશુદ્ધિ).

साधारणं च द्रव्यं तथाविधव्यसनप्राप्तौ शेषद्रव्यांतराभावे जीनभवनजीनबिंबचतुर्विधश्रमणसंघजीनागमलेखनादिषु धर्मकृत्येषु सीदत्सु यदुपष्टंभकत्वमानीयते—

(શ્રીઉપદેશપદ).

साधारणं चैत्यपुस्तकापद्गतश्रावकादिसमुद्धरणयोग्यं ऋद्धिमच्छ्रावककृतसमुद्गकरूपं—

(શ્રાદ્ધદિનકૃત્ય).

નિષ્કર્ષ—"તેવા પ્રકારના કષ્ટ અથવા આપત્તિના સમયને વિષે નિર્વાહ કરવાને બીજું કંઇ પણ દ્રવ્ય ન હોય અને જીનમંદિર, જીનબિમ્બ, ચતુર્વિધસંઘ, જીનાગમલેખન ઇત્યાદિ ધર્મકાર્ય સીદાતાં હોય ત્યારે ઉપયોગમાં આવનારૂં એવું જે દ્રવ્ય શ્રીમંતોએ એકત્ર થઇ એકઠું કર્યું હોય તે સાધારણદ્રવ્ય કહેવાય."

ઉક્ત પ્રમાણો ઉપરથી વાચકો સમજી શકે તેમ છે કે શ્રીમન્તોએ એકત્ર થઇ જે દ્રવ્ય જીર્ણોદ્ધાર માટે, શ્રાવકોને આપત્તિના સમયમાં સહાય આપવા માટે તથા પુસ્તકોદ્ધાર વિગેરે-

ને માટે એકઠું કરેલું હોય તેનેજ સાધારણદ્રવ્ય કહી શકાય. દેરાસરની કે દેવદ્રવ્યની આવકને સાધારણખાતામાં લઈ જઈ શકાય એવો તેનો બીલકુલ અર્થ નથી થઇ શકતો. **શ્રાદ્ધવિધિ** તથા **ધર્મસંગ્રહ**ના આધારે જે એમ કહેવામાં આવે છે કે—"શ્રાવકે બીજા ખાતામાં ધનનો ખર્ચ નહીં કરતાં મુખ્યત્વે સાધારણખાતામાંજ ખર્ચવું." તેને એક દલીલની ખાતર વ્યાજબી માની લઇએ તો પણ તેથી દેવભક્તિ નિમિત્તની-દેવપૂજાદિની બોલીની આવકને સાધારણખાતામાં લઇ જવી એમ નથી ઠરતું. ચોક્કસ રકમ દેવદ્રવ્યના સ્વરૂપમાં ન આવે ત્યાંસુધી તેનો ઉપયોગ સ્વતંત્રપણે થઇ શકે. પરંતુ દેવદ્રવ્ય બનેલી રકમને સાધારણનું રૂપ આપવું એ કોઈની સ્વતંત્રતાનો વિષય નથી, દ્રવ્ય ખર્ચનાર મનુષ્ય બીજા ખાતામાં નહીં ખર્ચતાં સાધારણને પ્રધાનપદ આપે અને તેમાં પોતાના દ્રવ્યનો સદુપયોગ કરે તો તેને માટે કોઇ વાંધો ન લઇ શકે. વળી સાધારણદ્રવ્ય શ્રાવકો ભક્ષી જશે એવા વારંવાર અપાતા આક્ષેપ ઉપર પણ અમે વજન નથી મુકી શકતા. કારણ કે સાધારણદ્રવ્ય શ્રાવકો પોતાની મરજી મુજબ ન વાપરી શકે-શ્રીસંઘની સત્તા એ વિષયમાં પણ મર્યાદિત છે. ધીમે ધીમે આપણે એ વિષય ઉપર આવીશું. આપણો પ્રશ્ન અત્યારે મુખ્યત્વે સાધારણખાતામાંજ દ્રવ્ય ખર્ચવું કે કેમ એ સંબંધી છે, એ ન ભૂલવું જોઇએ.

દ્રવ્ય ખર્ચનાર મનુષ્ય પોતાના દ્રવ્ય માટે સ્વતંત્ર હોય છે. તેની ઇચ્છા હોય તો તે દેવભક્તિ નિમિત્તે ખર્ચે અથવા અન્ય ગમે તે ખાતામાં ખર્ચે. દ્રવ્ય ખર્ચવા ઇચ્છનાર મનુષ્યના હાથ કોઇ શાસ્ત્રકારે બાંધી લીધા નથી. તેની સ્વતન્ત્રતા લુંટી લેવાનો અદ્યાપિ પર્યન્ત કોઇએ પ્રયત્ન કર્યો નથી. હા, એટલી વાત તો ચોક્કસ છે કે દેવભક્તિ નિમિત્તે આરતી-પૂજાદિની બોલી બોલવી અને પછી તે બોલીનું દ્રવ્ય સાધારણખાતે ઉપાડી જવાની અનિયંત્રિત સત્તા કોઇ શાસ્ત્રકારે હજી સુધી કોઇને

નથી આપી. શ્રીમાન્ વિજયધર્મસૂરિ પણ કબૂલ કરે છે કે દેવ-દ્રવ્ય બીજા કોઇ પણ ખાતામાં કામ આવી શકે નહીં. તેમના શબ્દો આ પ્રમાણે છે—"દેવદ્રવ્યના નામે ગમે તેટલો મ્હોટો ખજાનો ભરેલો હશે, પરન્તુ દુષ્કાળના ભિષણ સમયમાં ભૂખમરાથી પીડાતા માણસોને તેમાંથી એક કોડી પણ સીધી રીતે કામમાં આવી શકવાની નથી, અને તેમ કરવાને કોઇ પણ આસ્તિક સલાહ નહીં આપે." અર્થાત્ જે દેવદ્રવ્ય છે તે સંઘની સત્તાથી કે આપનારની સ્વતંત્રતાથી દેવ સિવાયના બીજા કોઇ પણ ખાતામાં વાપરી શકાય નહીં એમ કહેવાનો તેમનો હેતુ છે. એટલું છતાં દેવની ભક્તિ નિમિત્તે—દેવદ્રવ્યની વૃદ્ધિને માટે શાસ્ત્રાધારે બોલાતી બોલીનું દ્રવ્ય બીજા સાધારણક્ષેત્રમાં લઇ જવામાં યુક્તિ કયાં છુપાએલી છે તે અમે સમજી શકતા નથી.

"દ્રવ્ય ખર્ચનારે મુખ્યત્વે સાધારણખાતામાંજ ખરચવું જોઇએ." એમ શ્રી વિજયધર્મસૂરિ શ્રાદ્ધવિધિ તથા ધર્મસંગ્રહના પ્રમાણો પૂર્વક પ્રતિપાદન કરી રહ્યા છે. વાત ખરી છે, પણ તેમણે તે વાત એવા વિપરીત આકારમાં રજુ કરી છે કે એક શાસ્ત્રવિશારદને માટે તો તે કોઇ રીતે ક્ષંતવ્ય ન ગણાય. "मुख्यवृत्त्या धर्मव्ययः साधारण एव क्रियते"—મુખ્યત્વે કરીને સાધારણખાતામાંજ ધર્મવ્યય કરવો; એની સામે અમારો વાંધો નથી. અમારો વાંધો તે રજુ કરવાની પદ્ધતિ સામે છે. શ્રી વિજયધર્મસૂરિજીએ સાધારણખાતામાંજ ધર્મવ્યયનું પ્રતિપાદન કરતાં પહેલાં આખું પ્રકરણ દૃષ્ટિ તળેથી પસાર કરી દેવું જોઇતું હતું. એવો ઉપદેશ કયા પ્રકરણને અંગે કરવામાં આવ્યો છે અને વસ્તુતઃ ત્યાં કયો અધિકાર ચાલી રહ્યો છે તે પ્રથમ સમજાવવું જોઇતું હતું. તેઓ જાણી જોઇને પ્રકરણનો સંદર્ભ છુપાવવા માગે છે કે ઉપરચોટીયા અવલોકનના પ્રતાપે તેઓ અર્થનો અનર્થ કરી રહ્યા છે તે તો એક કેવળી ભગવાનજ જાણે !!

ખરી હકીકત એવા પ્રકારની છે કે ધર્મસંગ્રહ અને શ્રાદ્ધવિધિમાં, સાત ક્ષેત્રોમાં ધન કેવી રીતે વાપરવું એ વિષેનો અધિકાર આવે છે. (જુઓ શ્રાદ્ધવિધિ પાને ૭૩ થી ૮૧ સુધી અને ધર્મસંગ્રહ પાને ૧૬૬ થી ૧૬૯ સુધી.) સાત ક્ષેત્રોના અધિકારો જુદા જુદા જણાવ્યા પછી સાધારણક્ષેત્રના અધિકારમાં પ્રથમ સાધારણનું સ્વરૂપ બતાવ્યું છે, અને પછી આજકાલ જેવી રીતે શ્રીમંતોના મરણ પ્રસંગે ધર્માદાની રકમો કહાડવામાં આવે છે, તેવી રીતે તે વખતે પણ ધર્માદાની રકમ કહાડવામાં આવતી હતી એ વાત ચાલે છે. તે પ્રસંગને અનુલક્ષીને જણાવવામાં આવ્યું છે કે—"મુખ્યવૃત્તિએ કરીને શ્રાવકે ધર્માદા રકમ કહાડવી તે સાધારણખાતેજ કહાડવી." આ વાત વધારે સ્ફુટપણે—અવિકૃત રૂપે સમજાય એટલા માટે મૂળ ગ્રંથના, સંબંધને સૂચવનારા કેટલાંક વાકયોનું ભાષાંતર માત્રજ અહીં રજુ કરીએ છીએ—

"તેમજ માતાપિતા આદિ લોકોની આયુષ્યની છેલ્લી ઘડી આવે ત્યારે જો તેના પુણ્યને અર્થે દ્રવ્ય અર્થવાનું હોય તો મરનાર માણસ શુદ્ધિમાં છતે ગુરૂ તથા સાધર્મીક વિગેરે સર્વ લોકની સમક્ષ મરનારને કહેવું કે—તમારા પુણ્યને અર્થે આટલા દિવસનો અંદર આટલું દ્રવ્ય હું ખર્ચીશ; તેને તમે અનુમોદન આપો. એમ કહી તે દ્રવ્ય કહેલી મુદતમાં સર્વ લોકો જાણે એવી રીતે ખરચવું." આમ કરવાનું કારણ દર્શાવતાં શ્રાદ્ધવિધિકાર કહે છે કે—"મુખ્યવૃત્તિએ વિવેકી પુરૂષે ધર્મખાતે કાઢેલું દ્રવ્ય સાધારણજ રાખવું. કારણ કે તેમ કરવાથી ધર્મસ્થાન બરાબર જોઇને તે ઠેકાણે તે દ્રવ્યનો વ્યય કરી શકાય."

જીજ્ઞાસુ સત્યશોધકો જોઇ શકશે કે દેવભક્તિ નિમિત્તે બીલકુલ ધનવ્યય નહીં કરતાં સાધારણખાતેજ સર્વથા વ્યય કરવાનું આ અધિકારમાં કિંચિત્ માત્ર સૂચન નથી. અવકાશ, શાંતિ અને ધૈર્યનો અભાવ હોય તેવા સંયોગોમાં ધર્મવ્યય સા-

ધારણખાતામાં કરવો એવો અત્ર હેતુ છે. વળી અહીંઆ એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે શાસ્ત્રકાર મુખ્યત્વે સાધારણખાતામાં ખર્ચવાનું કહે છે. પરન્તુ કોઇ અમુક ખાતાનો નિષેધ કરી સાધારણ ઉપર એકતરફી ભાર મૂકવામાં નથી આવ્યો. સાધારણખાતાનેજ પુષ્ટ બનાવવાનો અને તે અંગે દેવદ્રવ્યને ઉપેક્ષવાનો અથવા નિષેધવાનો શાસ્ત્રકારનો હેતુ હોત તો, કબુલ કરેલી દેવની રકમ જે ન આપે તે સંસારમાં પરિભ્રમણ કરે એમ શા માટે કહેત? દેવદ્રવ્યને સાધારણખાતામાં પલટાવી શકાતું હોત તો મુખ્યત્વે દેવદ્રવ્યમાંજ ધર્મવ્યય કરવાનું શા માટે ન સૂચવત? એ ઉપરથી સ્પષ્ટપણે જોઇ શકાય તેમ છે કે કોઇ પણ શાસ્ત્રમાં શ્રીમાન્ વિજયધર્મસૂરિની જેમ દેવદ્રવ્યખાતાની આવકને તોડી પાડી અન્યખાતામાં લઇ જવાનું પ્રતિપાદન નથી જોવાતું. બીજા ક્ષેત્રોમાં ઉલ્લાસ પ્રમાણે પૃથક્ પૃથક્ રકમો શ્રાવકો આપે અને ધર્માદાની રકમ કહાડતી વખતે દેવાદિ ક્ષેત્રના સ્પષ્ટ વિભાગ કરે અથવા તો બાધે ભારે મુખ્યત્વે સાધારણખાતે કહાડે એમાં કોઇ જાતના વિવાદને અવકાશ નથી. અમે અત્યાર પહેલાં સાધારણખાતાની પુષ્ટિ વિષે યોગ્ય વિવેચન કરી ગયા છીએ. એટલે સાધારણખાતાની તરફેણમાં અહીં વધુ કંઇ બોલવું એ પિષ્ટપેષણ જેવું ગણાશે.

હવે, આપણે શ્રીસંઘનું લક્ષણ અને શ્રીસંઘની સત્તા વિષે વિચાર ચલાવી આ પત્રિકાનો ઉપસંહાર આણવાનો પ્રયત્ન કરીશું.

શ્રી સંઘનું લક્ષણ. દેવભક્તિ નિમિત્તે થતી દેવદ્રવ્યની આવકને શ્રીસંઘ અન્ય કોઇ ખાતામાં લઈ જઇ શકે કે નહીં એ પ્રશ્નની મીમાંસા કરતાં પહેલાં શ્રીસંઘનું લક્ષણ તપાસવું અત્યાવશ્યક છે. સંબોધપ્રકરણ તથા સંબોધસપ્તતિકામાં શ્રીસંઘનું લક્ષણ આ પ્રમાણે છે—

निम्मलनाणपहाणो दंसणजुत्तो चरित्तगुणवंतो ।
तित्थयराणाजुत्तो वुच्चइ एयारिसो संघो ॥

"નિર્મળ જ્ઞાને કરીને પ્રધાન, દર્શનયુક્ત, ચારિત્ર ગુણવંત અને તીર્થંકરની આજ્ઞાનો આરાધક એવા પ્રકારના સમુદાયને સંઘ કહેવાય છે."

આ ઉપરથી જણાશે કે શ્રીસંઘ પણ સ્વતંત્ર કિંવા સ્વચ્છંદ નથી; પરંતુ તે તીર્થંકરની આજ્ઞાને આધીન છે. હવે જો શ્રીસંઘ વિધિ-નિષેધ અને મર્યાદાનો ભંગ કરી, શાસ્ત્રાજ્ઞાથી વિરૂદ્ધપણે દેવદ્રવ્યની આવકને સાધારણખાતે લઈ જાય તો શું તે શ્રીસંઘને શાસ્ત્રીય આજ્ઞાનો આરાધક ગણી શકાય ખરો ? અને શ્રીસંઘ શાસ્ત્રાજ્ઞાની અવમાનના કરનાર હોય તો તેને સંઘનું ઉપનામ આપી શકાય ખરૂં ? શ્રીમાન્ હરિભદ્રસૂરિ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે—

एगो साहू एगा य साहूणी सावओ य सड्ढीय ।
आणाजुत्तो संघो सेसो पुण अट्ठिसंघाओ ॥

"એકજ સાધુ અને એકજ સાધ્વી, એકજ શ્રાવક અને એકજ શ્રાવિકા જો તીર્થંકરની આજ્ઞાનો આરાધક હોય તો તે શ્રીસંઘ કહેવાય. નહીંતર બાકીનો ગમે તેટલો સમુદાય અસ્થિસમૂહતુલ્ય માનવો." સંખ્યા ગમે તેટલી મ્હોટી હોય પણ જો શાસ્ત્રાજ્ઞાનો ભંગ કરનાર હોય તો તેને શ્રીસંઘનું સંબોધન ન ઘટી શકે. શ્રીમાન્ વિજયધર્મસૂરિ એ વાતથી છેક અજાણ હોય એમ માનવાને કારણ નથી. તેઓ પોતાની પત્રિકામાં એક સ્થળે કહે છે કે શ્રીસંઘ પણ તે દેવદ્રવ્યને કોઈ પણ પ્રસંગે બીજા ક્ષેત્રમાં ન વાપરી શકે. અર્થાત્ તેમની પોતાની માનીનતા પ્રમાણે પણ શ્રીસંઘની સત્તા દેવદ્રવ્યની ઉલટ-પાલટ સ્થિતિ નથી કરી શકતી. તો પછી દેવની ભક્તિ નિમિત્તે બોલાતી આરતી

આદિની બોલીનું દ્રવ્ય દેવદ્રવ્યમાં ન લઇ જતાં સાધારણખાતે લઇ જવાની સત્તા તે શી રીતે વાપરી શકે ? **શ્રી હરિભદ્રસૂરિ** પણ કહે છે કે—

जीणदव्वलेसजणियं ठाणं जीणदव्वभोयणं सव्वं ।
साहूहिं चइयव्वं जइ तंमि वसिज्ज पच्छित्तं ॥

"અલ્પ પણ જીનદ્રવ્યથી બનાવેલું સ્થાન તથા જીનદ્રવ્યથી આવેલું ભોજન એ સર્વનો સાધુએ ત્યાગ કરવો. જો જીનદ્રવ્યથી બનેલા સ્થાનમાં સાધુ નિવાસ કરે તો તેને અવશ્ય પ્રાયશ્ચિત લાગે." અર્થાત્ દેવદ્રવ્યની બાબતમાં સાધુ કે શ્રીસંઘની કોઇની સત્તા મુદ્દલ ચાલતી નથી. સાધારણખાતાની વ્યવસ્થામાં શ્રીસંઘ એટલો બધો નિયમાધીન નથી.

શ્રીસંઘની સત્તા.

પ્રચલિત ભાષામાં કહીએ તો શ્રીસંઘ દેવાદિ ક્ષેત્રોનાં દ્રવ્ય અને તેની આવકના સંબંધમાં એક ટ્રસ્ટી અથવા વ્યવસ્થાપક તરીકેજ કામ કરી શકે. વ્યવસ્થાપક પોતાની ચોક્કસ હદ કે સીમાનું ઉલ્લંઘન કરે તો તેણે પોતાની સત્તાનો સદુપયોગ કર્યો એમ ન કહી શકાય. સાધારણખાતાના સંબંધમાં પણ નિયમો નિર્ધારિત કરવામાં આવ્યા છે પરંતુ તે નિયમો અમુક હદ સુધી સ્વતંત્રતા આપનારા છે. જો કે સાધારણખાતાના વ્યવસ્થાપકો સાત ક્ષેત્રને મુકી એક પગલું આગળ ન વધી શકે તેમજ શ્રી સંઘની રજા વિના તરંગાનુસાર વર્તન પણ ન ચલાવી શકે એમ તો તેજ વખતે જણાવી દેવામાં આવ્યું છે—

साधारणमपि द्रव्यं कल्पते संघसम्मतम्—
श्रीसंघेनाऽपि तद्द्रव्यं सप्तक्षेत्र्यां जीनाज्ञया ॥
व्ययनीयं न देयं तु मार्गणादौ यथा तथा ।

(ઉપદેશસપ્તતી)

साधारणमपि द्रव्यं संघदत्तमेव कल्पते व्यापारयितुं नत्वन्यथा, संघेनाऽपि सप्तक्षेत्रीकार्य एव व्यापार्यं न मार्गणादिभ्यो देयं.

(ધર્મસંગ્રહ).

દેવદ્રવ્યના લક્ષણની સાથે સાધારણદ્રવ્યની ઉપરોક્ત વ્યાખ્યાની તુલના કરવી જોઇએ. અમે તે તુલનામાં ઉતરી આ લેખને લંબાવવા નથી ઇચ્છતા. ઉપદેશસપ્તતી અને ધર્મસંગ્રહના ઉપલા પાઠોપરથી જણાશે કે, સાધારણખાતાનું દ્રવ્યજ શ્રીસંઘે દીધેલું ગણાય છે અને તેજ શ્રાવકાદિને માટે કલ્પી શકે છે. ચૈત્યોદ્ધાર કરાવવાની જરૂર જણાતાં સાધારણખાતાના દ્રવ્યનો વ્યય કરવાની શ્રીસંઘ સત્તા ધરાવી શકે, આપત્તિમાં આવી પડેલા પોતાના સ્વધર્મી બન્ધુઓનો ઉદ્ધાર પણ સાધારણદ્રવ્યની સહાયથી કરી શકાય. પુસ્તકોદ્ધાર જેવાં કાર્યો પણ તેમાંથી કરી શકાય. પરંતુ દેવદ્રવ્યના સંબંધમાં શ્રીસંઘને એવી સ્વતંત્રતા તો બિલ્કુલજ નથી.

ટુંકામાં, દેવદ્રવ્યને માટે શ્રીસંઘ પરિમિત સત્તા ધરાવે છે–આજ્ઞાના પાલન સિવાય બીલકુલ સત્તા નથી ધરાવતો એમ કહીએ તો ચાલી શકે. સાધારણદ્રવ્યમાં શ્રીસંઘની સત્તા પરિમિત નહીં, પણ નિયમાધીન છે. જ્ઞાનદ્રવ્યમાં શ્રીસંઘની સત્તા મધ્યમ પ્રકારની છે. જ્ઞાનદ્રવ્યનો ઉપયોગ મુખ્યત્વે જ્ઞાનમાં અને જરૂરના પ્રસંગે ચૈત્યમાં પણ થઇ શકે. જ્ઞાનદ્રવ્ય ચૈત્યોદ્ધારાદિમાં વાપરી શકે એવી સત્તા સંઘને છે, પણ દેવદ્રવ્યનો ઉપયોગ જ્ઞાનખાતામાં કરવાની સત્તા સંઘ નથી ધરાવતો. જો જ્ઞાનખાતમાં દેવદ્રવ્યનો ઉપયોગ કરવાને શ્રીસંઘ અશક્ત હોય તો પછી તે દ્રવ્ય સાધારણખાતામાં ખર્ચવાને નિતાન્ત અસમર્થ હોય એમ કહેવાની આવશ્યકતા નથી.

અહીં એક નવો તર્ક ઉઠશે. કોઈ કહેશે કે ભલે, શ્રીસંઘને આવેલા દેવદ્રવ્યને અંગે એવી સત્તા કદાચ ન હોય પણ જે આવક હજી આવવાની હોય તેને અંગે પણ શું તે પોતાની સત્તા ન વાપરી શકે? આ પ્રસંગે આવક અને આયાત વચ્ચે શાસ્ત્રકારો તફાવત રાખે છે કે નહીં તે આપણે તપાસવું જોઇએ, શાસ્ત્રકારો **आयाणं जो भंजइ पडिवण्णधणं न देइ देवस्स** ઈત્યાદિ વાક્યો વડે આવકને અંગે પણ આયાત જેવુંજ નુકશાન-પરિણામ બતાવી રહ્યા છે. તો પછી એ તો સિદ્ધજ થયું કે આવી ગયેલી-આયાતને અંગે શ્રીસંઘની સત્તા જેમ ચાલતી નથી તેમ આવકને અંગે પણ નજ ચાલી શકે. આયાત દેવદ્રવ્યની વ્યવસ્થા, રક્ષણ અને વૃદ્ધિને માટે જેમ શ્રીસંઘ જવાબદાર છે તેજ પ્રમાણે જો આવકને અંગે દેવદ્રવ્યનું રક્ષણ અને વૃદ્ધિ ન થાય તો તે માટે શ્રીસંઘ જોખમદાર રહે છે. આયાત અને આવક એ ઉભયના સંબંધમાં રક્ષણ અને વૃદ્ધિનો મુદ્દો એકજ પ્રકારે સચવાવવો જાઇએ. જો એ મુખ્ય મુદ્દો ન સચવાય તો શ્રીસંઘ પોતાની જવાબદારી અને જોખમદારી નથી સમજતો એમજ કહેવું પડે, દેવદ્રવ્યનાં રક્ષણ અને વૃદ્ધિને માટે શ્રીસંઘ તે દ્રવ્ય વ્યાજે પણ ધીરી શકે છે. અને કદાચિત્ વૃદ્ધિના પરિણામ છતે નુકશાન થાય તો પણ શ્રીસંઘને તેથી ડુબવાપણું નથી રહેતું. દર્શનશુદ્ધિ અને દ્રવ્યસપ્તતિકા આદિ શાસ્ત્ર-ગ્રંથો એ વિષે જોઇએ તેટલો પ્રકાશ પાડી શકે છે. તાત્પર્ય એ છે કે દેવદ્રવ્યની વૃદ્ધિ અને રક્ષણ એ સાધ્ય સર્વથા-સર્વદા શ્રીસંઘે સાચવવું જોઇએ. વ્યાજે મૂકવામાં અને જોખમ ખેડવામાં એજ ઉચ્ચ હેતુ સદા દૃષ્ટિપથમાં રહેવા જોઇએ. અમે વિસ્તારભયથી દેવદ્રવ્યની વૃદ્ધિને માટે શ્રીસંઘ કેવા પ્રકારની સત્તા ધરાવે છે તે વિષે મૌનજ રહીએ છીએ.

જમાનાને અનુસરવાની લાલચ.

આજકાલ જમાનાને ઓળખવાની અને તેને અનુસરવાની લાંબી-પહોળી વાતો થાય છે. અમને જમાનાને અનુસરી દેવદ્રવ્યની આવકમાં ફેરફાર કરવાનું પણ સૂચન કરવામાં આવે છે. અમે એ સઘળી દલીલોના ઉત્તરમાં કહીએ છીએ કે દેશ-કાળાનુસાર દ્રવ્ય-ક્ષેત્રાદિ તપાસવા એ અમારૂં કર્તવ્ય છે, તેની સાથે મૂળ મુદ્દો ન માર્યો જાય એ તપાસવું સૌથી વધારે આવશ્યક કર્તવ્ય છે. ઉન્નતિ અથવા પ્રગતિ તેનેજ કહી શકાય કે જે મૂળ વસ્તુને-મૂળ મુદ્દાને-મૂળ આત્માને કાયમ રાખી તેને અધિક ઉન્નત અને સર્વાંગપુષ્ટ બનાવે. આર્યાવર્ત્તની ઉન્નતિ ચાહનારાઓ જો પોતાના તમામ આચાર-વિચાર અને વ્યવહારોમાં પાશ્ચાત્યપણું દાખલ કરીદે અને દેશ-કાળાનુસાર પોતાની પ્રગતિ સાધી લેવાનો ગર્વ સેવે તો તે ખરેખર દયાપાત્રજ ગણાય. જો ઉન્નતિ અથવા પ્રગતિમાં આર્યાવર્તનું આત્મત્વ-આર્યત્વ ન જળવાય તો તે ઉન્નતિ શા કામની? આપણા વ્યવહારો, આપણી નીતિઓ અને આપણી ભાવનાઓની વિશેષતા જો આપણે ન સાચવી શકીએ અને જમાનાની સાથે આંખો મીંચી દોડવા લાગી જઇએ તો તે યથાર્થમાં ઉન્નતિ નહીં પણ એક પ્રકારનો આત્મઘાતજ ગણાય. તેવીજ રીતે શ્રીસંઘ અને શાસનની ઉન્નતિ ચાહનારાઓ જો શાસ્ત્રીય મર્યાદાઓને તોડી નાંખી, મૂળ મુદ્દાને ગુમાવી દઇ, જમાનાને નામે સ્વચ્છંદતા પ્રવર્તાવે તો તે પણ આત્મઘાતક થઈ પડે એમ અમે માનીએ છીએ. શાસ્ત્રોમાં જ્યાં જોઇએ ત્યાં મૂળ મુદ્દાને સંભાળવા, સાચવવા અને રક્ષવા માટેજ દ્રવ્ય-ક્ષેત્રાદિ વિચારવાનું ફરમાન છે. ઉત્સર્ગમાર્ગથી જે પોષણ મળતું હોય તે દેશકાળાનુસાર મળી શકે એમ ન હોય તો તે વખતે પોષણ અને વૃદ્ધિ પ્રાપ્ત કરવા શ્રીસંઘે ચોક્કસ આચરણ કિંવા બંધારણ નક્કી કરવું જોઇએ. દાખલા તરીકે કોઈપણ જીવની હિંસા નહીં કરવારૂપ સં-

યમને જ્યારે એકજ ક્ષેત્રમાં રહેવાથી બાધ આવવા લાગ્યો ત્યારે શાસ્ત્રકારે વિહાર અને નદી ઉતરવારૂપ સાધનો દર્શાવ્યા. આ સ્થિરતા અને વિહાર આદિ સાધનો દ્વારા સંયમની વૃદ્ધિરૂપ ફળ તો અવશ્ય નિપજવુંજ જોઇએ. જો એવું ફળ ન મળે તો એ સાધનો દ્રવ્ય-ક્ષેત્રાનુસાર પોષણ આપવામાં નિષ્ફળજ ગયા સમજવા જોઈએ. વસ્ત્રને રંગવાની અને વાંસના ડાંડાને બદલે બીજી જાતના ડાંડા રાખવાની વિગત રજુ કરી શ્રીમાન્ વિજયધર્મસૂરિ દેશ-કાળાનુસાર ફેરફાર થયાનું સૂચન કરે છે. પરંતુ જો તેઓ વિચારશે તો જણાશે કે મૂળ મુદ્દાનો, કોઇ પણ પરિવર્તનમાં લોપ નથી થયો; અને નજ થવો જોઇએ. પીળાં વસ્ત્રો કરવાને બદલે તદ્દન વસ્ત્રરહિત રહેવાનું કે કફની આદિ ધારણ કરવાનું કહેવાયું હોત તો શું તે ફેરફારને દેશ-કાળાનુસાર વ્યાજબી ગણી શકાત ? જે ફેરફારો સૂચવવામાં આવે તેથી મૂળ પ્રકૃતિને બાધ ન આવવો જોઇએ. સારાંશ એ છે કે દ્રવ્ય-ક્ષેત્રાનુસાર જે અપવાદ સેવવામાં આવે કિંવા કોઇ ચોક્કસ નવીન નિયમ બાંધવામાં આવે તે દ્વારા ઉત્સર્ગ નિયમનું ફળ તો અવશ્ય પરિણમવુંજ જોઇએ. આ કથન કેવળ દેવદ્રવ્યના સંબંધમાંજ લાગુ પડે છે એમ કંઇજ નથી. જમાનાને ઓળખવાની અને અનુસરવાની ધાંધલ મચાવનારા મહાશયોને માટે, ઉક્ત કસોટી સૌથી વિશેષ અગત્ય ધરાવે છે. દેવદ્રવ્ય સંબંધી શ્રીસંઘની સત્તા અને જમાનાની જરૂરીઆત વિષે જે પ્રશ્ન હાલ ચર્ચાઇ રહ્યો છે તેને અંગે સંક્ષિપ્તમાં એટલુંજ કહી શકાય કે દેવદ્રવ્યની વૃદ્ધિ અને રક્ષણરૂપ મુદ્દાને સંમુખ રાખી શ્રીસંઘ જે કાંઇ ફેરફાર જમાનાને અનુસરતો કરે તે સંમાન્ય થઇ શકે. બાકી મૂળ મુદ્દાને ઉડાવી દેવામાં આવે અને જમાનાને અનુસરવાનો અહંકાર અભિવ્યક્ત કરવામાં આવે તો દેખીતી રીતેજ તે અનુચિત છે, એટલુંજ નહીં પણ આત્મઘાત છે.

* * * *

ઉપસંહાર.

અમે આ વિષય એટલા બધા વિસ્તારપૂર્વક-પ્રસંગવશાત્ પુનરૂક્તિઓ પૂર્વક પણ ચર્ચ્યો છે કે પાઠકોની ધૈર્યચ્યુતિ થાય એમાં નવાઇ નથી. આ પત્રિકા લખવાનો અમારો ઉદ્દેશ શ્રીમાન્ વિજયધર્મસૂરિ મહારાજને કેવળ ઉત્તર આપવા પૂરતોજ કંઇ ન હતો અને નથી. તેઓશ્રીને ચર્ચાના એક નાયક અથવા પ્રતિનિધિ સ્વરૂપ માની તેમને સ્થળે સ્થળે સંબોધન કરવામાં આવ્યું છે. મનુષ્યોચિત દુર્બળતાને અંગે પ્રસંગોપાત અમે સીમોલ્લંઘન પણ કરી ગયા હોઇશું. પરંતુ આ પત્રિકાનો ઉપસંહાર કરતી વેળા શ્રીમાન્ વિજયધર્મસૂરિજીને તથા અન્યાન્ય વાચકોને ખાત્રી આપવા માગીએ છીએ કે કોઈને અપમાન પહોંચાડવાનો કે ઉતારી પાડવાનો અમે અમારા આત્મામાં લેશમાત્ર પણ ભાવ નથી રાખ્યો. બની શક્યું ત્યાંસુધી વિવેક અને વિનયની મર્યાદામાં રહી અમે દેવદ્રવ્યની ચર્ચા ઉપર પ્રમાણપુરઃસર પ્રકાશ નાંખ્યો છે. ચર્ચાનું યુદ્ધ જોવા એકઠા થનાર કુતૂહલીઓને તે કદાચ સંતોષ નહીં આપે. પણ અમને તે માટે લાગી નથી આવતું. અમે ઉપરજ કહી ચૂક્યા છીએ કે અમારો ઉદ્દેશ ચર્ચાને અંગે વિખવાદની વૃદ્ધિ કરવાનો નહીં પણ દેવદ્રવ્ય સંબંધી સંગીન વિચારો અને શાસ્ત્રીય પ્રમાણોજ પૂરા પાડવાનો હતો. દેવદ્રવ્ય સંબંધી ઉદ્‌ભવેલા પ્રશ્નો અને ઉદ્‌ભવતી સમસ્યાઓના ઉકેલમાં અમારો એ પામર પ્રયત્ન લોકોપયોગી હો! તથાસ્તુ.

ચર્ચાનું પ્રધાનમૂલ.

न्याये यत्र परःशता मुनिवरा स्वीयां ददुः सम्मतिं,
शास्त्राद्यप्यनुकूलतां हि भजते सत्संप्रदायोऽपि च ।
तस्माज्जैनसमाज निश्चिनु मतं देवार्चनारात्रिका,
द्यादेशार्पणसंभवं स्वमखिलं देवस्वमेवेति तत् ॥ १ ॥

स्वप्नादेशसमर्पणोत्थविभवो नेयो न साधारण-
इत्येवं गदितं स्वहस्तलिखिते पत्रे स्वकीये पुरा ।
भाषन्ते च परेऽधुनात्वितरथा नेयः स साधारण-
इत्येवं क्षणिका हि जल्पविषया चिंत्या परेषां स्थितिः ॥२॥

सूरीश्वरादिविरचितग्रन्थसूचितं शास्त्रेषु पाठं यदि कोऽपि दर्शयेत् ।
याचे तदाऽहं नियतं क्षमामिति श्रीजैनपत्रेण समाजसाक्षिकं ॥ ३ ॥

संगीर्य पाठः समदर्शि सूरिणा प्रामाणिकः श्राद्धविधेर्यदा स्फुटः ।
मौनं तदाधारि परैर्न पालिता स्वीयप्रतिज्ञा बलवान् हि कुग्रहः ॥ ४ ॥

भो भोः जैनाः वादिनं पौर्वपक्षं, हायं हायं पूर्व पूर्व प्रतिज्ञां ।
कारं कारं भिन्न भिन्नप्रतिज्ञां, संप्रेक्षध्वं निग्रहस्थानमाप्तं ॥५॥

अस्माभिः क्रियते विधातुमनघं शास्त्रार्थमाह्वानक-
मागच्छन्तु समृद्धराजनगरे कृत्वा प्रतिज्ञां परे ।
स्वं साधारणवित्तमेव भगवन्नीराजनादेशज-
मित्याद्यं कुमतं वयं निरसितुं शास्त्रादिना तत्परा ॥६॥

ભાવાર્થ—ખંભાતથી દેવદ્રવ્યનો નિર્ણય કેવલ શાસ્ત્રને અનુસારી અને ન્યાયી બહાર પડયો જેમાં વર્તમાનમાં વિચરતા અને સમાજને માનનિય સેંકડો મુનિવરોયે પોતાની સીધી અને આડકતરી સંમતિ પણ આપી ચૂકયા છે, તથા ચાલતી પરંપરા અને શાસ્ત્રો પણ તેનેજ સર્વથા અનુકૂલ છે, તે નિર્ણયમાં આમ ખુલ્લું બતાવ્યું છે કે—"**દેવદ્રવ્યની જે જે આવકો મકાનના ભાડાદ્વારાએ, વ્યાજદ્વારાએ, પૂજા-આરતી-મંગળદીવો વિગેરે વિગેરેના ચઢાવાદ્વારાએ થતી હોય તે તે રસ્તાઓને બંધ કરવાનું ફળ શાસ્ત્રકારો સંસાર પરિભ્રમણ કહે છે.**" વળી બોલીયો શાસ્ત્રવિહિત અને દેવદ્રવ્યની વૃદ્ધિ માટે શાસ્ત્રોમાં બતાવી છે, ને તે બોલીયોનું દ્રવ્ય સાધારણખાતે લઇ જવાય નહીં" એવા શાસ્ત્રકારોના મતને અનુલક્ષી આચાર્ય આદિ મુનિપ્રવરોયે તે નિર્ણય બહાર પાડયો છે, આથી જૈનસમાજે એવા નિર્ણયપર આવવાની જરૂર છે કે-દેવની આરતી-પૂજા આદિની બોલીયોનું દ્રવ્ય દેવદ્રવ્યખાતેજ વાપરી શકાય, પરંતુ સાધારણખાતે વાપરી શકાય નહીં ॥ ૧ ॥

શ્રીમાન્ ધર્મવિજયજી અમુક ગામના સંઘપર પત્ર લખતા સ્વહસ્તે પોતાના પત્રમાં સ્પષ્ટ લખે છે. "લી૦ ધર્મવિજયાદિ + + + સુપન સંબંધી ઘીની ઉપજ સ્વપ્ન બનાવવા પારણું બનાવવું વિગેરેમાં ખરચ કરવો વ્યાજબી છે, બાકીના પૈસા દેવદ્રવ્ય ખાતે લઇ જવાની રીતિ પ્રાયઃ સર્વ ઠેકાણે માલૂમ પડે છે. + + + આજકાલ સાધારણખાતામાં વિશેષ પૈસો ન હોવાથી કેટલાક ગામમાં સ્વપ્ન વિગેરેની ઉપજ સાધારણખાતે લેવાની યોજના કરે છે પરંતુ મારા ધાર્યા પ્રમાણે તે ઠીક નથી." ॥ ૨ ॥

આ પ્રમાણે એક અગ્રગણ્ય ગામના સંઘપર શ્રીમાન્ પત્ર લખી પોતાનો સાથે સાથે ખુલ્લો અભિપ્રાય પ્રગટ કરી અત્યારે

તેથી વિપરીત વાતનો પ્રકાશ કરે છે, આપણને અધિક આશ્ચર્ય એ થાય છે કે શ્રીમાને કાશીમાં **શાસ્ત્રવિશારદ જૈનાચાર્યની** પદવી પ્રાપ્ત કરી અને ત્યારબાદ અમુક વર્ષ પછીજ ઉપરનો પત્ર લખ્યો છે, છતાં હાલમાં એવું કયા નવા શાસ્ત્રોનું અવગાહન કર્યું કે જેના પ્રતાપે પ્રથમ બોલેલું અશુદ્ધ માની નવીન તત્ત્વ-પ્રકાશ કરવાનો શ્રીમાનને સમય હાથ લાગ્યો, આ પરથી અમને ભય રહે છે કે, રખેને અમુક મુદત પછી શ્રીમાન્ પુનઃ આથી પણ ઉલટું તત્ત્વ ન પ્રકાશે, આવી રીતે ક્ષણે ક્ષણે ગમે તે કારણે ગાડાના ચક્રની માફક ફરતા આચાર્યમન્ય શ્રીમાન્‌ના વિચારો પર અમારે દયાજ ખાવી પડે છે.

જ્યારે આચાર્ય આદિ મુનિમંડળે કરેલ નિર્ણય બહાર આવ્યો ત્યારે શ્રીમાને તા૦ ૨૮ મી માર્ચના જૈનપત્રમાં આ પ્રમાણે પ્રતિજ્ઞા જાહેર કરી-"**જો કોઈ પ્રામાણિક ગ્રંથોમાં અગર તેઓએ (આચાર્યાદિકોએ) ગણાવેલ ગ્રંથોમાં તેવો ઉલ્લેખ નીકળે કે આરતી-પૂજાનું ઘી દેવદ્રવ્યમાંજ લઇ જવું બીજા ખાતામાં લઈ જઇ શકાયજ નહીં તો હું માફી માંગું.**" આમ ખુલ્લી માફી માંગવાની પ્રતિજ્ઞા આચાર્ય આદિ જૈનસમાજ સમક્ષ બહાર મુકી હતી. ॥ ૩ ॥

જે પછી આચાર્યાદિકના પક્ષકારોએ પરમપ્રતિષ્ઠિત શ્રાદ્ધવિધિનો પાઠ બતાવ્યો (આ પાઠ આ પત્રિકાના ૩૦ પૃષ્ઠે છે) આચાર્યાદિક જે કહે છે તેજ વાતને સિદ્ધ કરનારો પાઠ બતાવ્યા છતાં શ્રીમાને પોતાની પ્રતિજ્ઞા ન તો પાલી અને ન તો પોતે પકડેલ કદાગ્રહનું પુચ્છ પડતું મુક્યું. ॥ ૪ ॥

શ્રીમાન્‌ના લેખો અને પત્રિકાઓને મધ્યસ્થબુદ્ધિએ અવગાહતા તે લેખોમાં પરસ્પર વિરૂદ્ધ વચનાવલી પ્રમાણશૂન્ય દલીલો અને અર્થવિરહિત વાક્યો શિવાય દરેક વાંચનાર એક પણ શાસ્ત્રીયપ્રમાણ તેમજ દેવદ્રવ્યની આવક ફેરવીને સાધારણ-

ખાતે લઇ શકાય, બોલીયો કલેશનિવારણાર્થે કલ્પેલી છે અને અમુક આચાર્યે અમુક સંયોગોમાં કલ્પી કાઢી હતી, આ વાતને પુરવાર કરનાર એક પણ ઐતિહાસિક પ્રમાણનું દર્શન કરવા ભાગ્યશાળી બનશે નહીં, હા માત્ર ઉપરટપકે દેખનાર કદી શ્રીમાન્‌ના કથન પર મુગ્ધ બને તેમાં અમે ના ન કહી શકીયે, અમને ભારે ખેદ તો એજ થાય છે કે, શ્રીમાન્‌ના પ્રત્યેક લેખમાં પોતાના વચમો રથચક્રની માફક ફરે છે એ શું! પોતે જોઈ શકતા નથી, વાંચનાર સમજી શકે માટે તે ક્ષણિક વચનાવલીને અમે નીચે ઉદ્ધૃત કરીયે છીયે. ॥ ૫ ॥

(પત્રિકા નં. ૧ પા. ૧૦)

"પૂજા-આરતી વિગેરેમાં બોલાતી બોલીનું દ્રવ્ય સાધારણખાતે લઇ જવાની કલ્પના કરવામાં કંઇ શાસ્ત્રીય દોષ પણ જોવામાં આવતો નથી કારણ કે બોલી બોલવાનો રીવાજ અમુક વર્ષો અગાઉ સુવિહિત આચાર્યો અને સંઘે અમુક કારણને લઇને દેશકાલાનુસાર દાખલ કરેલો જોવાય છે * * * આ બોલી બોલવાનો મુખ્ય હેતુ તો કોઇ પણ ધાર્મીક કાર્યોમાં કલેશ ન થાય."

ધર્મવિજયજીએ પોતાના આ વિચારો ઢંઢેરારૂપે પ્રથમ પત્રિકામાં જોરશોરથી પ્રતિપાદન કર્યા છે કે જે સમયે આ ચર્ચાનો જન્મ પણ થયો ન હતો, પ્રથમ પત્રિકામાં શાસ્ત્રવિશારદજીયે "બોલી અશાસ્ત્રીય અને કલેશનિવારણાર્થે સુવિહિત આચાર્યો અને સંઘે દાખલ કરી છે (૧), બોલીયોનું દ્રવ્ય દેવદ્રવ્યખાતે જ લઇ જવું એવું શાસ્ત્રોમાં કશુંયે વિધાન નથી (૨), આથી તે દ્રવ્ય હવે પછી સંઘ સાધારણખાતે લઇ જવા કલ્પના કરે તો તેમાં શાસ્ત્રીય બાધ નથી (૩)." આ ત્રણ મુદ્દા બહુ જોરથી ચર્ચ્યા છે અને અન્તમાં દરેક ગામના સંઘને એ પ્રકારે વલણ લેવા આગ્રહ પણ કર્યો છે જે અમે તેમનાજ શબ્દો આપી

વાંચકોને વિચાર કરવા આગ્રહ કરીયે છીયે. "અન્તમાં દરેક ગામોના સંઘોને એ ભલામણ કરી હું વિરમું છું કે-સમય ઓળખી બોલીયોમાં બોલાતું દ્રવ્ય સાધારણખાતામાં લઈ જવાનો ઠરાવ કરો."

ઉપરના વિષયપર ખંભાતમાં આચાર્યઆદિ મુનિમંડલે પૂરતો વિચાર કર્યો અને છેવટે ભદ્રિકજીવો ભ્રમણાથી દૂર રહે એમ ધારી એક ટુંક શાસ્ત્રાધારે નિર્ણય બહાર પાડયો, આ નિર્ણય બહાર પાડવા પહેલા પરમ માનનિય પૂજ્યપાદ સાગરાનંદસૂરિજીયે શ્રીમાન્ ધર્મવિજયજીની સાથે ખાનગી પત્ર-વ્યવહાર પણ કર્યો પણ તેનું પરિણામ? શૂન્યજ, વખત જતા આચાર્યપક્ષકારોયે શ્રીમાનની માંફી માંગવાની પ્રતિજ્ઞા અવલોકી શ્રીમાનને પ્રથમ 'શ્રાદ્ધવિધિ'નો પાઠ દેખાડયો અને પ્રતિજ્ઞા પાલવાને સૂચના પણ આપી આનું પર્યવસાન પણ મોટા મોંડા જેવડુંજ આવ્યું.

ત્યારબાદ જ્યારે 'હીરપ્રશ્નોત્તર' ગ્રંથ શ્રીમાનના જોવામાં આવ્યો એટલે પ્રથમ પત્રિકાના મુખ્ય મુદ્દામાં ફેરફાર કરી આ પ્રમાણે કહેવા લાગ્યા-"બોલી બોલવી એ સુવિહિત આચરિત નથી." (પત્રિકા નં૦ ૨ પા૦ ૬) શ્રીમાન્ એક વખત બોલીનો રિવાજ સુવિહિત આચાર્યોયે કાઢયો છે, આમ કહે છે અને બીજી વખત એથી ઉલટુંજ કહી નાંખે છે, અમને ખેદ થાય છે કે-જે શાસ્ત્રવિશારદજી સમાજના એક સુધારક તરીકે પ્રયત્ન કરી રહ્યા છે તે સૂરિજી (?) આ પરસ્પર વિરૂદ્ધ નિકળતા વચનો પ્રતિ આવડી મોટી કેમ બેદરકારી કરતા હશે, આ બેદરકારી તેમના સુધારકપણાની કીર્ત્તિને શું ચોટ લગાવનારી નહીં થાય એમ તેઓ માને છે? અસ્તુ, અન્યની ગમે તેવી માન્યતા હોય તેમાં અમારે શું લેવા દેવા,

આચાર્ય પક્ષકારો તરફથી શ્રાદ્ધવિધિનો પાઠ બહાર

આવ્યો એટલે તુરતજ શ્રીમાને પુનઃ પોતાના વિચારો ફેરવ્યા અને બીજી પત્રિકામાં આ પ્રમાણે ઢંઢેરો જાહેર કર્યો-પા૦ ૧૬ "બોલી બોલવાના રિવાજો એ આપણી કલ્પનાના રિવાજો છે, અને તેટલા માટે તેમાં ઉચિત રીતે સમયાનુકૂળ ફેરફાર કરવામાં લગાર માત્ર પણ શાસ્ત્રીય દોષ જણાતો નથી."

બસ, શું કર્યું 'સુવિહિત આચાર્યો' 'ક્લેશનિવારણાર્થે' ઇત્યાદિ ઇત્યાદિ શબ્દો કાઢી નાંખ્યા, વાકયરચના અને મુદ્દો પણ ફેરવી નાંખ્યો, કારણ? કોણ પરસ્પર અનુસંધાન કરી મુદ્દો લક્ષ્યમાં રાખી વાંચે છે, એમજ શ્રીમાન્ સમજ્યા હશે,

જ્યારે ચર્ચા આગલ વધી ચારે બાજુથી **સંબોધપ્રકરણ ધર્મસંગ્રહ** આદિ આદિ ગ્રંથોના પ્રમાણો બહાર આવતા ગયા એટલે શ્રીમાને ત્રિજી પત્રિકામાં વધારે ગાડુ ગબડાવ્યું અને ઓર નવીનજ રૂપ પ્રકાશ્યું. જોઇ લ્યો શાસ્ત્રવિશારદજીના વાક્યો-"બોલી બોલવાનું વિધાન કોઇ પણ આગમમાં પણ ઉપલબ્ધ નથી." અહીં વાચકોયે યાદ રાખવું કે-શ્રીમાન્ પ્રથમ એમ કહી ચુકયા છે કે બોલી બોલવાનો રિવાજ કોઇપણ પ્રમાણિક ગ્રંથોમાં અગર તેઓયે ગણાવેલ ગ્રંથોમાં નિકળે તો * * * જ્યારે ઉપરોક્ત ઘણા ગ્રંથોમાંથી નિકાલી આપ્યું એટલે 'આગમો' અને "ભાષ્યટીકા ચૂર્ણી" આ પ્રમાણે કહેવા લાગ્યા તેમજ "અર્વાચીન ગ્રંથો કે જે ગ્રંથોમાં તેવી હકીકત કદાચિત્ લખાઇ હોય તો તેથી કરીને તે રીવાજ પ્રાચિન કે શાસ્ત્રીય ગણી શકાય નહીં" આમ કહી છેવટે ગ્રંથો નહીં માનવા શ્રીમાન્ હાથ ખંખેરી નાંખી કહે છે-"બોલી બોલવી એ અનાદિકાલથી ચાલ્યો આવતો રિવાજ નથી." (પત્રિકા નં. ૩ પા. ૧૪-૧૫).

અન્તમાં શ્રીમાન્ સ્વપક્ષસિદ્ધિના પ્રમાણો દલીલો અને પૂછેલ પ્રશ્નોના એક પણ શાસ્ત્રાધારે ઉત્તર આપ્યા વગર પેલી 'હિ-

તોપદેશ' વાલી શિયાલ અને સિંહની કથાની માફક પોતાને વિજયવંતા માની શાસ્ત્રાર્થની સૂચના આ પ્રમાણે જાહેર કરી—"પૂજા-આરતી વિગેરે પ્રસંગોમાં બોલી બોલવાનો રિવાજ અમુક વર્ષોથી સંઘે દાખલ કરેલો છે, અને તેટલા માટે તે બોલીઓ દ્વારા હવે પછી ઉત્પન્ન થતું દ્રવ્ય 'સાધારણખાતામાં' લઇ જવાનો સંઘ ઠરાવ કરે તો તે ખુશીથી કરી શકે છે તેમાં શાસ્ત્રીય બાધ નથી." વાંચનાર જોઇ શકશે કે પ્રથમ આપેલા વિચારો અને આ વિચારોમાં કેટલી ભિન્નતા છે તથાપિ શ્રીમાન્ કહે છે કે—"મારા આ વિચારોની વિરૂદ્ધમાં જેઓએ સહીઓ કરી છે * * *" કેટલું મહા મૃષાવાદ! કે સહી કરનારાઓએ તો પ્રથમના વિચારોની વિરૂદ્ધમાં તેજ વખતે સહી કરી હતી અને ત્યાર બાદ ઘણાં લાંબા કાલે આ સૂચના બહાર આવી છતાં આ પ્રમાણે લખવું એ શાસ્ત્રવિશારદજી માટે તો ક્ષમ્ય નજ ગણાય, આ કારણથી પૂજ્યપાદ સાગરાનંદસૂરિજીએ પહેલાનાં વચનો યાદ કરાવી નીચે પ્રમાણે શાસ્ત્રાર્થ સૂચના સ્વીકારી લીધી.

'જો તમો રીતસર પ્રતિજ્ઞાપત્ર પંદર દિવસમાં બહાર પાડો તો બીજા સહી કરનારાના હક્કો કાયમ રાખીને ચાલુ દેવદ્રવ્યની ચર્ચાના સંબંધમાં તમે જણાવેલ શાસ્ત્રાર્થની સૂચના નીચેની સરતે હું સ્વીકારૂં છું'—

"આરતી આદિની બોલી કલેશ નિવારવા માટેજ સંઘે કલ્પેલી છે, બોલી શાસ્ત્રીય નથી, અને તે ઉપજ સાધારણખાતામાં લઈ જઇ શકાય."

આ સ્વીકારપત્ર બહાર આવ્યા પછી શ્રીમાન્ તરફથી આડાઅવળા માર્ગોજ લેવાયા છે અને મુદ્દાને ડોલી મારવા અગડંબગડં શિવાય કંઇ પણ થયું નથી, બસ, આ પ્રમાણે શ્રીમાન્‌ના સમય સમય પર ફરતા વચનો, આશયો અને મુદ્દાઓને ધ્યાનમાં રાખી સમાજ પોતેજ વિચારી લેશે કે ચર્ચા ઉત્પન્ન

કરનાર ચર્ચા અને શાસ્ત્રાર્થ કરવાના માર્ગે આવવા પ્રયત્ન કરે છે કે કંઇ સમાજને નવીન પરિચય કરાવે છે??, આથી જૈનસમાજે વસ્તુસ્થિતિ અવલોકી સુંદર અને અબાધ્યમાર્ગ ગ્રહણ કરી જીનાજ્ઞાપાલન તરફ પોતાની પ્રવૃત્તિ રાખશે તો સમાજ પોતાની ઉન્નતિના પગલે પોહોંચવા ભાગ્યશાળી થશે.

ॐ शान्तिम् ।

સમાપ્ત.